દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 252 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ આશ્વિન વદ - ૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 23 October 2024, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૨૩ ઑક્ટોબર ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭ ૮
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# શેરબજાર કડડડભૂસઃ ચાંદી ₹ એક લાખને પાર

## રોકાણકારોએ ₹ ૯.૧૯ લાખ કરોડ ગુમાવ્યાં

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એકતરફ શેરબજારમાં મંદીવાળાઓએ હલ્લો બોલાવીને લગભગ હજાર પોઇન્ટના કડાકા સાથે હાહાકાર મચાવ્યો છે અને રોકાણકારોની સંપત્તિમાંથી રૂ. ૯.૧૯ લાખ કરોડનું ધોવાણ થઇ ગયું છે, ત્યારે બીજી તરફ સોનાચાંદી બજારમાં સતત આગેકૂચ ચાલુ રહી છે. શેરબજારમાં ઊંચા વેલ્યુએશન અને એફઆઇઆઇની વેચવાલીને કારણે બેન્ચમાર્ક ઝડપીગતિએ નીચે આવી રહ્યો છે ત્યારે ખાસ કરીને ચાંદીની ચમકમાં જોરદાર વધારો જોવા મળ્યો છે.

સ્થાનિક ઝવેરી બજારમાં સોનું રૂ. ૭૮,૨૫૦ સુધી પહોંચ્યું છે અને ચાંદી રૂ. ૯૮,૫૦૦ની નજીક પહોંચી છે. જ્યારે દેશના પાટનગરના સર્રાફા બજારમાં સોનું રૂ. ૩૫૦ના ઉછાળા સાથે રૂ. ૮૧,૦૦૦ પ્રતિ દસ ગ્રામની સપાટીએ પહોંચ્યું છે અને ચાંદી કિલોદીઠ રૂ. ૧૫૦૦ના ઉછાળા સાથે રૂપિયા એક લાખનો આંક વટાવી રૂ. ૧.૦૧ લાખ પ્રતિ કિલો બોલાઇ છે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારોની એકધારી વેચવાલી અને આંતરરાષ્ટ્રીય ઇક્વિટી બજારોના નરમ હવામાન વચ્ચે સેન્સેક્સ અને નિફ્ટીમાં એક ટકાથી મોટો કડાકો નોંધાયો હતો. હ્યુન્ડાઇ મોટરના દેશના સૌથી મોટા આઇપીઓના ધબડકા તેમ જ કોર્પોરેટ ક્ષેત્રના નબળા નાણાકીય પરિણામોને કારણે પણ બજારના સેન્ટિમેન્ટને ધક્કો પહોંચ્યો હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

અમેરિકન ટ્રેઝરી બિલની યિલ્ડના વધારા સાથે સ્થાનિક સ્તરે ઊંચા વેલ્યુએશન્સ અને તેજી માટે કોઇ નવા ટ્રીગર ના અભાવને કારણે બજાર ગબડ્યું હતું. સેન્સેક્સ ૯૩૦.૫૫ પોઈન્ટ અથવા ૧.૧૫ ટકાના કડાકા સાથે ૮૦,૨૨૦.૭૨ પોઇન્ટની સપાટી પર અને નિફ્ટી ૩૦૯ પોઈન્ટ અથવા ૧.૨૫ ટકા ઘટીને ૨૪,૪૭૨.૧૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

ટૂંકા સમયગાળામાં કોર્પોરેટ સેક્ટરના સપ્ટેમ્બર ક્વાર્ટરનાં પરિણામોની સિઝનને કારણે બજાર સતત શેરલક્ષી કામકાજ સાથે કોન્સોલિડેશન મોડમાં રહેવાની ધારણા છે, પરંતુ બેન્કિંગ અને ફાઇનાન્શિયલ સ્પેસમાંથી ટેકો મળી શકે છે. અમેરિકાની ચૂંટણી પહેલા ભૌગોલિક રાજકીય તણાવ અને સોનાના ભાવમાં હિલચાલ પર પણ નજર રાખવામાં આવશે, એમ નિષ્ણાતોએ જણાવ્યું હતું. બજારનું ફોકસ કૃષિ ક્ષેત્ર, પાવર, ડિજિટલ, ઇન્ફ્રા અને એફએમસીજી જેવા સેક્ટર પર રહેવાની ધારણાં છે.

વિદેશી ફંડોએ ઓક્ટોબરમાં દસ અબજ ડોલરના શેર ઠાલવીને એક નવો વિક્રમી આંકડો સ્થાપ્યો છે. ઑક્ટોબરના તમામ દિવસોમાં વિદેશી સંસ્થાકીય ફંડ (એફઆઇઆઇ) ચોખ્ખા વેચાણકર્તા રહ્યા હતા, જેમણે કેશ સેગમેન્ટમાં રૂ. ૮૧,૦૦૦ કરોડથી વધુના શેરનું વેચાણ કર્યું હતું, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ સમાન ગાળામાં રૂ. ૭૫,૦૦૦ કરોડથી વધુના શેરની ખરીદી કરી હતી.

બજાર માટે મોટાભાગના અસરકર્તા પરિબળો ડિસ્કાઉન્ટ થઇ ગયા છે, પછી તે ઇઝરાયલ અને ઇરાનના અણુ યુદ્ધનો ભય હોય કે વિશ્વના સેન્ટ્રલ બેન્કોના સ્ટાન્સ અને નીતિ નિર્ણયો અથવા ક્રૂડ ઓઇલ સંદર્ભે ઓપેક દેશના નિર્ણયો! અલબત્ત કોઇ નવી અને મોટી ઘટના બનશે તો તેની અસર અવશ્ય વર્તાશે પરંતુ અત્યારે તો સટોડિયાઓએ તમામ સંભાવના સ્વીકારી લીધી હોય એવું લાગે છે. બજારનાં સાધનો અનુસાર અમેરિકન બજારો નવી વિક્રમ ઊંચી સપાટી બનાવી રહ્યા છે ત્યારે વૈશ્વિક શેરબજારની તેજી અકબંધ જોવા મળી રહી છે. ક્રૂડ ઓઇલમાં સતત ઘટાડો અને યુએસ બોન્ડમાં સ્થિરતા પશ્ચિમ એશિયાઇ દેશોમાં લાંબા સમયથી ચાલી રહેલા યુદ્ધને કારણે તણાવગ્રસ્ત પરિસ્થિતિ હોવા છતાં શેરબજારે સ્થિતિસ્થાપકતા જાળવી છે. ■

## હ્યુન્ડાઈનો ફ્લોપ શોઃ આ પહેલા છ સૌથી મોટા આઇપીઓએ પણ રડાવ્યા

### ઈતિહાસના સૌથી મોટા આઈપીઓમાં રોકાણકારોને ભારે નિરાશા

નિલેશ વાઘેલા

મુંબઈઃ પ્રાઇમરી માર્કેટના ઇતિહાસના સૌથી મોટા હ્યુન્ડાઈ ઈન્ડિયાના આઇપીઓએ ડિસ્કાઉન્ટ લિસ્ટિંગ સાથે બજારમાં પ્રવેશ કરીને લાખો રોકાણકારોને નિરાશ કર્યા છે. અલબત્ત આ બાબતની આશંકા પહેલેથી હતી, પરંતુ એવી અપેક્ષા સેવાઇ રહી હતી કે ટોચના બ્રોકિંગ હાઉસ સંકળાયેલા હોવાથી આઇપીઓને ઉગારી લેવામાં આવશે, પરંતુ એવું તો ન થયું, ઉલટાનું સત્ર દરમિયાન તે વધુ ગબડ્યો.

જોકે હકીકત એ પણ છે કે, આ સૌથી મોટા આઇપીઓએ અગાઉ, તેમના સમયના સૌથી મોટા જાહેર ભરણાંના નકારાત્મક માર્ગને અનુસરીને રોકાણકારોને નિરાશ કર્યા હતા. વાસ્તવમાં, હ્યુન્ડાઈના પહેલા સાત સૌથી મોટા આઇપીઓમાંથી, માત્ર એક, કોલ ઈન્ડિયાએ લિસ્ટિંગના દિવસે રોકાણકારો માટે નફો બતાવ્યો હતો. નોંધવું રહ્યું કે આ અગાઉ એલઆઇસી, પેટીએમ, જીઆઇસી, એસબીઆઇ કાર્ડસ, રિલાયન્સ પાવર અને ધ ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ જેવા અન્ય તમામ મોટા આઇપીઓએ પણ નુકસાન નોંધાવ્યું હતું.

હ્યુન્ડાઈ ઈન્ડિયાનો આઇપીઓ બહુવિધ બ્રોકરેજના ઊંચા રેટિંગ છતાં ૧.૫ ટકાના ડિસ્કાઉન્ટ સાથે લોન્ચ થયો હતો અને પ્રારંભિક ટ્રેડ દરમિયાન જ શેરમાં છ ટકા સુધીનો કડાકો નોંધાયો હતો. જો કે પાછળથી તેમાં અમુક અંશે સુધારો જોવા મળ્યો, જે ટક્યો નહીં અને અંતે તે છ ટકા નીચી સપાટીએ જ ગોઠવાયો!

નોંધનીય છે કે અગાઉના મોટા આઇપીઓ જેમ કે પેટીએમ અને એલઆઇસીને પણ આવી જ શરૂઆતનો સામનો કરવો પડ્યો હતો. બજારના સાધનો અનુસાર આ જાહેર ભરણાંનું અત્યંત મોટું કદ અને ઊંચા મૂલ્યાંકન તેના ગબડવા પાછળના મુખ્ય પરિબળો હતા.

બજારને અચરજ એ વાતનું છે કે નોમુરા, મેક્વેરી અને મોતીલાલ ઓસ્વાલ જેવા ત્રણ ટોચના બ્રોકરેજ હાઉસ તરફથી પહેલા દિવસે જ બાય રેટિંગ્સ સાથે સ્ટોક પર કવરેજ શરૂ કરવા છતાં, હ્યુન્ડાઈ ઈન્ડિયાના શેરો ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયો અને તેની ઈશ્યૂ કિંમત સામે છ ટકા સુધી ગબડી ગયો.

બજારના સૂત્રોએ જણાવ્યું હતું કે, રૂ. ૨૭,૮૫૬ કરોડનો હ્યુન્ડાઇ આઇપીઓ ભારતમાં અત્યાર સુધીનો સૌથી મોટો જાહેર ઇશ્યૂ છે. પેટીએમના આઇપીઓનું મૂલ્ય રૂ. ૧૮,૩૦૦ કરોડ હતું, આ શેર નવેમ્બર ૨૦૨૧માં લિસ્ટ થયો ત્યારે પહેલા દિવસને અંતે તેમાં ૨૭.૨૫ ટકાનો કડાકો નોંધાયો હતો અને રોકાણકારો ધોવાઇ ગયા હતા.

આ પછી મે ૨૦૨૨માં એલઆઇસીનો રૂ. ૨૦,૫૫૭ કરોડનો આઇપીઓ આવ્યો, હ્યુન્ડાઇએ બજારમાં પ્રવેશ કર્યો તે પહેલાંનો આ સૌથી મોટો આઇપીઓ પણ બજાર પ્રવેશ વખતે લગભગ આઠેક ટકાની સાથે બંધ થયો હતો.

હ્યુન્ડાઇ સાથે ઇતિહાસનું પુનરાવર્તન કેમ થયું? આ સવાલના જવાબમાં માર્કેટ એક્સપર્ટસ એવા કારણો જણાવે છે, એક નોંધપાત્ર પરિબળ આઇપીઓનું મોટું કદ છે, બજારમાં ઊંચા ફ્લોટિંગ સ્ટોક્સને પરિણામે શેરના પુરવઠામાં વધારો થાય છે, જે શેરના ભાવને નકારાત્મક અસર કરી શકે છે. ■



પૂરઃ આંધ્ર પ્રદેશના અનંતપુર જિલ્લામાં ભારે વરસાદને પગલે પાન્ડામેરુ નદી છલકાઈ ગયા બાદ પાણી ભરાયેલા વિસ્તારનું દૃશ્ય. (એજન્સી)

## દેશમાં સોનાના ભાવ સમાન રાખવા હિલચાલ

નવી દિલ્હીઃ ઓલ ઈન્ડિયા જેમ એન્ડ જ્વેલરી ડોમેસ્ટિક કાઉન્સિલ (જીજેસી) એ મંગળવારે જાહેરાત કરી કે તે 'વન નેશન વન ગોલ્ડ રેટ' લાગુ કરવા માટે કામ કરી રહી છે, જેનો ઉદ્દેશ્ય સ્થાનિક સોનાના ભાવને પ્રમાણિત કરવાનો છે જે હાલમાં દેશના વિવિધ પ્રદેશોમાં બદલાય છે. જીજેસીના સચિવ મિતેશ ધોરડાએ ૨૨ ઓક્ટોબરથી ૯ ડિસેમ્બર સુધી ચાલનારા વાર્ષિક ગોલ્ડ ફેસ્ટિવલ 'લકી લક્ષ્મી'ના લોન્ચ પ્રસંગે કહ્યું હતું કે અમે ઇચ્છીએ છીએ કે આખા દેશમાં એક જ કિમત લાગુ થાય. કાઉન્સિલે તેના સભ્યો સાથે પહેલેથી જ ૫૦થી વધુ બેઠકો કરી છે. આ યોજના માટે ૮,૦૦૦થી વધુ જ્વેલર્સને એક સાથે લાવવામાં સફળ રહ્યા છે.

જોકે સરકારને એક પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે. જીજેસી વર્તમાનમાં ઉદ્યોગના હિતધારકોને સમજાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. ધોરડાએ જણાવ્યું હતું કે, અમે અમારા સભ્યોને વ્હોટ્સએપ બ્રોડકાસ્ટ ગ્રુપ્સ મારફતે પહેલેથી જ ભલામણ કરેલ દર પ્રદાન કરી રહ્યા છીએ. અમારું લક્ષ્ય ઓછામાં ઓછા ૪-૫ લાખ જ્વેલર્સ સુધી પહોંચવાનું છે. તેમણે ઉમેર્યું હતું કે ગુજરાતમાં અમલીકરણ ખાસ કરીને પડકારજનક રહ્યું છે.

રિટેલર્સ અને ઉત્પાદકો સહિત ૩,૫૦૦ સભ્યો સાથે ૨૦૦૫માં સ્થપાયેલ જીજેસી છ મહિનામાં પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાની આશા રાખે છે. કાઉન્સિલ તેના ૪,૨૦૦ સંલગ્ન એસોસિયેશનો સાથે ચેઇન સ્ટોર્સ અને વ્યક્તિગત જ્વેલર્સ બંને સાથે જોડાઇ રહી છે.

દરમિયાન લકી લક્ષ્મી ફેસ્ટિવલમાં ૧,૫૦૦ રિટેલર્સ અને ૮-૯ ચેઇન સ્ટોર્સની ભાગીદારી જોવા મળશે જેમાં ૧૦ કરોડ રૂપિયાનાં ઇનામો ઓફર કરવામાં આવશે. તહેવારની સિઝન દરમિયાન ગોલ્ડ પર ૨૫,૦૦૦ રૂપિયાથી વધુ ખર્ચ કરનારા ગ્રાહકોને નિશ્ચિત પુરસ્કારો આપવામાં આવશે. બોલીવૂડ અભિનેત્રી મુગ્ધા ગોડસે વરિષ્ઠ જીજેસી સભ્યો સાથે લોન્ચ ઈવેન્ટમાં હાજરી આપી હતી.■



સ્વાગતઃ ૧૬મી બ્રિક્સ શિખર પરિષદમાં ભાગ લેવા મંગળવારે રશિયાના કઝાન પહોંચેલા ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત કરાયું હતું. હૉટલ પર પહોંચેલા મોદીનું ભારતીય સમુદાયના લોકોએ પણ સ્વાગત કર્યું હતું. (એજન્સી)

## મુંબઈ, અમદાવાદ સહિતની વધુ 30 ફલાઈટને બૉમ્બની ધમકી

નવી દિલ્હી : સોમવારે રાત્રે ભારતીય એરલાઈન્સ દ્વારા સંચાલિત ૩૦ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટને બૉમ્બ મૂકવાની ધમકી મળી હતી. ઈન્ડિગોની ૬ઈ ૮૩ (દિલ્હીથી દમણ), ૬ઈ ૧૮ (ઈસ્તનબુલથી મુંબઈ), ૬ઈ ૧૨ (ઈસ્તનબુલથી દિલ્હી), ૬ઈ ૧૬૪ (મેંગલુરુથી મુંબઈ), છઈ ૭૫ (અમદાવાદથી જેદ્દાહ), ૬ઈ ૧૧૮ (લખનઊથી પુણે) અને છઈ ૧૧૮ (લખનઊથી પુણે) બૉમ્બ મૂકવાની ધમકી મળી હતી.જેદ્દા જઈ રહેલી ઈન્ડિગોની ત્રણ ફ્લાઈટને સઉદી અરેબિયા અને કતારમાં વાળવામાં આવી હતી. ઈન્ડિગો, એર ઈન્ડિયા અને વિસ્તારાની ફ્લાઈટોને બૉમ્બ મૂકવાની ધમકી મળી હતી.

એક અઠવાડિયાથી વધારે સમયમાં ૧૨૦થી વધારે ફ્લાઈટને બૉમ્બ મૂકવાની ધમકી મળી છે. ઈન્ડિગોની દસ ફ્લાઈટને સુરક્ષાને સંબંધિત ધમકી મળી હતી અને ઉતારુઓને સહીસલામત નીચે ઉતારવામાં આવ્યા હતા, એવી માહિતી આ એરલાઈનના પ્રવકતાએ આપી હતી. ■

## રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવા મધ્યસ્થી કરવા મોદીની ઑફર

કઝાનઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથેની મુલાકાત દરમિયાન રશિયા-યુક્રેન યુદ્ધનો શાંતિપૂર્ણ રીતે અંત લાવવા મધ્યસ્થી કરવા અને એ માટે સંભવિત તમામ સહકાર આપવાની મંગળવારે ઑફર કરી હતી.

બ્રિક્સની ૧૬મી પરિષદમાં હાજરી આપવા મધ્ય રશિયાના કઝાન શહેરમાં પહોંચ્યાના ગણતરીના કલાકોમાં જ મોદીએ પુતિન સાથે દ્વિપક્ષી મંત્રણા યોજી હતી.

રશિયા અને યુક્રેન યુદ્ધનો શાંતિપૂર્ણ રીતે અંત આવે તેમ જ એ વિસ્તારમાં શાંતિ અને સ્થિરતા સ્થપાય તે માટે ભારત શક્ય તમામ સહકાર આપશે એવો સંદેશો મોદીએ આપ્યો હતો.

છેલ્લા ત્રણ મહિનામાં રશિયાની બીજી મુલાકાત બંને દેશ વચ્ચેના નિકટના સંબંધ, સહકાર અને ઘેરા વિશ્વાસના સંકેત આપે છે, એમ તેમણે કહ્યું હતું.

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને મામલે અમે સતત એકમેકના સંપર્કમાં છીએ અને અગાઉ મેં કહ્યું હતું તે મુજબ આ સમસ્યાનો શાંતિપૂર્ણ વાટાઘાટ મારફતે ઉકેલ લાવવો જોઈએ.

આ વિસ્તારમાં શાંતિ અને સ્થિરતા સ્થપાય તે માટેના તમામ પ્રયાસોને ભારતનો સંપૂર્ણ ટેકો છે અને એ માટે ભારત તમામ પ્રકારનો સહકાર આપવા તૈયાર છે, એમ તેમણે કહ્યું હતું.

આ તમામ મુદ્દે ચર્ચા કરવાની આપણી પાસે તક છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે અગાઉની વાર્ષિક શિખર પરિષદ વિવિધ ક્ષેત્રમાં બંને દેશ વચ્ચેના સંબંધની વધુ મજબૂતીનું કારણ બની હતી.

બ્રિક્સનું પ્રમુખપદ સફળતાપૂર્વક સંભાળવા બદલ મોદીએ પુતિનને અભિનંદન આપ્યા હતા અને કહ્યું હતું કે અનેક દેશો આ ગ્રૂપમાં જોડાવા માગે છે.વૈશ્વિક વિકાસના એજન્ડા સંબંધિત વિવિધ મુદ્દે ચર્ચા કરવાનાં મહત્ત્વના મંચ તરીકે ઊભરી આવેલા બ્રિક્સના દેશો સાથેના નિકટના સંબંધોને ભારત મૂલ્યવાન માને છે. (એજન્સી)

## બંગાળ અને ઓડિશામાં આજથી બે દિવસ વાવાઝોડાની ભીતિ

ભુવનેશ્વરઃ ઓડિશા અને પશ્ચિમ બંગાળ પર બુધવાર અને ગુરુવારે વાવાઝોડું ત્રાટકવાનો ભય છે. ઓડિશા સરકારે વાવાઝોડાની શક્યતાને ધ્યાનમાં રાખીને અસરગ્રસ્તોનું સ્થળાંતર કરવા ૮૦૦ રાહત શેલ્ટર શરૂ કર્યાં છે.

ઓડિશામાં શાકભાજી સહિત જીવનાવશ્યક ચીજોના ભાવમાં અસાધારણ વધારો થયેલો જોવા મળી રહ્યો છે.

હવામાન ખાતાના જણાવ્યા અનુસાર બંગાળના અખાતમાં મંગળવારે સવારે નિર્માણ પામેલો હવાનાં તીવ્ર દબાણના પટ્ટો પૂર્વ કિનારા વિસ્તાર તરફ આગળ વધ્યો હતો અને તે વિનાશક વાવાઝોડાંમાં પરિણમે એવી શક્યતા છે.

વાવાઝોડાંની આગાહીને ધ્યાનમાં રાખીને ઓડિશા સરકારે તમામ સરકારી કર્મચારીઓની ૨૩થી પચીસ ઑક્ટોબર સુધીની રજા રદ કરી દીધી છે.

૨૪ ઑક્ટોબરની રાત અને પચીસ ઑક્ટોબરની સવાર દરમિયાન આ વાવાઝોડું ૧૦૦થી ૧૧૦ કિ.મી. પ્રતિકલાકની ઝડપે પૂર્વ ઓડિશા અને પ. બંગાળના કિનારા વિસ્તારમાં પૂરી અને સાગર ટાપુને ઓળંગશે. આ દરમિયાન એ વિસ્તારમાં ૧૨૦ માઈલ પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાશે.

વાવાઝોડાંની અસરને કારણે ઓડિશા અને પ. બંગાળના કિનારા વિસ્તારમાં પવન સાથે ભારે વરસાદ પડશે.

વાવાઝોડાંને કારણે નિર્માણ પામનારી પડકારજનક સ્થિતિને પહોંચી વળવા સંબંધિત તમામ વિભાગને સજ્જ રહેવાનો આદેશ આપી દેવામાં આવ્યો છે.

ઓડિશાના મહેસૂલ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ખાતાના પ્રધાન સુરેશ પૂજારીએ મંગળવારે અસરગ્રસ્તોને ખસેડવા તૈયાર કરવામાં આવેલાં ૮૦૦ રાહત કેન્દ્રોમાંથી ૨૫૦ જેટલા રાહત કેન્દ્રોની મુલાકાત લીધી હતી.

૮૦૦ રાહત કેન્દ્રો ઉપરાંત વધુ ૫૦૦ જેટલા કામચલાઉ રાહત કેન્દ્રો પણ ઊભાં કરવામાં આવ્યાં હોવાનું તેમણે કહ્યું હતું.

અસરગ્રસ્તોને સુરક્ષિત સ્થળે ખસેડવા સ્કૂલો અને કૉલેજોની ઈમારતો પણ ખાલી કરીને તૈયાર રાખવામાં આવી છે.

પંદર દિવસમાં જેની સૂવાવડ થવાની હોય તેવી ગર્ભવતી મહિલાઓની યાદી તૈયાર કરી તેમને નજીકની હૉસ્પિટલમાં ખસેડવામાં આવી છે. નવ જિલ્લામાં રેડ એલર્ટ તો અમુક જિલ્લાઓમાં ઑરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યો છે. સર્ચ ઑપરેશન માટે હૅલિકોપ્ટરોને પણ સજ્જ રખાયાં છે.

વાવાઝોડાના પડકારને પહોંચી વળવા તટરક્ષક દળને પણ સતર્ક રખાયું છે તેમ જ એનડીઆરએફની નવ ટુકડીઓ પણ તૈયાર રાખવામાં આવી છે અને માછીમારોને સમુદ્રથી દૂર રહેવાની ચેતવણી પણ આપી દેવામાં આવી છે. (એજન્સી) ■

## તૃણમૂલના સાંસદે કાચની બાટલી તોડીને ભાજપના નેતાને મારી

નવી દિલ્હી : તૃણમૂલ કૉંગ્રેસ (ટીએમસી)ના સંસદસભ્ય કલ્યાણ બેનર્જીને વકફ ખરડા પરની સંસદીય સમિતિમાથી એક દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

કલ્યાણે મંગળવારે બેઠક દરમિયાન કાચની બોટલ તોડીને અધ્યક્ષ પર ફેંકી હતી, એવી માહિતી સૂત્રોએ આપી હતી.

કલ્યણને વકફ (સુધારા) ખરડાની સંયુકત સંદીય સમિતિની બેઠકમાં કલકત્તાની વડી અદાલતના ભૂતપૂર્વ જજ અભિજિત ગંગોપાધ્યાય સાથે ઉગ્ર બોલાચાલી થતાં કલ્યાણે સમિતિના અધ્યક્ષ જદદંબિકા પાલ તરફ બોટલ ફેંકી હતી. આમ કરતી વખતે કલ્યાણ અંગુઠો અને ટચુકડી આંગળીમાં ઈજા થઈ હતી અને તેમને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ મૂકેલા કલ્યાણને એક દિવસ સસ્પેન્ડ કરવાના ઠરાવને સમિતિએ ૯-૮ મતથી બહાલ કર્યો હતો.

બેઠક પતી બાદ કલ્યાણે પત્રકારો સાથે વાતચીત કરવાનો ઈનકાર કર્યો હતો. અગાઉ પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેમણે એઆઈએમઆઈએમના વડ અસરુદ્દીન ઓવૈસી અને આપના નેતા સંજય સિંહ મિટિંગ રૂમમાં લઈ જતા દેખાયા હતા.

ઓડિશાની બે સંસ્થાઓ જેમાં નિવૃત્ત જજ અને વકીલોનો સમાવેશ થાય છે તેમના મંડતવ્યો સમિતિ સાંભળી રહી હતી.

વિરોધ પક્ષના સભ્યોએ આ બિલમાં તેમની હિસ્સેદારીને પડકારી હતી. (એજન્સી) ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

**એકસ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# વધારે બાળકોની જવાબદારી ચંદ્રાબાબુ-સ્ટાલિન લેશે?

**ભારતમાં** રાજકારણીઓ ક્યારે કઈ રીતે વર્તે એ નક્કી નહીં ને તેનું તાજું ઉદાહરણ આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ અને તમિલનાડુના મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિનનું વસતી વધારાને મામલે વલણ છે. ભારતમાં વધતી જતી વસતી મોટી સમસ્યા છે અને વરસોથી વસતી વધારો કઈ રીતે રોકવા તેના વિશે ચર્ચા ચાલે છે ત્યારે સ્ટાલિન અને ચંદ્રાબાબુ બંનેએ લોકોને વધુ બાળકો પેદા કરવાની અપીલ કરી છે.

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ રવિવારે કહ્યું હતું કે, આંધ્ર પ્રદેશની સરકાર એવો કાયદો લાવવાની છે કે જેમાં બે કરતાં વધુ બાળકો ધરાવતા લોકો જ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી લડી શકશે. ચંદ્રાબાબુએ નવદંપતીઓને વધારે બાળકો પેદા કરવાની અપીલ કરતાં કહ્યું કે, આંધ્ર પ્રદેશના ઘણા જિલ્લાઓ એવા છે જ્યાં ગામડાંમાં માત્ર વૃદ્ધો જ રહે છે અને તેમની સારસંભાળ લેનાર કોઈ નથી તેથી વૃદ્ધાવસ્થામાં સાચવી શકે એ માટે વધારે બાળકો પેદા કરવાં જોઈએ.

તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને તો એક કદમ આગળ વધીને કહ્યું કે હવે સમય આવી ગયો છે કે નવવિવાહિત યુગલો ૧૬ બાળકો પેદા કરે. અગાઉ વડીલો નવપરિણીત યુગલોને ૧૬ પ્રકારની સંપત્તિ પ્રાપ્ત કરવાના આશીર્વાદ આપતા હતા. હવે ૧૬ પ્રકારની સંપત્તિને બદલે ૧૬ બાળકો પેદા કરવાનો સમય આવી ગયો છે. ચેન્નાઈમાં હિન્દુ ધાર્મિક અને એન્ડોવમેન્ટ બોર્ડ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં સ્ટાલિનની હાજરીમાં ૩૧ યુગલોએ લગ્ન કર્યાં ત્યારે સ્ટાલિને આ સલાહ આપી હતી.

ચંદ્રાબાબુ અને સ્ટાલિનની સલાહે સૌને ચોંકાવી દીધા છે કેમ કે ભારત દુનિયાનો સૌથી વધારે વસતી ધરાવતો દેશ છે અને તેના કારણે ભારતમાં ઘણી બધી સમસ્યાઓ છે. યુનાઈટેડ નેશન્સ (UN)ની આરોગ્ય એજન્સી યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA)એ એપ્રિલ ૨૦૨૪માં જાહેર કરેલા રિપોર્ટમાં દાવો કર્યો હતો કે, છેલ્લાં ૭૭ વર્ષમાં ભારતની વસતિ બમણી થઈને ૧૪૪.૧૭ કરોડ પર પહોંચી છે. ભારતમાં વસતી વધારાના દરને જોતાં ૨૦૩૬માં ભારતની વસતિ ૧૫૨.૨ કરોડ સુધી પહોંચી શકે છે. આ રિપોર્ટ પ્રમાણે, ભારતની કુલ વસતિના ૨૪ ટકા લોકો ૦-૧૪ વર્ષની વયના છે જ્યારે ૧૫-૬૪ વર્ષની વયના લોકોનું પ્રમાણ ૬૪ ટકા છે.

ચંદ્રાબાબુ અને સ્ટાલિને લોકોને વધારે બાળકો પેદા કરવાની સલાહ આપી તેનું કારણ ભારતમાં યુવાઓનું ઘટી રહેલું પ્રમાણ છે. યૂથ ઈન ઈન્ડિયા-૨૦૨૨ રિપોર્ટ પ્રમાણે, ભારત વૃદ્ધ થઈ રહ્યું છે અને યુવાનોની વસતિ ઘટી રહી છે. ૨૦૩૬ સુધીમાં દેશની વસતીમાં માત્ર ૩૪.૫૫ કરોડ વસતિ જ યુવાનોની હશે. હાલમાં દેશમાં ૧૫ થી ૨૫ વર્ષની વચ્ચે ૨૫ કરોડ યુવાનો છે જ્યારે ૨૫થી ૪૦ વર્ષનાં લોકોની સંખ્યા ૩૭ કરોડ છે.

મતલબ કે, હાલમાં ૪૭ ટકા કરતાં વધુ લોકો યુવાન છે પણ આગામી ૧૫ વર્ષમાં યુવાનોની વસતી ઝડપથી ઘટશે અને ૨૦૩૬ સુધીમાં, દેશની ૧૨ ટકાથી વધુ વસતિ વૃદ્ધોની હશે. યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA)ના ઈન્ડિયા એજિંગ રિપોર્ટ ૨૦૨૩ અનુસાર, ૨૦૧૧માં ભારતમાં યુવા વસતિની સરેરાશ ઉંમર ૨૪ વર્ષ હતી પણ હવે ૨૯ વર્ષ થઈ ગઈ છે.

ભારતમાં વૃદ્ધોની વસતિ ૨૦૩૬ સુધીમાં ૧૨.૫ ટકા, ૨૦૫૦ સુધીમાં ૧૯.૪ ટકા અને સદીના અંત સુધીમાં ૩૬ ટકા થઈ જશે. આ કારણે ભારતને વધારે પ્રમાણમાં યુવા વસતીની જરૂર છે. કોઈ પણ દેશમાં યુવાનોના પ્રમાણમાં વૃદ્ધો વધારે હોય તો તેનું અર્થતંત્ર ખોડંગાવા માંડે ને ભારતમાં પણ ધીરે ધીરે એ સ્થિતિ આવી રહી છે.

દુનિયાના ઘણા દેશોમાં આ પ્રકારની સ્થિતિ છે. જાપાન, રશિયા અને ચીન તેનાં શ્રેષ્ઠ ઉદાહરણ છે. જાપાન, ચીન-રશિયા જેવા દેશો પણ વૃદ્ધોની વધી રહેલી વસતીના કારણે વધુ બાળકોને જન્મ આપવા પર ભાર મૂકે છે. એક સમયે ચીનમાં એ હદે વસતી વિસ્ફોટ થયેલો કે એક બાળકની નીતિ લાવવી પડી હતી પણ ૨૦૨૧માં ચીનમાં થ્રી ચાઈલ્ડ પોલિસી સત્તાવાર રીતે લાગુ કરવામાં આવી હતી.

ચીના હવે ત્રણ બાળકો પેદા કરી શકે છે. જન્મદરમાં વધુ ઘટાડો અટકાવવા માટે ચીને આ નીતિ લાગુ કરી છે. લોકોને સંતાન પ્રાપ્તિ માટે પ્રેરિત કરી શકાય એ માટે સામ્યવાદી સરકારે લોકોને આર્થિક સહાય આપવાનાં પગલાં પણ અમલમાં મૂક્યાં છે. નવા કાયદા અનુસાર, માતાપિતાને તેમનાં બાળકોના ઉછેર અને શિક્ષણનો ભાર ન ઉઠાવવો પડે તે માટે, સરકાર નાણાં, કર, વીમો, શિક્ષણ, આવાસ અને નોકરી વગેરેમાં માતાપિતાને મદદ કરશે.

વન ચાઈલ્ડ પોલિસીના કારણે ત્રણ દાયકામાં લગભગ ૪૦ કરોડ બાળકો ઓછાં થયાં તેથી ચીનમાં યુવાનો ઘટી ગયા ને વૃદ્ધો વધી ગયા. જાપાનમાં પણ ૬૦ ટકા વસતી વૃદ્ધોની છે તેથી જાપાન પણ વધારે બાળકો પેદા કરાવવા મથ્યા કરે છે.

ગયા વર્ષે ડિસેમ્બરમાં રશિયાના પ્રમુખ પુતિને રશિયન મહિલાઓને ઓછામાં ઓછાં ૮ બાળકને જન્મ આપવા માટે કહ્યું હતું. રશિયામાં મોટા પરિવારોની પરંપરા છે ને તેને ફરી જીવંત કરવાની જરૂર છે એવો દાવો કરીને પુતિને કહ્યું હતું કે, ઘણા સમુદાયોમાં હજુ પણ વધુ બાળકો પેદા કરીને પરિવાર વધારવા અને પરંપરાઓ જાળવી રાખવાનો ટ્રેન્ડ છે પણ બધાંએ તેને અનુસરવાની જરૂર છે.

ભારતમાં હિંદુવાદીઓ વધારે બાળકો પેદા કરવા પર ભાર મૂકે છે પણ ચંદ્રાબાબુ અને સ્ટાલિન જેવા સેક્યુલર મનાતા મુખ્યમંત્રીઓ પણ હવે એ જ ભાષા બોલી રહ્યા છે એ આશ્ચર્યજનક છે પણ આ વાસ્તવિકતા છે. સવાલ એ છે કે, ભારતીયોએ આ વાત માનવી જોઈએ કે નહીં? બિલકુલ ના માનવી જોઈએ કેમ કે માત્ર બાળક પેદા કરી દેવાં પૂરતાં નથી. તેમનો સારો ઉછેર, સારું શિક્ષણ, સારું માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય જળવાય એ જોવું પણ જરૂરી છે. ભારતમાં કઈ સરકાર તેની જવાબદારી લેશે ? સરકાર એ જવાબદારી લેવા માટે તૈયાર હોય તો વધારે બાળકો પેદા કરો, બાકી ભારતમાં આર્થિક સ્થિતિને જોતાં મધ્યમ વર્ગ તેમને વધારે બહેતર જિંદગી આપી શકે તેમ નથી તેથી નેતાઓની વાતોમાં આવવા જેવું નથી.

ભારતમાં હજારો ગામડાં એવાં છે કે જ્યાં વૃદ્ધો જ રહી ગયા છે પણ વધારે બાળકો પેદા થવાથી એ સમસ્યા દૂર થવાની નથી. આ વૃદ્ધોનાં સંતાનો વિદેશ જતાં રહ્યાં છે કે પછી શહેરોમાં જતા રહ્યાં છે કેમ કે ગામડાંમાં કોઈ તકો જ નથી. વધારે બાળકો પેદા કરવાથી પણ એ જ થવાનું છે તેથી યુવાનોને ગામડાંમાં રાખવાં હોય તો ગામડાંને મજબૂત બનાવો, ગામડાંમાં વધારે આર્થિક તકો ઊભી કરો, વધારે બાળકો પેદા ના કરાવશો. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ), બુધવાર, તા. ૨૩-૧૦-૨૦૨૪, ભારતીય કાર્તિક માસારંભ

- ભારતીય દિનાંક ૧, માહે કાર્તિક, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, આશ્વિન વદ -૭
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે આશ્વિન, તિથિ વદ-૭
- પારસી શહેનશાહી રોજ ૧૦મો આવા, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૦મો આવા, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૯મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૦મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર પુનર્વસુ મધ્યરાત્રિ પછી ક. ૩૦-૧૫ સુધી (તા. ૨૪મી), પછી પુષ્ય.
- ચંદ્ર મિથુનમાં મધ્યરાત્રે ક. ૨૪-૦૧ સુધી, પછી કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ), કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૩૬ અમદાવાદ ક. ૦૬ મિ. ૪૦, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૫-૪૬, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૪ (તા. ૨૪)
- ઓટઃ સવારે ક. ૧૦-૧૯, રાત્રે ક. ૨૧-૩૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ - સપ્તમી. સૂર્ય મહાનક્ષત્ર સ્વાતિ ક. ૨૪-૪૩, વાહન શિયાળ, ભારતીય કાર્તિક માસારંભ, વિષ્ટિ ક. ૧૩-૧૮ સુધી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ બુધ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા વિશેષરૂપે પરદેશનું પસ્તાનું વિદ્યારંભ, હજામત, ધાન્ય ભરવું, બી વાવવું, નવા વસ્રો, આભૂષણ, દુકાન-વેપાર, સ્થાવર લેવડદેવડ, પશુ લે-વેંચ, બાળકનું નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પ્રથમ વાહન, ચંત્રારંભ, વૃક્ષ વાવવા, ઉપવાટિકા બનાવવી, નવી તિજોરીની સ્થાપના, પશુ લેવડદેવડ, ઘર, ખેતર, જમીન મકાન, લેવડદેવડના કામકાજ, પ્રાણી પાળવા.
- ગુરુવારના તા. ૨૪-૧૦-૨૦૨૪ના ગુરુપુષ્યામૃત યોગના ચોપડા બાંધવા આપવાના મુહૂર્તઃ પુષ્ય નક્ષત્ર પ્રારંભઃ ક. ૩૦-૧૫, ● પુષ્ય નક્ષત્ર સમાપ્તઃ શુક્રવાર તા. ૨૫-૧૦-૨૪, સવારે ક. ૦૭-૩૯. ગુરુ પુષ્યામૃત યોગમાં બ્રહ્મલીન હરિહર પંડિત મહેસાણાવાળા પ્રણિત રિદ્ધિસિદ્ધિદાયક શ્રી ગણેશયંત્ર પ્રતિષ્ઠા, પૂજા, શ્રી યંત્ર પૂજા, મંત્ર, અનુષ્ઠાન. (૧) સવારે ક. ૦૬-૩૭ થી સવારે ક. ૦૮-૦૩ (શુભ) (૨) સવારે ક. ૧૦-૫૬ થી બપોરે ક. ૧૨-૨૩ (ચલ) (૩) બપોરે ક. ૧૨-૨૩ થી ક. ૧૩-૪૯ (લાભ) (૪) બપોરે ક. ૧૩-૪૯ થી ક. ૧૫-૧૬ (અમૃત) (૫) સાંજે ક. ૧૬-૪૨ થી ક. ૧૮-૦૯ (શુભ) (૬) સાંજે ક. ૧૮-૦૯ થી રાત્રે ક. ૧૯-૪૨ (અમૃત)
- આચમનઃ ચંદ્ર-મંગળ યુતિ અવિચારી.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ યુતિ (તા. ૨૪).
- ગ્રહગોચરઃ સૂર્ય-તુલા, મંગળ-કર્ક, બુધ-તુલા, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-વૃશ્ચિક, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર ■

## સીઆરપીએફની ત્રણ શાળાને ધમકીનો ઈમેલ મળ્યો

નવી દિલ્હી : સીઆરપીએફને એક ખોટો ધમકીનો ઈ-મેલ મળ્યો છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે દિલ્હી અને તેલંગાણામાં તેની ત્રણ શાળાને ઇમ્પ્રુવાઇઝ્ડ વિસ્ફોટકો દ્વારા નિશાન બનાવવામાં આવશે.

સત્તાવાર સૂત્રોએ મંગળવારે જણાવ્યું હતું કે, દિલ્હીના રોહિણી અને દ્વારકામાં એક-એક અને હૈદરાબાદ નજીક મેડચલમાં એક શાળા સલામત છે અને સામાન્ય રીતે કામ કરી રહી છે.

સીઆરપીએફને સોમવારે રાત્રે શંકાસ્પદ ઈમેલ મળ્યો હતો. તેણે દાવો કર્યો હતો કે મંગળવારે સવારે ૧૧ વાગ્યા સુધીમાં ત્રણેય પરિસરમાં ઇમ્પ્રુવાઇઝ્ડ ડિવાઇસનો વિસ્ફોટ થઈ શકે છે.ત્યાર બાદ તપાસ હાથ ધરવામાં આવી હતી અને કંઈપણ શંકાસ્પદ મળ્યું ન હતું.

સૂત્રોએ જણાવ્યું હતું કે ત્રણેય શાળા સામાન્ય રીતે કામ કરી રહી છે.

રાષ્ટ્રીય રાજધાનીમાં રોહિણીના પ્રશાંત વિહાર વિસ્તારમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ) સ્કૂલની બાઉન્ડ્રી વોલ સાથે વિસ્ફોટના એક દિવસ બાદ ધમકીનો ઈમેલ આવ્યો છે.

સુરક્ષા અને ગુપ્તચર એજન્સીઓ રવિવારે સવારે થયેલા વિસ્ફોટમાં ખાલિસ્તાની સમર્થકોની ભૂમિકાની તપાસ કરી રહી છે.

તપાસ એજન્સીઓ સોમવારની રાતના હોક્સ ઈમેલના મૂળ અને સર્જકની પણ તપાસ કરી રહી છે જે તમિલનાડુની કેટલીક રાજકીય ઘટનાઓ વિશે વાત કરે છે, તેવું સૂત્રોએ જણાવ્યું હતું.

સીઆરપીએફની શાળાઓ દેશની સૌથી મોટી અર્ધલશ્કરી દળ દ્વારા ચલાવવામાં આવે છે જે નક્સલ વિરોધી કામગીરી, જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ વિરોધી અને ઉત્તરપૂર્વમાં વિરોધી બળવાખોરીના ત્રણ મુખ્ય કોમ્બેટ થિયેટરમાં તૈનાત છે. ■

## ઉત્તર પ્રદેશમાં ઓક્સિજન સિલિન્ડર ફાટતા છનાં મોત

બુલંદશહેરઃ ઉત્તર પ્રદેશના બુલંદશહેર જિલ્લામાં એક ઘરમાં ઓક્સિજન સિલિન્ડર ફાટતાં એક જ પરિવારના છ લોકોનાં મોત થયાં છે. એક પોલીસ અધિકારીએ આ માહિતી આપી હતી. જિલ્લાની આશાપુરી કોલોનીમાં આ અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના ઘરની બહાર મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા અને પરિવારના સંબંધીઓને સાંત્વના આપી હતી.

સિકંદરાબાદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી આશાપુરી કોલોનીમાં સોમવારે રાત્રે એક ઘરમાં રાખવામાં આવેલા ઓક્સિજન સિલિન્ડરમાં અચાનક વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટ એટલો જોરદાર હતો કે ઘરની છત નીચે પડી ગઈ હતી. આ અકસ્માતમાં રિયાઝુદ્દીન (૫૦), તેની પત્ની રૂખસાના (૪૫), પુત્ર આસ મોહમ્મદ (૨૬), સલમાન (૧૬), પુત્રી તમન્ના (૨૪) અને પૌત્રી હિફ્ઝા (૩)નું મોત થયું હતું. જિલ્લા મેજિસ્ટ્રેટ ચંદ્ર પ્રકાશ સિંહે પત્રકારોને જણાવ્યું કે આ ઘટનામાં પરિવારના અન્ય બે-ત્રણ લોકો ઘાયલ થયા છે જ્યારે ઘરમાં રહેતા અન્ય ૧૦ લોકો સુરક્ષિત છે. વરિષ્ઠ પોલીસ અધિક્ષક શ્લોક કુમારે પીટીઆઈને જણાવ્યું હતું કે રૂખસાના નામની મહિલાની તબિયત સારી નથી અને તેને તાજેતરમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ડીએમ સિંહે જણાવ્યું હતું કે, 'સિકંદરાબાદની આશાપુરી કોલોનીમાં રાત્રે ૮.૩૦ થી ૯ વાગ્યાની વચ્ચે સિલિન્ડર બ્લાસ્ટ થયો, જેના કારણે આખું ઘર ધરાશાયી થઈ ગયું હતું. આઠ રહેવાસીઓને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે જ્યારે અન્ય સુરક્ષિત છે.' મેરઠ ઝોનના અધિક પોલીસ મહાનિર્દેશક ધ્રુવ કાંત ઠાકુરે જણાવ્યું હતું કે જાનહાનિ વિશે માહિતી પ્રાપ્ત થઈ હતી, ત્યારબાદ તરત જ બચાવ અને રાહત કામગીરી શરૂ કરવામાં આવી હતી. ■

## ભારત-ચીન વચ્ચે વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા પ્રયાસ ચાલુઃ સેનાધ્યક્ષ

નવી દિલ્હી : પૂર્વી લદ્દાખમાં એલએસી પર પેટ્રોલિંગ અંગે ભારતે ચીન સાથે સમજૂતી પર પહોંચવાની જાહેરાત કર્યાના એક દિવસ પછી, સેનાધ્યક્ષ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ મંગળવારે કહ્યું હતું કે ''અમે વિશ્વાસ પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ'' અને બંને પક્ષોએ આ હાંસલ કરવા માટે એકબીજાને વિશ્વાસ અપાવવો પડશે. જેમ જેમ અમે પુનઃસ્થાપિત કરીએ છીએ તેમ, અન્ય તબક્કાઓ પસાર થશે, ભારતે સોમવારે જાહેરાત કરી હતી કે તે પૂર્વી લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પર પેટ્રોલિંગ અંગે ચીન સાથે સહમતી સધાઈ છે.

આ અઠવાડિયે રશિયામાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના પ્રમુખ શી જિનપિંગ વચ્ચેની સંભવિત બેઠક પહેલાં ચાર વર્ષથી વધુ લાંબા સૈન્ય અવરોધનો અંત લાવવામાં આને એક મોટી સફળતા તરીકે જોવામાં આવે છે.

સંરક્ષણ થિંક-ટેન્ક યુએસઆઈ દ્વારા આયોજિત કાર્યક્રમમાં સેનાધ્યક્ષે જણાવ્યું હતું કે ''જ્યાં સુધી અમારો સંબંધ છે, અમે રાહ જોઈ રહ્યા હતા... અમે એપ્રિલ ૨૦૨૦ની યથાસ્થિતિ પર પાછા જવા માંગીએ છીએ. ■

## ભારતની જીડીપીનો વિકાસદર ૭.૨ ટકા રહેવાની આશા

ન્યૂ યોર્ક (અમેરિકા) : ભારતનું કુલ સ્થાનિક ઉત્પાદન (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્શન, જીડીપી)નો દર ૨૦૨૪-૨૫માં ૭.૨ ટકા, આગામી નાણાકીય વર્ષમાં સાત ટકા અને ત્યાર બાદ આઠ ટકાના ટ્રેન્ડ પર પહોંચી જશે એવી સંભાવના છે, એમ રિઝર્વ બૅંક ઑફ ઈન્ડિયાના ડેપ્યુટી ગવર્નર મિશેલ દેવવ્રત પાતરાએ કહ્યું હતું,

ફેડરલ રિઝર્વ બૅંકે સોમવારે યોજેલા ન્યૂ યોર્ક ફેડ સેન્ટ્રલ બૅન્કિંગ સેમિનારમાં તેઓ બોલી રહ્યા હતા.

તેમણે કહ્યું હતું કે હું દઢપણે માનું છું કે ભારતનો સમય આવી રહ્યો છે. દેશની વસતિની સરેરાશ વય ૨૮ વર્ષની છે અને વિશ્વની સૌથી યુવાન વસતી ભારતમાં છે. આને લીધે દેશ યુવાન પેઢીની મદદથી ઉજ્જવળ ભાવિ તરફ આગળ વધશે.

તેમણે કહ્યું હતું કે વિશ્વના બીજા વિસ્તારોથી વિપરિત ભારતમાં કામ કરી શકે એવી વસતી વધી રહી છે અને દરેક કમ કરતા છ માણસમાં એક માણસ ભારતીય છે.

પાત્રાએ કહ્યું હતું કે ૧૯૪૭માં આઝાદી મળ્યા બાદ ભારતના વૃદ્ધિના માર્ગમાં ત્રણ માળખાકીય ફેરફારો જોવા મળ્યા છે. આને લીધે ટ્રેન્ડ ગ્રોથ ૨૦૦૨-૨૦૧૯માં સાત ટકાનો થયો છે.

મહામારીને લીધે જોરદાર મંદી બાદ ૨૦૨૧-૨૪માં વૃદ્ધિદર આઠ ટકા પર પહોંચે એવી સંભાવના છે. ભારતને વિશ્વમાં સૌથી ઝડપથી વૃદ્ધિ પામતું અર્થતંત્ર ગણવામાં આવે છે.

પાત્રાએ કહ્યું હતું કે માર્કેટ એક્સચેન્જ રેટ પ્રમાણે ભારત પાંચમું મોટું અર્થતંત્ર છે અને ૨૦૩૦ સુધી એ ત્રીજું મોટું અર્થતંત્ર બનશે. પર્ચેસિંગ પાવર પેરિટીની દૃષ્ટિએ ભારત ત્રીજું મોટું અર્થતંત્ર છે. પાત્રાએ કહ્યું હતું કે ફુગાવાનો દર ૨૦૨૪-૨૫માં ૪.૫ અને ૨૦૨૫-૨૬માં ૪.૧ ટકા રહેશે. (એજન્સી) ■








સ્થાપના દિન અને જન્મદિવસઃ ગુજરાતના આણંદ જિલ્લામાં બુધવારે નેશનલ ડેરી ડેવલપમેન્ટ બૉર્ડના ૬૦મા સ્થાપના દિનની ઉજવણીમાં કેન્દ્રના ગૃહ ખાતાના પ્રધાન અમિત શાહે ભાગ લીધો હતો. સમારોહ દરમિયાન મત્સ્ય, પશુસંવર્ધન અને ડેરી ખાતાના પ્રધાન રાજીવ રંજન સાથે અમિત શાહ. ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં અમિત શાહને જન્મદિનની શુભેચ્છા આપી હતી. (એજન્સી)

## બંગાળની ખાડીમાં સર્જાયેલા 'દાના' વાવાઝોડાની ગુજરાતમાં સામાન્ય અસર વર્તાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વરસાદી આફતને કારણે અનેક સ્થળોએ ખેડૂતોના પાકનો સોથ વળી ગયો છે. પાકને નુકસાન થતાં જગતનો તાત સરકાર પાસે સહાયની માગ કરી રહ્યો છે, ખેડૂતોની સ્થિતિ દુકાળમાં અધિક માસ જેવી થઈ શકે છે. આ દરમિયાન ભારતીય હવામાન વિભાગ દ્વારા બંગાળની ખાડીમાં વાવાઝોડું સક્રિય થવાની આગાહી વ્યક્ત કરવામાં આવી હતી. ચોમાસાની વિદાય બાદ પણ અરબ સાગરની લો પ્રેશર સિસ્ટમને કારણે ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદ વરસી રહ્યો છે.

આગામી ત્રણ દિવસમાં બંગાળની ખાડીમાં વાવાઝોડું સર્જાઇને ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાના ભાગોમાં ટકરાય એવી શક્યતાઓ છે. આ સિસ્ટમ પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ દિશા તરફ ગતિ કરી રહ્યું છે. જેને કારણે ગુજરાતના કેટલાક ભાગોમાં તેની સામાન્ય અસર વર્તાઈ શકે છે. દિવાળીના તહેવારને હવે ગણ્યાં ગાંઠયા દિવસો બાકી રહ્યા છે, ત્યારે વરસાદે ખેડૂતો અને વેપારીઓની ચિંતા વધારી છે.

પૂર્વ મધ્ય બંગાળની ખાડીમાં આંદામાન નિકોબાર પાસે એક લો પ્રેશર સિસ્ટમ સક્રિય છે. જે પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ દિશા તરફ આગળ વધતા ૨૪ તારીખ સુધીમાં સાયક્લોનિક સ્ટોર્મ સ્વરૂપે સક્રિય થઈ શકે છે. આ ડિપ્રેશન ૨૪ ઓક્ટોબરે વાવાઝોડામાં પરિવર્તિત થઈને ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠા તરફ આગળ વધશે.આ વાવાઝોડું ૨૫ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ ઓરિસ્સામાં પ્રવેશી તારાજી સર્જી શકે છે. ગુજરાત દેશના પશ્ચિમ છેડે આવેલું છે તેથી દાના વાવાઝોડાની અસર ખૂબ જ ઓછા પ્રમાણમાં થાય એવી શક્યતાઓ છે.

## જળ વ્યવસ્થાપનમાં ઉત્તમ રાજ્ય કેટેગરીમાં ગુજરાતે દેશમાં ત્રીજું સ્થાન મેળવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવી દિલ્હી ખાતે આયોજિત 'રાષ્ટ્રીય જળ પુરસ્કાર-એવાર્ડ' કાર્યક્રમમાં ભારતનાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના હસ્તે ગુજરાત અને પુડુચેરીને ઉત્તમ રાજ્ય કેટેગરીમાં દેશમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કરવા બદલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ એવોર્ડ માટે કેન્દ્રીય જળ આયોગ અને ભૂજળ બોર્ડ દ્વારા સૂચિત મૂલ્યાંકન બાદ ઉત્તમ રાજ્ય કેટેગરીમાં ઓડિશા પ્રથમ, ઉત્તર પ્રદેશ બીજું તેમજ ગુજરાત અને પુડુચેરીને ત્રીજું સ્થાન મેળવ્યું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના હસ્તે ગુજરાત સરકારના જળ સંપત્તિ વિભાગના સચિવે આ એવોર્ડ સ્વીકાર્યો હતો.

ગુજરાતમાં સુજલામ- સુફલામ જળ અભિયાન હેઠળ શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ૫ હજારથી વધુ જળ સંરક્ષણ અને રેન વોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચર્સ લાગુ કરવામાં આવ્યું છે. જળ સંરક્ષણના વિવિધ કાર્યક્રમો માટે અંદાજે ૮૦૦ કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ જળ સિંચાઈ ક્ષમતામાં વધારો કરવા ૨.૮ લાખ હેક્ટર કૃષિ ભૂમિમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિનું વિસ્તરણ કરવામાં આવ્યું છે.

સ્ટેટ-લેડ પ્રોગ્રામ હેઠળ ૨૦૦ કરોડના ખર્ચે ૧૨૦૦ જેટલાં ગામોમાં વોટર યૂઝર્સ એસોસિએશનની રચના પણ કરવામાં આવી છે.

## સુરતમાં ભજન ગાયક અનુપ જલોટાએ સલમાન ખાનને બિશ્નોઈ સમાજની માફી માગવા સલાહ આપી

અમદાવાદઃ એનસીપી નેતા બાબા સિદ્દીકીની હત્યાની જવાબદારી લોરેન્સ ગ્રુપે સ્વીકારી હતી. બાબા સિદ્દીકીની હત્યા બાદ બોલીવૂડ અભિનેતા સલમાન ખાનની સુરક્ષામાં વધારો કરી દેવામાં આવ્યો છે. સુરતમાં કોન્સર્ટ માટે આવેલા જાણીતા ભજન સમ્રાટ અનુપ જલોટાએ સલમાન ખાનને એક વણજોઈતી સલાહ આપી હતી કે, સલમાન ખાને આજે જ બિશ્નોઈ મંદિરમાં જઈને માફી માગવી જોઈએ. માફી માગવાથી સલમાન અને તેના પરિવાર સહિત તેના મિત્રો સુરક્ષિત રહેશે. સુરત ખાતે એક કોન્સર્ટમાં આવેલા ભજન સમ્રાટ અનુપ જલોટાએ પત્રકારોને કહ્યું હતું કે, સલમાન ખાને આજે જ બિશ્નોઈ મંદિરમાં જઈને માફી માગવી જોઈએ, માફી માગવાથી સલમાન સુરક્ષિત રહેશે, તેનો પરિવાર સુરક્ષિત રહેશે અને તેના મિત્રો પણ સુરક્ષિત રહેશે.

# કચ્છ રણોત્સવ પૂર્વે તંત્રનો સપાટોઃ ભીરંડિયારાથી ધોરડો સુધીના માર્ગ પર દબાણો દૂર કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: દેશ-વિદેશના સહેલાણીઓમાં લોકપ્રિય એવા કચ્છ રણોત્સવના પ્રારંભને આડે હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે. દિવાળી વેકેશન દરમિયાન કચ્છના સફેદ રણની મુલાકાત લેવા જિલ્લા બહારથી અનેક લોકોએ પ્રવાસ કાર્યક્રમોનાં આયોજનો પણ કર્યા છે. તેવામાં અમુક પ્રવાસીઓને પોતાના કાર્યક્રમો રદ્દ કરવા પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. મંગળવારે વહીવટીતંત્ર દ્વારા ભિરંડિયારાથી ધોરડો સુધીના વિસ્તાર અને બીએસએફ ટાવરથી ૬૬ કેવી પાવર હાઉસ સુધીના વિસ્તારમાં દબાણો દૂર કર્યા હતાં. ખાનગી એજન્સીઓ દ્વારા ઊભા કરવામાં આવેલા ૩૦૦થી વધુ ટેન્ટ ખસેડી લેવામાં આવ્યા છે, સંખ્યાબંધ દબાણો પર બુલડોઝર ફેરવી જમીનને સમતલ બનાવી દેવામાં આવી છે. જેથી આ વર્ષે આવા ટેન્ટ માટે બુકિંગ કરાવી કચ્છ પ્રવાસનું આયોજન કરનાર સેંકડો સહેલાણીઓને પોતાના પ્રવાસ કાર્યક્રમો રદ્દ કરવાની ફરજ પડે તેવું જણાઈ રહ્યું છે. સહેલાણીઓ કચ્છી ભૂંગામાં રહેવાનું પસંદ કરતા હોવાથી ધોરડો આસપાસ રિસોર્ટ અને તંબુનગરીની બોલબાલા વધી છે. તેવામાં ધોરડોમાં વોચ ટાવર જતા માર્ગે બીએસએફ ચેકપોઇન્ટ નજીક ગેરકાયેદસર રિસોર્ટ ઊભા કરી લાઈટ-પાણીનાં જોડાણો મેળવીને રૂપકડાં કચ્છી ભૂંગા બનાવવામાં આવ્યા હતા. મહેસૂલ વિભાગ દ્વારા દબાણ હટાવી લેવા અનેકવાર સૂચના આપવામાં આવી હતી. જોકે સ્વેચ્છાએ દબાણ ન હટતા તંત્રના બુલડોઝર દ્વારા ૬ જેટલા રિસોર્ટના કુલ ૧૬૦થી વધુ કચ્છી ભૂંગા તોડી પાડવામાં આવ્યા હતા અને ૫૪ હજાર ચોરસ મીટર જમીનને ખુલ્લી કરાવવામાં આવી હતી.

ભુજથી ખાવડા જતા માર્ગે હાલ ૧૪૦થી વધુ ગેરકાયદે બનાવી દેવામાં આવેલા રિસોર્ટ-હોટલોને તોડવા માટે નોટિસ આપવામાં આવી છે. એ દબાણ પર પણ તંત્રનું બુલડોઝર ટૂંક સમયમાં ફરી વળશે તેમ આ દબાણ હટાવો ઝુંબેશ સાથે જોડાયેલા અધિકારીએ જણાવ્યું હતું. ■

# અમદાવાદમાં નકલી કોર્ટનો પર્દાફાશઃ વાંધાવાળી જમીનોના અનેક આદેશ આપતા ખળભળાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં નકલીનો રાફડો ફાટ્યો છે. અત્યાર સુધીમાં નકલી પોલીસ, નકલી સરકારી અધિકારી, નકલી ટોલનાકા, આખે આખી નકલી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ, ક્લિનિક ચલાવતા બોગસ તબીબ ઝડપાઈ ચુક્યા છે. જો કે અમદાવાદમાં નકલી કોર્ટ પકડાતા ખળભળાટ મચી ગયો છે. અમદાવાદ સિટી સિવિલ કોર્ટની સામે જ નકલી કોર્ટ ઝડપાઇ હતી. નકલી લવાદી બનીને જમીનના ઓર્ડર કરનાર મોરિસ સેમ્યુઅલ ક્રિશ્ચિયન નામના શખ્સ વિરુદ્ધ કારંજ પોલીસે ફરિયાદ નોંધી ધરપકડ કરી હતી.

આરોપી એડવોકેટ મોરિસ સેમ્યુઅલ ક્રિશ્ચિયને અમદાવાદમાં બોગસ આર્બિટ્રેશન ઊભું કરીને બાકાયદા કોર્ટ, જજ અને વકીલ, ક્લાર્ક, બેલીફ રાખી અમદાવાદના પાલડી ખાતેની સરકારી જમીનનો હુકમ પણ કરી નાંખ્યો હતો. આમ આરોપી મોરિસ સેમ્યુઅલ ક્રિશ્ચિયન જાતે જ જજ બન્યો હતો, કોર્ટ પણ ઊભી કરી અને જમીનનો ચૂકાદો પણ આપ્યો હતો. આરોપી મોરીસ ક્રિશ્ચિયને ખુદ કોર્ટ સમક્ષની જુબાનીમાં કબૂલાત કરી હતી કે, તેણે વર્ષમાં ૫૦૦ જેટલા આ પ્રકારના કેસો ચલાવીને આર્બિટ્રેશન એવોર્ડ કરીને હુકમ કર્યા છે, જે હુકમોના આધારે જે તે જિલ્લા કલેક્ટરે પણ અમુક અંશે તેની અમલવારી કરી રેવન્યુ રેન્કમાં નામ દાખલ કરી દીધા હતા.

અમદાવાદના પાલડીમાં જમીન માલિકીના વિવાદમાં બોગસ હુકમ અનુસંધાનમાં કોર્ટ સમક્ષ આવેલી દરખાસ્તની સુનાવણીમાં સમગ્ર મામલો પ્રકાશમાં આવતા આખરે સિટી સિવિલ કોર્ટના જજ જે.એલ.ચોવટીયાએ નકલી જજ મોરીસ સેમ્યુઅલ ક્રિશ્ચિનની સામે રજિસ્ટ્રારને ફરિયાદ દાખલ કરવા હુકમ કર્યો હતો.

જેના આધારે સિટી સિવિલ કોર્ટના રજિસ્ટ્રારે કારંજ પોલીસ મથકમાં ફરિયાદ કરતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. કોર્ટે નકલી કોર્ટમાં રાખવામાં આવેલ કોમ્પ્યુટર, સીપીયુ સહિતનાં ઉપકરણો જપ્ત કરવા આદેશ કર્યો હતો. કોર્ટે ગંભીર અવલોકન કર્યું હતું કે, મોરીસ ક્રિશ્ચિયનનો ફ્રોડનો હાલનો એક માત્ર કેસ નથી. આ કોર્ટ સમક્ષ જ હાલના કેસ સાથે બીજા દસ કેસો છે.

તમામ કેસોની સરકારી-અમ્યુકો કે અન્યની જમીન લગભગ ૧૦૦ એકરથી પણ વધુ અને અબજો રૂપિયાની કિંમતની જમીનનો હુકમો તેણે કરી નાખ્યા છે. મોરીસના આ બોગસ આર્બિટ્રેશન હુકમોના આધારે કલેક્ટર સહિતના સત્તાવાળાઓએ રેવન્યુ રેકર્ડમાં પણ એન્ટ્રીઓ કરી દીધી હતી. ■

# ભાવનગર કરણીસેનાના ઉપપ્રમુખે ઝેરી દવા ગટગટાવી આપઘાતનો પ્રયાસ કર્યોઃ પદ્મિનીબાના ત્રાસનો આરોપ લગાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના કરણીસેનાના ઉપપ્રમુખે પોતાના ઘરે ઝેરી દવા પી લેતા ભારે ચકચાર મચી જવા પામી છે. આ ઘટના બાદ કરણીસેનાના ઉપ્રપ્રમુખ રવિરાજસિંહ ગોહિલે રાજકોટના ભાજપના આગેવાન પદ્મિનીબા વાળાના માનસિક ત્રાસથી કંટાળી જઇ ખેતીમાં છાંટવાની ઝેરી દવા પી લઇ આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું સોશિયલ મીડિયામાં વાઇરલ થતાં ભારે ચકચાર મચી જવા પામી છે. રવિરાજસિંહ ગોહિલને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ મૂળ તળાજા તાલુકાના ખદરપર ગામના અને ભાવનગર જિલ્લાના કરણીસેનાના ઉપપ્રમુખ રવિરાજસિંહ ગોહિલે પોતાના ઘરે ઝેરી દવા ગટગટાવી લેતા સારવાર અર્થે તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે, ઘણા સમયથી રાજકોટના મહિલા ક્ષત્રિય આગેવાન પદ્મિનીબા વાળા અને રવિરાજસિંહ ગોહિલ વચ્ચે કોઇ બાબતે માથાકૂટ ચાલતી હતી.

પદ્મિનીબા વાળા રવિરાજસિંહને અવાર નવાર અડધી રાત્રે ફોનમાં ધમકી આપીને માનસિક ત્રાસ ગુજારતા હતાં અને ખોટા આક્ષેપો કરતા હોવા બાબતે રવિરાજસિંહને લાગી આવતા તેમણે ઝેરી દવા ગટગટાવી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. ત્યાર બાદ આ ઘટના સોશિયલ મીડિયામાં વાઇરલ થઈ હતી. ઝેરી દવા પીધા બાદ રવિરાજસિંહ ગોહિલને વધુ સારવાર માટે કાળુભા રોડ પર આવેલી રાણા સર્જિકલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. જ્યાં તેમની સ્થિતિ વધુ ગંભીર હોવાનું તબીબે જણાવ્યું હતું. ■

# હેતુની શક્તિઃ એચપીસીએલની એવોર્ડ-વિજેતા સીએસઆર પહેલ



મુંબઈ: હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) એ તેના અનુકરણીય કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) પ્રયાસો માટે વ્યાપક માન્યતા પ્રાપ્ત કરી છે, જે ટકાઉ સમુદાય વિકાસમાં અગ્રણી તરીકે તેની સ્થિતિને મજબૂત બનાવે છે. કંપનીના સામાજિક જવાબદારી પ્રત્યેના સમર્પણને અસંખ્ય પ્રતિષ્ઠિત પુરસ્કારો દ્વારા સ્વીકારવામાં આવ્યું છે.

એચપીસીએલની શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાને CSR જર્નલ એક્સેલન્સ એવોર્ડ્સ ૨૦૨૪માં માન્યતા આપવામાં આવી હતી, જ્યાં કંપનીને પ્રોજેક્ટ કાશ્મીર સુપર ૫૦ માટે શિક્ષણ અને કૌશલ્ય તાલીમ શ્રેણીમાં પ્રથમ રનર-અપ એવોર્ડ મળ્યો હતો. આ પ્રતિષ્ઠિત એવોર્ડ માનનીય લોકસભાના સાંસદ શ્રી સુનિલ તટકરે દ્વારા આપવામાં આવ્યો હતો. પ્રોજેક્ટ કાશ્મીર સુપર-૫૦ મેડિકલ, ભારતીય સૈન્ય સાથેની સહયોગી પહેલ, જેનો ઉદ્દેશ્ય આ પ્રદેશમાં, ખાસ કરીને બિન-શહેરી, અર્ધ-ગ્રામીણ અને ગ્રામીણ વિસ્તારોના વિદ્યાર્થીઓ માટે શ્રેષ્ઠ શૈક્ષણિક સંસાધનો પ્રદાન કરવાનો છે.

CSR ઉત્કૃષ્ટતા (એકંદરે) માટે મહાત્મા પુરસ્કાર ૨૦૨૪ HPCLને એનાયત કરવામાં આવ્યો હતો, જે CSR પ્રત્યેના તેના વ્યાપક અભિગમને રેખાંકિત કરે છે. આ માન્યતા ડૉ. કિરણ બેદી દ્વારા સસ્ટેનેબિલિટી લાઇવ વીક ૨૦૨૪માં રજૂ કરવામાં આવી હતી અને શ્રી રાજીવ ગોયલ, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર - CSR અને PRCC, HPCL દ્વારા સ્વીકારવામાં આવી હતી. ■

# ડેરી સાથે સંકળાયેલા ૬.૫ કરોડ ગ્રામીણ પરિવારોને સહકારી ક્ષેત્ર હેઠળ લાવવાની જરૂરઃ અમિત શાહ

અમદાવાદ: આણંદ સ્થિત નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (એનડીડીબી)ની સ્થાપનાના ૫૯ વર્ષ પૂર્ણ થયા અને સંસ્થાએ ૬૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. આ અનુસંધાને મંગળવારે નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ દ્વારા હિરક જંયતીની ઉજવણી કરવામાં આવી હતી. સાથે-સાથે અમૂલના આદ્ય સ્થાપક ત્રિભોવનદાસ પટેલની જન્મજયંતીની પણ ઉજવણી કરવામાં આવી હતી.

એન.ડી.ડી.બી કેમ્પસમાં આવેલા ટી. કે. પટેલ ઓડિટોરિયમ ખાતે યોજાયેલા આ ખાસ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર પ્રધાન અમિત શાહ, પશુપાલન અને ડેરી વિભાગના કેબિનેટ પ્રધાન રાજીવ રંજન સિંઘ (લલનસિંઘ), રાજ્યપ્રધાન એસ.પી.સીંગ બઘેલ અને જ્યોર્જ કુરિયન સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પ્રસંગે કેન્દ્રીય પ્રધાન અમિત શાહે મંગળવારે કાર્યક્રમને સંબોધિત કર્યો હતો, તેમણે જણાવ્યું હતું કે, વર્ષો અગાઉ પોલસન ડેરીના માલિકોએ આણંદના ખેડૂતો સાથે અન્યાય કર્યો હતો. જે તે વખતે ત્રિભુવનદાસ પટેલે આ અંગે સરદાર વલ્લભભાઈ પટેલને ફરિયાદ કરી હતી. જે બાદ સરદાર વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ત્રિભુવનદાસ પટેલે કો-ઓપરેટીવ સંસ્થા બનાવી તેમાં બે કરોડ ખેડૂતોને જોડ્યાં હતાં. જો પોલસન ડેરીએ અન્યાય કર્યો ન હોત તો ભારતમાં અમૂલ ન હોત. અમૂલ અને એનડીડીબીમાં મિલાવટ થતી નથી. કેમ કે માલિક હોય તો મિલાવટ થાય. પરંતુ અમૂલ અને એનડીડીબીના કોઈ માલિક જ નથી. આમાં તો ખેડૂતો જ માલિક છે. ■

# ગુરુઆશ્રમ બગદાણા ખાતે દીપાવલી પર્વમાળાની તૈયારીઓનો ધમધમાટ શરૂ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભાવનગર: બગદાણા ખાતે દિવાળી બેસતા વર્ષથી કાર્તિકી પૂનમ સુધી હજારોની સંખ્યામાં યાત્રાળુઓ દર્શને પધારશે. ત્યારે ગુરુઆશ્રમ ખાતે દર્શનાર્થીઓની સેવા સગવડ માટે આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. પ્રતિવર્ષની જેમ આ વર્ષે વ્યવસ્થા માટે ગુરુઆશ્રમ બગદાણા ખાતે જુદા જુદા ગામનાં સેવા મંડળોના પ્રમુખની મીટીંગ મળી હતી.પ્રથમ ગુરુ વંદના ત્યારબાદ કામની વહેંચણીની ચર્ચા વિચારણા કરી થઈ હતી.

આ બેઠકમાં સંસ્થા દ્વારા લેવાયેલ વ્યસન મુક્તિનો નિર્ણય સૌને જણાવવામાં આવ્યો હતો. આ નિર્ણયને હાજર સૌ સ્વયંસેવકોએ ઉત્સાહ સાથે વધાવ્યો હતો. સ્વૈચ્છિક વ્યસન મુક્તિના આ અભિયાનને ટેકો આપી વ્યસન મુક્તિના શપથ લીધા હતા. દિવાળીના દિવસોમાં ગુરુઆશ્રમ બગદાણા ધામ ખાતે તૈયારીઓના ભાગરૂપે વિવિધ સેવા મંડળોના સેવાભાવી ભાઈઓ બહેનોને અહી માર્ગદર્શન આપીને કામગીરીની વહેંચણી કરવામાં આવી હતી. જેમાં આશ્રમના સ્વયંસેવક અને વડીલોએ માર્ગદર્શન કર્યું હતું. બજરંગદાસ બાપાના ધામમાં આવતા ભકતજનો અગવડતા વગર સરળતાથી દર્શનનો લાભ લઇ શકશે. ■

## મુંબઈ ન્યૂઝ

# મહારાષ્ટ્ર કેસરી અભિજિત કટકેના ઘરે આવકવેરા વિભાગના દરોડા

પુણે: આવકવેરા વિભાગે મહારાષ્ટ્ર કેસરી પહેલવાન અભિજિત કટકેના પુણેસ્થિત નિવાસસ્થાને દરોડા પાડ્યા છે. ટીમે તેના ઘરેથી મહત્ત્વના દસ્તાવેજો જપ્ત કર્યા છે. વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે કટકેના ઘરે દરોડાથી ખળભળાટ મચી ગયો છે. અભિજિત કટકે ભાજપના પૂર્વ કોર્પોરેટર અમોલ બાલવડકરના સાળા છે.

આવકવેરા વિભાગના અધિકારીઓ મંગળવારે સવારે વાઘોલીમાં અભિજિતના પિતા ચંદ્રકાંત કટકેના ઘરે પહોંચ્યા હતા. ટીમે દસ્તાવેજોની તપાસ કરી અને કટકેની પૂછપરછ કરી હતી. ચંદ્રકાંત કટકે કોથરુડ વિધાનસભા ક્ષેત્રમાં બળવો કરવાનો પ્રયાસ કરી રહેલા ભાજપના ભૂતપૂર્વ કોર્પોરેટર અમોલ બાલવડકરના સસરા છે. તેના ઘરે દરોડા પડવાને કારણે તે રાજકીય કાવતરું હોવાની ચર્ચા ઊઠી છે.

મહારાષ્ટ્ર કેસરી અભિજિત કટકેએ એકવાર મહારાષ્ટ્ર કેસરીનો એવોર્ડ જીત્યો હતો. તો બે વખત ઉપ-મહારાષ્ટ્ર કેસરી થયા છે. કટકે પુણેના શિવરામદાદા તાલીમના પહેલવાન હતા ત્યારે ૨૦૧૫માં યુથ મહારાષ્ટ્ર કેસરીનો ખિતાબ જીત્યો હતો. તેમણે ૨૦૧૬માં જુનિયર નેશનલ રેસલિંગ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ■



# થાણેમાં તળાવમાંથી યુવકનો મૃતદેહ મળ્યો

થાણે: થાણે જિલ્લામાં તળાવમાંથી શુક્રવારે યુવકનો મૃતદેહ મળી આવતાં તેને હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યો હતો. યેઉર વિસ્તારમાં પાટોણ પાડા બસ સ્ટોપ નજીક તળાવમાં મંગળવારે વહેલી સવારે મૃતદેહ મળી આવતાં પોલીસને તેની જાણ કરવામાં આવી હતી. આથી ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલની ટીમ અને અગ્નિશમન દળના જવાનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

તળાવમાંથી યુવકના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો. મૃતકની ઓળખ પ્રદીપ વિજય ભોઇતે તરીકે થઇ હતી, જે લોકમાન્ય નગરનો રહેવાસી હતો. પ્રદીપના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યા બાદ પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કરી તપાસ આદરી હતી. (પીટીઆઇ) ■

# બૉમ્બની ધમકીના કેસમાં પકડાયેલા સગીરે કર્યો બાળસુધાર ગૃહમાં દુષ્કર્મનો આક્ષેપ

મુંબઈ: ફ્લાઇટોમાં બોમ્બની ધમકી આપવાના કેસમાં પકડાયેલા ૧૭ વર્ષના સગીરે આક્ષેપ કર્યો છે કે દક્ષિણ મુંબઈના બાળસુધાર ગૃહમાં તેની સાથે અન્ય કેદીએ દુષ્કર્મ આચર્યું હતું.

સગીર ૧૧મા ધોરણના વિદ્યાર્થી હોઇ ૧૪ ઑક્ટોબરે ત્રણ ઇન્ટરનેશનલ ફ્લાઇટોને ટાર્ગેટ કરીને સોશિયલ મીડિયા પર બોમ્બની ધમકી પોસ્ટ કરવા બદલ ગયા સપ્તાહે તેને છત્તીસગઢથી તાબામાં લેવામાં આવ્યો હતો.

સગીરે આ પ્રકરણે ડોંગરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની સંબંધિત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરીને પોલીસે તપાસ આદરી હતી.

પોલીસ અધિકારીઓએ ડોંગરી બાળસુધાર ગૃહમાં અન્ય કેદીઓની પૂછપરછ કરી હતી, પણ તેમણે અત્યાર સુધી આ ઘટના અંગે કોઇ માહિતી આપી નથી. સગીરના મેડિકલ રિપોર્ટમાં પણ તેની સાથે દુષ્કર્મ થઇ ન હોવાનું દર્શાવાયું છે.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર સગીરે આ અગાઉ છત્તીસગઢમાં બે વાર જાતીય શોષણના આરોપ લગાવ્યા હતા, પણ તેના આરોપ ખોટા સાબિત થયા હતા.

સગીરે પોતાની ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે સોમવારે સવારે ડોરમેટરીમાં ૧૬ વર્ષના સગીર કેદીએ તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. તેને સારવાર માટે જે. જે. હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો, જ્યાં મેડિકલ રિપોર્ટમાં પુષ્ટિ થઇ હતી કે તેના ગુપ્તાંગમાં કોઇ ઇજા થઇ નથી. (પીટીઆઇ) ■

# કાનૂની મંજૂરી હોવાથી મુસ્લિમ પુરુષ એકથી વધુ લગ્ન રજિસ્ટર કરાવી શકે : હાઈ કોર્ટ

મુંબઈ: એક મુસ્લિમ પુરુષ એકથી વધુ લગ્નની નોંધણી (રજિસ્ટ્રેશન) કરાવી શકે છે કારણ કે તેમના પર્સનલ લો એકથી વધુ શાદીને મંજૂરી આપે છે એમ બોમ્બે હાઇકોર્ટે ત્રીજી પત્ની સાથે રજિસ્ટ્રેશન કરાવવા માંગતી એક વ્યક્તિના કેસમાં જણાવ્યું હતું.

ન્યાયમૂર્તિ બી પી કોલાબાવાલા અને ન્યાયમૂર્તિ સોમશેખર સુંદરેસનની ખંડપીઠે ૧૫ ઓક્ટોબરે થાણા મહાનગરપાલિકાની ડેપ્યુટી મેરેજ રજિસ્ટ્રેશન ઓફિસમાં અલ્જીરિયાની એક મહિલા સાથે પોતાના ત્રીજા લગ્નનું રજીસ્ટ્રેશન કરાવવા માગતી એક મુસ્લિમ વ્યક્તિ દ્વારા ગયા વર્ષે ફેબ્રુઆરીમાં દાખલ કરેલી અરજીનો નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો હતો.

આ દંપતીએ પોતાની અરજીમાં અધિકારીઓને તેમને મેરેજ સર્ટિફિકેટ આપવા માટે નિર્દેશ આપવાની માગ કરી હતી અને દાવો કર્યો હતો કે તેમની અરજી નામંજૂર કરવામાં આવી હતી કારણ કે વ્યક્તિની આ ત્રીજી શાદી હતી. મહારાષ્ટ્ર રેગ્યુલેશન ઓફ મેરેજ બ્યુરો એન્ડ રજિસ્ટ્રેશન ઓફ મેરેજ એક્ટ હેઠળ એક જ લગ્નને મંજૂરી આપે છે, એકથી વધુને નહીં એ કારણસર રજિસ્ટ્રેશન ઓફિસે લગ્નની નોંધણી કરવાનો ઇનકાર કર્યો હતો. જોકે, ખંડપીઠે આ નકાર ખોટી સમજણથી કરવામાં આવ્યો હોવાનું ગણાવી કહ્યું હતું કે કાયદા અનુસાર મુસ્લિમ વ્યક્તિને ત્રીજા લગ્નની નોંધણી કરવાથી રોકી ન શકાય.

અદાલતે આદેશ આપ્યો હતો કે એકવાર આ દસ્તાવેજો રજૂ થયા પછી થાણા મહાનગરપાલિકાએ સંબંધિત અધિકારીઓ અરજદારોની વ્યક્તિગત સુનાવણી કરી દસ દિવસની અંદર લગ્ન નોંધણી મંજૂર કરવા અથવા તેનો ઇનકાર કરવાનો તર્કસંગત આદેશ આપવાનો રહેશે.

ખંડપીઠે નિર્દેશ આપ્યો હતો કે ત્યાં સુધી અરજદાર મહિલા સામે કોઈ આકરાં પગલાં લેવામાં ન આવે. મહિલાનો પાસપોર્ટ આ વર્ષે મે મહિનામાં એક્સપાયર થઈ ગયો હતો. (પીટીઆઈ) ■

# નાગપુરમાં દશ્યમ ફિલ્મ જેવી ઘટના

## લશ્કરના જવાને કરી ગર્લફ્રેન્ડની હત્યાઃ મૃતદેહ ખાડામાં નાખી સિમેન્ટથી પૂર્યો

નાગપુર: દશ્યમ ફિલ્મની વાર્તા સાથે સામ્યતા ધરાવતી ઘટના નાગપુરમાં બની હતી. લશ્કરના જવાને ગર્લફ્રેન્ડની હત્યા કર્યા બાદ મૃતદેહને ખાડામાં નાખી ખાડાને સિમેન્ટથી પૂરી દીધો હતો.

હત્યાકાંડનો ખુલાસો થતાં બેલતરોડી પોલીસે લશ્કરના જવાન અજય વાનખેડે (૩૩)ની ધરપકડ કરી હતી. લગ્ન સંબંધી વેબસાઈટ પર વાનખેડેની ઓળખાણ ડિવોર્સી જ્યોત્સ્ના આકરે સાથે થઈ હતી. મિત્રતા પછી બન્ને વચ્ચે પ્રેમ થઈ ગયો હતો, પરંતુ વાનખેડેના પરિવારજનોએ આ સંબંધનો વિરોધ કર્યો હતો અને તેનાં લગ્ન બીજી યુવતી સાથે કરાવ્યાં હતાં.

જોકે જ્યોત્સ્નાએ વાનખેડેને છોડવા માગતી નહોતી. મિત્રો પાસેથી તે વાનખેડેનું સરનામું મેળવવાના પ્રયાસ કરતી હતી. આખરે જ્યોત્સ્નાથી પીછો છોડાવવા વાનખેડેએ હત્યાની યોજના બનાવી હતી. ૨૮ ઑગસ્ટે માતાના મોબાઈલ પરથી જ્યોત્સ્નાને ફોન કરી વાનખેડેએ વર્ધા રોડ પર મળવા બોલાવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઑટોમોબાઈલ શૉપમાં કામ કરતી જ્યોત્સ્ના નોકરી પરથી છૂટી વાનખેડેને મળવા ગઈ હતી. બન્ને જણ એક હોટેલમાં રોકાયા હતા. મધરાતે બન્ને જણ વાહનમાં ટોલ પ્લાઝા નજીક ગયા હતા, જ્યાં જ્યોત્સ્નાને ઘેનયુક્ત ઠંડું પીણું પિવડાવવામાં આવ્યું હતું. બેભાન જ્યોત્સ્નાનું ગળું દબાવી હત્યા કરવામાં આવી હતી. પછી નાગપુરમાં નિર્જન સ્થળે વાનખેડેએ ખાડો ખોદી તેમાં જ્યોત્સ્નાનો મૃતદેહ નાખ્યો હતો. પછી સિમેન્ટથી ખાડાને પૂરી દીધો હતો.

આ કેસમાં પોલીસે ફોન રેકોર્ડને આધારે પૂછપરછ માટે સમન્સ મોકલતાં વાનખેડેએ બ્લડ પ્રેશર વધી ગયું હોવાનું બહાનું કર્યું હતું. પછી સેશન્સ અને હાઈ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. બન્ને કોર્ટે તેની અરજી ફગાવી દીધી હતી. (પીટીઆઈ) ■

# દિવાળીમાં ફટાકડાનો વધુ જથ્થો રાખનારી દુકાનો રડાર પર

મુંબઈ: દિવાળીમાં ફટાકડાનું વેચાણ કરતા સમયે વધુ ફટાકડા જથ્થો રાખનાર દુકાનદારો પર કાર્યવાહીની તલવાર લટકી રહી છે. જે દુકાનોમાં નિર્ધારિત જથ્થા કરતાં વધુ ફટાકડા મળી આવશે તો એ દુકાનદાર પર કાર્યવાહી કરવાનો આદેશ હાઈ કોર્ટે થાણે પાલિકાને આપ્યો છે.

કોપરી બચાવ સમિતિએ જનહિતની અરજી કરી હતી. તેના પર મુખ્ય ન્યાયાધીશ દેવેન્દ્ર કુમાર ઉપાધ્યાય અને ન્યાયાધીશ અમિત ચોરકરની ખંડપીઠ સમક્ષ સુનાવણી થઇ હતી. થાણેના કોપરી વિસ્તારમાં સૌથી વધુ વસતિ છે એ ઠેકાણે ફટાકડાની દુકાનો આવેલી છે. છેલ્લાં અમુક વર્ષોમાં દુકાનોની સંખ્યા પણ વધી ગઇ હોવાથી મોટા પ્રમાણમાં ફટાકડાનો જથ્થો આવી રહ્યો હોવાથી કોઇ અકસ્માત થઇ શકવાનો ભય રહે છે, એવું જનહિતની અરજીમાં જણાવવામાં આવ્યું હતું.

આ બાબતે ખંપીઠે ગંભીર નોંધ લીધી હતી અને થાણે પાલિકાને અઠવાડિયામાં દુકાનોનો સર્વે કરીને નિયમનો ભંગ કરનારા દુકાનદારો સામે કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો. ■

# મહાયુતિ મુંબઈમાં સાત મહિલાને, તો મહાવિકાસ આઘાડી ત્રણ મહિલાને આપશે ઉમેદવારી?

મુંબઈ: મહાયુતિમાં ભાજપ, શિંદેસેના અને અજિતદાદા જૂથની સરખામણીમાં મહાવિકાસ આઘાડી પાસે મહિલા ઉમેદવાર નથી. વિધાનસભા માટે ભાજપે બે મહિલા ઉમેદવારનાં નામ જાહેર કર્યાં છે અને વધુ પાંચ મહિલાને ઉમેદવારી આપવામાં આવે એવી શક્યતા છે, જ્યારે મવિઆ પાસે માત્ર બે મહિલા ઉમેદવાર જ છે, જેથી મવિઆ તરફથી સક્ષમ મહિલા ઉમેદવારની શોધ ચાલી રહી હોવાનું કહેવાઈ રહ્યું છે.

ગત વિધાનસભાની ચૂંટણીમાં મુંબઈમાંથી ૬ મહિલા વિધાનસભ્ય ચૂંટાઈને આવી હતી. જેમાં ભાજપનાં મનીષા ચૌધરી (દહીંસર), વિદ્યા ઠાકુર (ગોરેગાંવ), ભારતી લવેકર (વર્સોવા), શિંદેસેનાનાં યામિની જાધવ (ભાયખલા), ઉદ્ધવસેનાનાં ઋતુજા લટકે (અંધેરી), કોંગ્રેસનાં વર્ષા ગાયકવાડ (ધારાવી)નો સમાવેશ થતો હતો.

મહાયુતિમાં ભાજપે તેની પહેલી યાદીમાં મુંબઈનાં મનીષા ચૌધરી અને વિદ્યા ઠાકુરનાં નામ જાહેર કર્યાં છે, જ્યારે ભારતી લવેકર અને જોગેશ્વરીમાં ઇચ્છુક ઉજ્જવલા મોડક વેઈટિંગ લિસ્ટમાં છે. શિંદેસેનાના સાંસદ વાયકરે પત્ની માટે જોગેશ્વરીની બેઠક માગી છે. ભાયખલામાં યામિની જાધવને ફરી એક વાર તક મળશે. બીજી બાજુ અજિતદાદા જૂથે પણ અણુશક્તિ નગરમાં સના મલિકનું નામ નિશ્ચિત કર્યું હોવાનું જાણવા મળે છે. ■

### શરદ પવાર જૂથની મુંબઈમાં એક પણ મહિલા ઉમેદવાર નથી

મવિઆમાં ગત સમયમાં ઉદ્ધવસેનાનાં ઋતુજા લટકે (અંધેરી)અને કોંગ્રેસનાં વર્ષા ગાયકવાડ (ધારાવી) ચૂંટાઈ આવ્યાં હતાં. જોકે ગાયકવાડ લોકસભામાં ચૂંટાઈ આવ્યાં છે. આ સમયે કોંગ્રેસના અજંતા યાદવ (કાંદિવલી), ઉદ્ધવસેનાનાં ઋતુજા લટકે (અંધેરી), શ્રદ્ધા જાધવ (વડાલા)ને ઉમેદવારી મળવાની ભરપૂર શક્યતા છે. જોકે શરદ પવાર જૂથની માત્ર મુંબઈમાં કોઇ પણ મહિલા ઉમેદવાર નથી. આને કારણે મહાયુતિની સરખામણીએ મવિઆને મહિલા ઉમેદવાર માટે શોધખોળ કરવી પડશે, એવું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# વિદેશથી સામાનમાં છુપાવી લવાયેલા ચાર હોર્નબિલ પક્ષીનો છુટકારો: બે પ્રવાસીની ધરપકડ

મુંબઈ: અત્યંત દુર્લભ ગણાતા પક્ષીમાંથી એક હોર્નબિલ બર્ડસ દાણચોરીથી મુંબઈ લાવનારા બે પ્રવાસીની કસ્ટમ્સ વિભાગના એર ઇન્ટેલિજન્સ યુનિટે (એઆઇયુ) મુંબઈ એરપોર્ટ પરથી ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પ્રવાસીઓમાં મહિલાનો સમાવેશ હોઇ તેઓ ચાર હોર્નબિલ પક્ષી સામાનમાં છુપાવીને લાવ્યાં હતાં. આ પ્રકરણે બંનેની ધરપકડ કરવામાં આવી હતી.

બંને પ્રવાસી સોમવારે બપોરના બેંગકોકથી એર ઇન્ડિયાની ફ્લાઇટમાં મુંબઈના છત્રપતિ શિવાજી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવ્યા હતા. પ્રવાસીઓના સામાનની તલાશી લેવાતાં ચાર પક્ષી અંદર છુપાવવામાં આવ્યાં હોવાનું જણાતાં બંને સામે કાર્યવાહી કરવામાં આવી હતી. પક્ષીઓને બાદમાં વન અધિકારીઓને સોંપવામાં આવ્યાં હતાં, જેમણે આ દુર્લભ પક્ષીઓ વિસાયન અને સુલાવેસી જાતિના હોવાનું જણાવ્યું હતું.

સામાનમાં ચોકલેટથી ભરેલી એક બેગની અંદર પ્લાસ્ટિકના ડબ્બામાં પક્ષીઓને છુપાવાયાં હતાં, એમ કસ્ટમ્સના અધિકારીએ જણાવ્યું હતું. હોર્નબિલ પક્ષીઓને કન્ટેઇનરમાં રાખવામાં આવ્યાં હતાં. સદનસીબે તે જીવિત હતાં. તેમને રેસકિંક એસોસિયેશન ફોર વાઇલ્ડલાઇફ વેલફેર સંસ્થાના વાઇલ્ડલાઇફ નિષ્ણાતોની સલાહથી ખાવાનું અને પાણી અપાયું હતું.

વન અધિકારીઓ દ્વારા યોગ્ય વિધિઓ બાદ પક્ષીઓને ફરીથી બેંગકોક મોકલી દેવામાં આવ્યાં હતાં. વાઇલ્ડલાઇફ ક્રાઇમ કન્ટ્રોલ બ્યૂરો દ્વારા વાઇલ્ડલાઇફ (પ્રોટેક્શન) એક્ટની જોગવાઇઓ અનુસાર પક્ષીઓને તેમના મૂળ દેશમાં મોકલી આપવા આદેશ જારી કર્યા હતા. આ એક્ટ અનુસાર અનધિકૃત રીતે તસ્કરીમાં જપ્ત કરાતાં દુર્લભ પશુ-પક્ષીઓને તેમના મૂળ દેશમાં પાછા મોકલી દેવાની જોગવાઇ છે, જે અનુસાર આ કાર્યવાહી કરવામાં આવી હતી. (પીટીઆઇ)

# ગૌમાંસની શંકા પરથી વૃદ્ધની મારપીટ: આરોપીના આગોતરા જામીન કોર્ટે નકાર્યા

મુંબઈ: એક્સપ્રેસ ટ્રેનમાં ગૌમાંસ લઈ જતા હોવાની શંકા પરથી ૭૧ વર્ષના વૃદ્ધની મારપીટ કરવાના કેસમાં બૉમ્બે હાઈ કોર્ટે સિનિયર સિટિઝનને નિર્દયતાથી ફટકારવામાં આવ્યા હોવાની નોંધ કરી આરોપીને આગોતરા જામીન આપવાનો ઇનકાર કરી દીધો હતો.

જસ્ટિસ આર. એન. લદ્ધાની સિંગલ બૅન્ચે ૧૮ ઑક્ટોબરે આપેલા ચુકાદામાં આકાશ આવ્હાડને આગોતરા જામીન આપવાનો ઇનકાર કર્યો હતો અને કેસની તપાસ પ્રારંભિક તબક્કામાં હોવાથી કસ્ટડીમાં પૂછપરછ જરૂરી હોવાની નોંધ કરી હતી.

૭૧ વર્ષના સિનિયર સિટિઝનની નિર્દયતાથી પીટાઈ કરવામાં આવી હતી. તપાસ પ્રારંભિક તબક્કામાં છે. તેથી વધુ તપાસ માટે અરજકર્તા (આવ્હાડ)ની કસ્ટડીમાં પૂછપરછ જરૂરી છે, એવું કોર્ટે જણાવ્યું હતું.

કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે આગોતરા જામીન આપવામાં આવશે તો તપાસમાં અપરોધ ઊભો થઈ શકે છે.

આરોપી વિરુદ્ધ પોલીસે ધાર્મિક લાગણી દુભાવવા માટે અને ગંભીર ઇજા પહોંચાડવા માટે વધારાની કલમો લાગુ કરતાં ફરીથી ધરપકડના ડરે આરોપીએ આગોતરા જામીન માટે અરજી કરી હતી.

ઘટનાને પગલે થાણે પોલીસે ગુનો નોંધી આવ્હાડ અને અન્ય કથિત હુમલાખોરોની ધરપકડ કરી હતી. બાદમાં તેમનો જામીન પર છુટકારો થયો હતો.

ફરિયાદ અનુસાર સિનિયર સિટિઝન ધુળે-સીએસએમટી એક્સપ્રેસ ટ્રેનના જનરલ કોચમાં ૨૮ ઑગસ્ટે ચાલીસગાંવથી કલ્યાણ જઈ રહ્યા હતા. બૅગ સાથે વૃદ્ધ કલ્યાણ સ્ટેશને ઊતરી રહ્યા હતા ત્યારે ટ્રેનના પ્રવાસીઓને બૅગમાં ગૌમાંસ હોવાની શંકા ગઈ હતી. શંકાને પગલે વૃદ્ધને રોકી ગાળાગાળી કર્યા પછી મારપીટ કરવામાં આવી હતી

પોલીસે દાવો કર્યો હતો કે વૃદ્ધની મારપીટ કરવામાં આવી રહી હતી ત્યારે આવ્હાડે મોબાઈલ ફોનથી તેનું વીડિયો રેકોર્ડિંગ કરી લીધું હતું. કોર્ટે જણાવ્યું હતું કે આવ્હાડ સહિત પાંચથી છ જણે મારપીટ કરી હતી. (પીટીઆઈ)

# સાર્વજનિક સ્થળે કાટમાળ ફેંકનારા અને ગંદકી ફેલાવનારા પર સીસીટીવી કેમેરાથી નજર રખાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સાર્વજનિક ઠેકાણે ગંદકી ફેલાવનારા તથા રસ્તા પર ગમે ત્યાં કાટમાળ ફેંકવાનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે આ લોકો પર નજર રાખવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ પ્રાયોગિક ધોરણે સીસીટીવી કેમેરા બેસાડવાની યોજના બનાવી છે. હાલ આ પ્રોજેક્ટ પર કામ ચાલી રહ્યું છે. વિધાનસભાની ચૂંટણી બાદ ટેન્ડર બહાર પાડવામાં આવવાના છે.

આગામી વર્ષ સુધીમાં કેમેરા બેસાડવાનું કામ ચાલુ થવાની શક્યતા છે. મુંબઈમાં સાર્વજનિક સ્થળે કચરો ફેંકવાનું અને કાટમાળ ફેંકવાની સમસ્યા ગંભીર બની ગઈ છે. રસ્તા પર ગમે ત્યાં કાટમાળ ફેંકવામાં આવતો હોય છે. તે માટે પાલિકાએ નડેબ્રિજ ઓન કોલથ યોજના પણ અમલમાં મૂકી છે.

હેલ્પલાઈન નંબર પણ છે. તેના પર ફોન આવ્યા બાદ પાલિકા સંબંધિત જગ્યા પરથી કાટમાળ ઉપાડી લેતી હોય છે. જોકે છતાં પણ કાટમાળ ગમે ત્યાં ફેંકવાનું પ્રમાણમાં ઘટાડો થયો નથી. તેથી પાલિકાએ ગમે ત્યાં કચરો ફેંકનારા તથા કાટમાળ ફેંકનારા પર નજર રાખવા સીસીટીવી બેસાડવાની છે, જેમાં મુખ્યત્વે પશ્ચિમ ઉપનગરમાં સીસીટીવી બેસાડવામાં આવવાના છે.

## સંસ્થા સમાચાર

### જેજેસી સેન્ટ્રલ બોર્ડના નેજા હેઠળ દિવાળી સ્નેહમિલન સમારોહ-૨૦૨૪ સંપન્ન



જેજેસી સેન્ટ્રલ બોર્ડ દ્વારા ગુજરાતભરના સેન્ટર્સના પદાધિકારીઓને એક છત્ર હેઠળ લાવીને પ્રથમ 'દિવાળી સ્નેહમિલન સમારોહ-૨૦૨૪' કચ્છમાં અંજાર ખાતે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

અંજારમાં 'ધ ફર્ન રોયલ ફાર્મ રિસોર્ટ' ખાતે આયોજિત આ સ્નેહમિલન સમારોહમાં કચ્છ વિસ્તારમાં ૧૨ સેન્ટરના પદાધિકારીઓ સજોડે સહભાગી થયા હતા. ખાસ આ સ્નેહમિલનમાં સહુકોઈને મળવા આવેલ 'જેજેસી સેન્ટ્રલ બોર્ડ'ના મુંબઈથી આવેલા પદાધિકારીઓએ સ્નેહમિલનમાં પોતાના વિચારો રજૂ કર્યા હતા. વિવિધ સેન્ટરના પ્રતિનિધિઓ તરફથી રજૂ કરવામાં આવેલ મંતવ્યો અને સૂચનો બાદ સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીઓ ચેરમેન કિશોરભાઈ શેઠ, વાઈસ ચેરમેન જયંતીભાઈ છાડવા અને ભાવિનભાઈ શાહ, સેક્રેટરી જનરલ ઉદયભાઈ સંઘવી, ડેવલપમેન્ટ સેક્રેટરી પ્રફુલભાઈ મહેતા, કોષાધ્યક્ષ મિલનભાઈ શાહે પ્રતિનિધિઓના સવાલોના જવાબ વ્યવસ્થિત રીતે આપીને સંતોષકારક સમાધાન કર્યું હતું. જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટના નવા વરાયેલા ચેરમેન રમેશભાઈ મોરબિયાનું બહુમાન સર્વે સેન્ટર તથા સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીઓ દ્વારા પ્રશસ્તિ પત્ર, સ્મૃતિચિન્હ અર્પણ કરીને તથા શાલ ઓઢાડીને કરવામાં આવ્યું હતું. જેજેસી સેન્ટ્રલ બોર્ડના સેક્રેટરી જિજ્ઞેશભાઈ ભાયાણીએ આભાર વિધિ કરી હતી.

### શ્રી વેંકટેશ દેવસ્થાન ખાતે બ્રહ્મોત્સવનો કાર્યક્રમ

ફણસવાડી સ્થિત શ્રી વેંકટેશ દેવસ્થાનમાં તમામ વૈષ્ણવ ઉત્સવોના અવસરે વિવિધ ઉત્સવોનું આયોજન કરવામાં આવે છે, તેમાંથી શ્રી બ્રહ્મોત્સવમ ભગવાનનો મુખ્ય વાર્ષિક ઉત્સવ છે. દર વર્ષે, શ્રી પતિ ભગવાન શ્રીમન્નારાયણ શ્રી વેંકટેશ્વર બાલાજી ફણસવાડી-મુંબઈનો ૯૭મો વાર્ષિક શ્રી બ્રહ્મોત્સવ ૨૯ ઑક્ટોબર ૨૦૨૪થી ૯ નવેમ્બર ૨૦૨૪ સુધી ઉજવવામાં આવશે. આ ઉત્સવ આ ઐતિહાસિક અને પ્રાચીન શ્રી વૈષ્ણવ દિવ્યદેશમાં શ્રીમદ્ જગદગુરુ ગાદી સ્વામી શ્રીનિવાસાચાર્યજી મહારાજ અને શ્રીમદ્ બાલક સ્વામી શ્રી અનંતાચાર્યજીની પાવન ઉપસ્થિતિમાં યોજાશે. દરરોજ સવાર-સાંજ ભગવાન વિવિધ વાહનોમાં ભક્તોને દર્શન આપવા શહેરમાં આવે છે. દેશના વિવિધ ભાગોમાંથી આવતા વિદ્વાનો દ્વારા દિવ્ય પ્રબંધપાઠ, વેદપાઠ, સ્તુતિ, હવન-પૂજા, ગોષ્ઠી, વિનિયોગ વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

### રોટરી કલબ દ્વારા નેત્રહીનોને સહાય

રોટરી કલબ ઓફ મુંબઈ કાંદિવલી વેસ્ટનાં પ્રમુખ દેવસિંહ સહાની, સેક્રેટરી રઘુનાથ પ્રભુ, નોન મેડિકલ ડિરેક્ટર ધર્મેન્દ્ર ગોહેલ અને અન્ય રોટરિયન્સ દ્વારા વરલીમાં નેશનલ એસોસિયેશન ઑફ બ્લાઈન્ડ (નેબ)ની મુલાકાત લઈને નેત્રહીનોને ૩૩૦ સફેદ લાકડી, શિક્ષણ સહાય, ૪૦ બેડશીટ આપી અને ભોજન કરાવ્યું હતું.

## જૈન મરણ

વાંકીયા નિવાસી હાલ અંધેરી સ્વ. બાબુલાલ વીરચંદ ઘેલાણીના પુત્ર અનીલ ઘેલાણી (ઉં. વ. ૭૩) તે રેખાબેનના પતિશ્રી. બંકીમ અને પૂજાના પિતાશ્રી. આશાબેન શશીકાંત દોષીના ભાઈ. સ્વ. અમૃતલાલ નાનચંદ શાહના જમાઈ ૨૧-૧૦-૨૪ના અરિહંતશરણ થયેલ છે. લૌકિક વ્યવહાર તેમ જ પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ચુડા નિવાસી હાલ કાંદિવલી સ્વ. ચંદનબેન વ્રજલાલ વોરાના સુપુત્ર અનિલભાઈ (ઉં. વ. ૬૨) તે વિભાબેનના પતિ. અર્પિતભાઈ - અમીબેન તથા વૈભવભાઈ-સ્નેહાબેનના પિતાશ્રી. દક્ષાબેન જયેશકુમાર અજમેરાના ભાઈ. વિહાનાના દાદા. મોસાળપક્ષે વસંતભાઈ શાહના ભાણેજ (અમદાવાદ). સોમવાર ૨૧-૧૦-૨૪ના દેહ પરિવર્તન કરેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર ૨૪-૧૦-૨૪ના ૧૦ થી ૧૧.૩૦. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, મલ્ટી પરપઝ હોલ, ૪થે માળે, એસ.વી. રોડ, લોહાણા મહાજનવાડીની સામે, કાંદિવલી (વેસ્ટ). (ચક્ષુદાન કરેલ છે).

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ ભચાઉના સ્વ. શાંતિબેન છેડા (ઉં.વ. ૬૯) તા. ૨૦.૧૦.૨૪ રવિવારે અવસાન પામેલ છે. પ્રેમજીના ધર્મપત્ની સ્વ. ગૌરીબેન વેલજી આંબાના પુત્રવધૂ. અમીત, સ્મીતા, પ્રીતી, દિપીકાના માતુશ્રી. ભાવના, નીલેશ, પ્રફુલ, પ્રતીકના સાસુ. શૈર્ય, હિતાશના દાદી. સ્વ. વિશાબેન હરખચંદ અખાના દિકરી પ્રાર્થના તા. ૨૪.૧૦.૨૪ના ૧૦.૩૦થી ૧૨ સ્થળ સરદાર પટેલ બાગ હોલ, પારલેશ્વર રોડ, અમર હોટેલની બાજુમાં, વિલેપાર્લે-ઈસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ડેપા હાલે છીંદવાડા ના જયેશ કુંવરજી મામણીયા (ઉં. વ. ૬૧) તા. ૧૭/૧૦/૨૪ના અવસાન પામેલ છે. હીરબાઈ કુંવરજીના સુપુત્ર. સ્વ. ઉષાના પતિ. વર્ચેશ, વિરાલીના પિતા. દિનેશ, મગન, દમયંતી, ચેતના, શોભા, મંગેશ, મીનુ, દિપાના ભાઈ. માતુશ્રી પાનબાઈ નાનજી સોનીના જમાઈ. મુંબઇમાં પ્રાર્થના રાખેલ નથી.

લુણીના ભાનુમતી તલકશી વિશનજી ગલિયા(શાહ)ની સુપુત્રી રસીલાબેન ઠાકુર (ઉં. વ. ૬૯) બુધવાર તા. ૧૬-૧૦-૨૪ના યુએસએમાં અવસાન પામેલ છે. નીલ, પુજાના માતુશ્રી. સરોજ, દીપક, નિશા, ડો. અલ્પા, નીનાના બેન. સ્વર્ગસ્થની ઇચ્છાનુસાર પ્રાર્થના સભા રાખેલ નથી. ઠે. દીપક શાહ. ભાનુ કુંજ, નોર્થ-સાઉથ રોડ નં. ૩, જુહુ સ્કીમ, વિલેપાર્લે-વેસ્ટ, મુંબઇ-૫૬.

કોડાયના માવજી વેલજી ગડા (ઉં. વ. ૮૭) તા. ૨૦-૧૦-૨૪ના અવસાન પામેલ છે. મેઘબાઈ વેલજી ગોવરના પુત્ર. હેમલતા/શાંતાના પતિ. નીતાના પિતાશ્રી. જયંતિભાઇ, બાબુભાઇ, નવાવાસના લક્ષ્મી તેજશી, બિદડાના રાજબાઇ કાનજી, ચંચલ નાનજી, રાયણના ઝવેર પ્રેમજીના ભાઇ. નવાવાસના જેઠાલાલ નથુ/બાડાના શામજી હેમરાજના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ગિરીશ કલ્યાણજી સાવલા, ભોલેનાથ ૨, બી ૧૦૨, પાટીલવાડી, સાવરકર નગર, થાણે (વે).

ગુંદાલાના દુર્ગાબેન ટોકરશી સાવલા (ઉં. વ. ૮૩) તા.૧૯-૧૦ના અવસાન પામેલ છે. ગંગાબાઈ ભવાનજી મુરજીનાં પુત્રવધૂ. ટોકરશીના પત્ની. વિજય, દિલીપ, નીતા, નયના, જીજ્ઞાના માતુશ્રી. કપાયા ભચીબાઈ વિશનજીની સુપુત્રી. મંગલ, નિર્મળા, નેમજી, મહેન્દ્રના બેન. પ્રા. શ્રી ક.વી.ઓ. સ્થા. જૈ. મહાજનવાડી, વોલ્ટાસ ઘરની સામે, ચિંચપોકલી, મું-૧૨, ટા.૨.૦૦ થી ૩.૩૦.

**પાલનપુર જૈન**

દિલીપભાઈ ગાંધી (ઉં. વ. ૮૦) સ્વ. લીલાવતીબેન ચીમનલાલ ગાંધીના પુત્ર. નયનાબેનના પતિ. નીરજભાઈ, કેયુરભાઈના પિતાશ્રી. રેણુકા તથા સોનલના સસરા. યશ, નાયશા, ધીર, જયના દાદા. ભગવતીબેન બાગમલભાઈ કોઠારીના જમાઈ. સુનિલભાઈ, બિન્દુબેન, સ્વ.અરુણાબેન, સ્વ.પ્રદીપ ભાઈ, અનિલાબેન, સ્વ. બિપીનભાઈ, નયનાબેન, સ્વ.અશોકભાઈના ભાઈ, તા.૨૨-૧૦-૨૦૨૪ના મંગળવારે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૨૩-૧૦-૨૦૨૪ બુધવાર સોફિયા કોલેજ બ્રીચ કેન્ડી, ૫ થી ૭.

## પારસી મરણ

નવલ ખરશેદજી કુપર તે પરવીઝના ખાવીંદ. તે મરહુમો આલામાય તથા ખરશેદજી કુપરના દીકરા. તે પરીનાઝ ઝરીર ગાંધીના પપ્પા. તે ઝરીર નોશીર ગાંધીના સસરાજી. તે યઝીશ્ની તથા અઝીતાના મમાવાજી.તે મરઝબાન તથા મરહુમો સામ, જીમી, ધન તથા ગુલ દાદીબા મુલ્લાના ભાઇ. (ઉં. વ. ૯૪) રે. ઠે. ૬૦૭-એ, અલગજ કો. હા. સો. મહાડા પવાર નગર, થાણે-૪૦૦૬૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૩-૧૦-૨૪ના બપોરે : ૩.૪૦ વાગે થાણા મધ્યે રૂસ્તમજી પટેલ અગિયારીમાં છેજી.

જાસ્મિન અદી જોશી, તે મરહૂમ અદીના પત્ની. તે મરહૂમ પરવેઝ અને મરહૂમ કેકીના પુત્રી. તે આરમાઈન અને શારૂખના માતા. તે શર્લી અને સુધીરના સાસુ. તે કૈઝિન અને અર્શાનના ગ્રાન્ડ મધર. તે મરહૂમ મિનુના બહેન. તે મરહૂમ કેકોબાદના વહુ. (ઉં. વ. ૮૦) ર.ઠે. ડી-૩૦૧, મેરી એલન બિલ્ડિંગ, ઓફ સિઝર રોડ, અંધેરી-વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૫૮.

## હિન્દુ મરણ

**વડનગરા નાગર**

મહુવાવાસી હાલ કાંદિવલી લીલા દેસાઈ (ઉં. વ. ૮૧) તા.૨૦.૧૦.૨૪ના કૈલાસવાસી થયા છે. તે સ્વ.મધુકાંત દેસાઈના પત્ની. સ્વ.ચંદ્રકાંતા હરિભાઈ દેસાઈના પુત્રી. મનીષા અને રાજીવના માતુશ્રી. રતનશી પઢિયારના વેવાણ, હિંમતભાઈ કારિયાના સાળી. રોનકના દાદી. પ્રાર્થનાસભા તા.૨૪.૧૦.૨૦૨૪ના ગુરુવારે ૪ થી ૬. વૈષ્ણવ બેંકવેટ, પારેખનગર, શતાબ્દી હોસ્પિટલ સામે, કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

મોટા આસરાણાવાળા હાલ કાંદિવલી રમેશભાઈ (કાળુભાઈ) રણછોડદાસ સંઘવી (ઉં. વ. ૮૯) ૨૧/૧૦/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે મધુબેનના પતિ. ઉસીતના પિતા. સીમાના સસરા. સ્વ. ભગવાનદાસ, સ્વ.શામળદાસ, સ્વ. પદમાબેન જગમોહનદાસ કાણકિયાના ભાઈ. સ્વ.નેમચંદ વાલજી મહેતાના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

સિહોરવાળા હાલ દહીસર ગં.સ્વ. પ્રતીમાબેન (ઉં. વ. ૭૪) તે સ્વ. મધુસુદન ખુશાલદાસ વળીયાના પત્ની. નીરવ અને ધવલ વળીયાના માતુશ્રી. પિયર પક્ષે બરોડાવાળા સ્વ. નિર્મળાબેન કાન્તીલાલ મહેતાના પુત્રી. શ્રુતી અને પૂર્વીના સાસુ. સ્વ. ધનલક્ષ્મી નવનીતલાલ મહેતા, સ્વ. ઉષાબેન રમેશચંદ્ર સંઘવી, સ્વ. પ્રવીણભાઈ, સ્વ. મહેશભાઈ તથા નયનભાઈ વળીયાના ભાભી ૨૦-૧૦-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૪-૧૦-૨૪ના ૪ થી ૬, કલબ હાઉસ, ઉથોપીયા ગાર્ડન ગ્રુપ ફેસ ૨, કાન્તી પાર્ક, ગોરાઈ-૧, બોરીવલી (વેસ્ટ).

**સૌરાષ્ટ્ર ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ**

ગોરડકા નિવાસી હાલ ઘાટકોપર દિનેશ ભગવાનજી વ્યાસ (ઉં. વ. ૬૭) તા. ૧૯-૧૦-૨૪ના સ્વર્ગવાસી થયેલ છે. તે પુષ્પાબેનના પતિ. કરણ, અમીના પિતા. સુવર્ણાના સસરા. રમણિકલાલ રેવાશંકર વ્યાસના ભત્રીજા. જનક, રોહિત, વિપુલના મોટાભાઈ. સાદડી પ્રથા બંધ છે.

**પરજીયા સોની**

મૂળ ગામ મહુવાવાળા હાલ દહિસરના સ્વ. સુમનબેન તથા સ્વ. હિંમતલાલ માધવજી ઝવેરી (સોની)ના સુપુત્ર નરેન્દ્રભાઈ ઝવેરી (ઉં. વ. ૭૨) ૨૦/૧૦/૨૪ના અક્ષરનિવાસી થયેલ છે. તે ઉષાબેનના પતિ. મમતા વીરાંગ ઝવેરીના સસરા. અરૂણભાઈ, હરેશભાઇ, ગં.સ્વ.પ્રવિણાબેન નરેન્દ્રકુમાર સાગર. ગં. સ્વ. નલિનીબેન સુભાષકુમાર સતિકુંવરના ભાઈ. સાસરાપક્ષે સ્વ.સવિતાબેન અમૃતલાલ ધોરડા વાસીયાળીવાળાના જમાઈ. સાદડી તા.૨૪/૧૦/૨૪ના ૧૧ થી ૧૨. સોનીવાડી, શીમ્પોલી સિગ્નલ, બોરીવલી વેસ્ટ.

**રામાનંદી સાધુ**

સ્વ. ભૂપેન્દ્ર વલ્લભરામ આચાર્ય (ઉં. વ. ૬૪) ગામ વઢવાણ હાલ મુંબઈ ૨૧/૧૦/૨૪ સોમવારના રામશરણ પામેલ છે. તે ભાવનાબેનના પતિ. રાહુલ અને ધવલના પિતા. હિરલ અને ભક્તિના સસરા. મિશિકાના દાદા. સર્વ પક્ષે પ્રાર્થનાસભા ૨૪/૧૦/૨૪ ગુરુવારના રખેલ છે. ૪ થી ૬, શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ.ટી. રોડ, ડાયમંડ ટોકીઝ સામે, બોરીવલી વેસ્ટ.

**કપોળ**

મહુવાવાળા હાલ વિલેપાર્લે (વેસ્ટ) નિવાસી સ્વ. કાંતિલાલ દ્વારકાદાસ ચિતલીયાના ધર્મપત્ની ગં. સ્વ. રંજનબેન (ઉં. વ. ૯૫) ૨૦મી ઓકટોબર, ૨૪ને રવિવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**સુરતી વિશા લાડ વણિક**

ગં. સ્વ. શોભાબેન (સુશીલાબેન) જરીવાલા (ઉં. વ. ૯૦) તે સ્વ. દિનેશભાઇના પત્ની. ભાવિન અને નીતિના માતુશ્રી. દીપા અને ધર્મેશભાઇના સાસુ. નિહાર અને હેત્વીના દાદી. સ્વ. ચીમનલાલ પ્રાણજીવનદાસ દલાલ અને કળાવતીબેન દલાલ (સાડીવાળા)ની સુપુત્રી. સ્વ. નટવરભાઇ, સ્વ. ચંદ્રવદનભાઇ, કિશોરભાઇ, સ્વ. સુરેશભાઇ, દિલીપભાઇ, સ્વ. ઉષાબેન, સ્વ.અંજનાબેનના બેન. તે સ્વ. કિશોરભાઇ જરીવાળાના ભાભી. તા. ૨૨-૧૦-૨૪ના મંગળવારે મુંબઇ મુકામે શ્રીજીચરણ પામ્યા છે લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઇડર ઔદિચ્ય પિસ્તાલીસ જ્ઞાતિ બ્રાહ્મણ**

ગામ બ્રહ્મપુરી હાલ વાલકેશ્વર રોનક (ઉં. વ. ૪૦) તે દીપિકાબેન અને કીરીટભાઇ જટાશંકર મહેતાના પુત્ર. હર્ષાબેન-કિશોરભાઇ, મહેશ્વરીબેન-વિનોદભાઇ, કિરણબેન-બીરજુભાઇના ભત્રીજા. સ્વ. ભાવિન, કુણાલ, હેમાન્ગ અને જયના ભાઇ. સ્વ.ધનગૌરીબેન નારાયણભાઇ ત્રિવેદીના દોહિત્ર તા.૨૦/૧૦/૨૦૨૪ને રવિવારે અક્ષરધામ પામ્યા છે.પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

**મોઢ વાણીયા**

જામનગરવાળા હાલ નવી મુંબઈ ઈશ્વરલાલ દ્વારકાદાસ શેઠના પુત્ર નવિનચંદ્ર રતનજી પટેલના જમાઈ મહેન્દ્રભાઈ (ઉં. વ. ૮૪) તા. ૨૦-૧૦-૨૦૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ.રજનીના પતિ. રવિશ અને લીપાના પિતા. જતીન મહેતા અને જયશ્રી શેઠના સસરા. સ્વ. બિપિનભાઈ, સ્વ.યશેશભાઈ તથા ઈન્દીરાબેન અનિલ પટેલના ભાઈ. પ્રાર્થનાસભા લૌકિક વ્યવહાર બંધ છે. ૬-દેવ-આશીષ, પ્લોટ નં ૨૩૨, સેક્ટર નં ૨૮, વાશી, નવી મુંબઈ.

નવમા પાનાનું ચાલુ

### પુણેમાં કારમાંથી

શિવપુર ટોલનાકા પર ચેકિંગ ચાલી રહ્યું હતું. આ દરમિયાન પુણેથી કોલ્હાપુર જતી કારમાંથી પોલીસને રૂ. પાંચ કરોડ મળી આવ્યા હતા. આ કારમાં સાંગોલાના વિધાનસભ્ય શાહજી બાપુ પાટીલના નજીકના કાર્યકર શાહજી નલાવડે બેઠા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, આ કાર શાહજી બાપુ પાટીલના પુત્રના નામે નોંધાયેલ છે. પોલીસે કાર કબજે કરી લીધી છે.

પુણે ગ્રામીણ પોલીસ અધિકારીએ કહ્યું કે , 'નાકાબંધી દરમિયાન મુંબઈ-બેંગલૂરુ હાઈવે પર ખેડ-શિવપુર પ્લાઝા નજીક સતારા તરફ જઈ રહેલી એક કારને રોકવામાં આવી હતી. તપાસ દરમિયાન વાહનમાં મુસાફરી કરી રહેલા ચાર લોકો પાસેથી રૂ.પાંચ કરોડની બિનહિસાબી રોકડ મળી આવી હતી. પોલીસ અને જિલ્લા ચૂંટણી અધિકારીઓ પૈસાની ગણતરી કરી રહ્યા છે. રોકડનો સ્રોત અને અન્ય વિગતો તપાસ હેઠળ છે. '

દરમિયાન, શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે)ના નેતા સંજય રાઉતે દાવો કર્યો હતો કે (મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ) શિંદેના નેતૃત્વવાળી શિવસેનાના વિધાનસભ્યની કારમાંથી ૧૫ કરોડ રૂપિયાની રોકડ જપ્ત કરવામાં આવી છે. સંજય રાઉતે પૂછ્યું કે આ વિધાનસભ્ય કોણ છે? અને દાવો કર્યો કે મુખ્ય પ્રધાને ૨૦ નવેમ્બરે યોજાનારી આગામી વિધાનસભા ચૂંટણી માટે દરેક ઉમેદવારને ૭૫ કરોડ રૂપિયા મોકલ્યા છે.

જો કે રાઉતે કથિત વિધાનસભ્ય (સાંગોલાના)ની ઓળખ કરી નહોતી, તેમણે તેમની સોશિયલ મીડિયા પોસ્ટમાં અપરાધીને (શાહજીબાપુ પાટીલ) દોષી ઠેરવવા માટે પૂરતા સંકેતો આપ્યા હતા કે જેને રૂ. ૧૫ કરોડનો 'પ્રથમ હપ્તો' મોકલવામાં આવ્યો છે.

મંગળવારે સવારે, પાટીલે એસયુવીમાં મળેલી રોકડ સાથે તેમને કોઈ સંબંધ હોવાનો સખત ઇનકાર કર્યો હતો. તેમણે કહ્યું કે ચૂંટણી નજીક હોવાથી તેમને જાણી જોઈને નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

મેં પોતે ગઈ કાલે રાત્રે ટીવી પર રોકડ જપ્તીના સમાચાર જોયા. મારું નામ ક્યાંય લખ્યું નહોતું . આ કાર સાથે મારો કોઈ સંબંધ નથી. તે તાલુકામાં મારા હજારો કાર્યકરો હાજર છે, પરંતુ મને ખબર નથી કે તે કોની કાર છે. ગઈ કાલે હું આખો દિવસ ગામડાઓમાં ફરતો હતો અને લોકોને મળતો હતો.

વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે ત્યારે નાણાંની, દારૂની હેરફેર પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે તે દરમિયાનની તપાસમાં એક કારમાંથી પાંચ કરોડ મળ્યા હતા.

### હવે ધોરણ ૧૦ની

થશે. જોકે, સરકારના આ નિર્ણયની કેટલાક શિક્ષણવિદોએ આલોચના પણ કરી છે. એજ્યુકેશનિસ્ટ હેરમ્બ કુલકર્ણીએ કહ્યું હતું કે, વિદ્યાર્થીઓ માટે આ ખૂબ જ ખતરનાક નિર્ણય છે. એમ લાગે છે કે સરકાર ગ્રેજ્યુએટોની સંખ્યામાં વધારો કરવા માગે છે.

સરકારે ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાનો નિર્ણય લેવો જોઈએ. હવે તો એવો સમય છે કે ટેક્નોલોજીના આધારે લોકોને નોકરીઓ મળશે તેના માટે ગણિત અને વિજ્ઞાન ખૂબ જ જરૂરી છે. 'વિદ્યાર્થીઓ માત્ર પાસ થવા કરતાં વધુ જ્ઞાન અને કૌશલ્ય પ્રાપ્ત કરે તે સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરવો મહત્ત્વપૂર્ણ છે. મેં ઘણી વાર જોયું છે કે અમારી પાસે આવતી ડિગ્રી ધરાવતી વ્યક્તિ સાદી ગણતરી પણ કરી શકતી નથી ગણિતમાં પાસ થવા કરતાં ગણિતને વધુ આનંદદાયક કેવી રીતે બનાવવું, તે કેવી રીતે સરળ રીતે શીખવી શકાય? તે ધ્યાનમાં લેવું જોઈએ.'

અન્ય એક શિક્ષણશાસ્ત્રીએ જણાવ્યું હતું કે ''વિજ્ઞાન વિદ્યાર્થીઓના વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો વિકાસ કરે છે.

જ્યારે ગણિત વિદ્યાર્થીઓની તર્ક શક્તિનો વિકાસ કરે છે. તેથી, આ વિષયો વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ સાથે સંબંધિત છે. તેઓને ગમ્મત સાથે જ્ઞાન મળે અને આ વિષયોમાં રસ પડે એવું વાતાવરણ નિર્માણ કરવું જરૂરી છે.

### મુંબઈ સહિત

તો એમવીએના ભાગે ૧૦માંથી ૭ લોકસભા બેઠક આવી છે. કોંકણમાં મહાયુતિએ ૬માંથી ૫ બેઠક મેળવી હતી અને મુંબઈમાં પણ એમવીએનો હાથ ઉપર રહ્યો હતો કારણ કે અહીંની ૬માંથી ચાર બેઠક તેમને મળી હતી અને એક બેઠક પર માત્ર એક મતના માર્જિનથી શિંદેસેનાના ઉમેદવાર જીત્યા હતા.

આ વિસ્તારોની એવી ૩૦ બેઠક છે જે એમવીએના હાથમાં છે અને મહાયુતિએ તેમની પાસેથી લેવા માટે ભારે મહેનત કરવી પડશે. જેમાં જ્ઞાતિનાં સમીકરણો સાથે જનસંપર્ક કેટલો સાધી શકાય છે અને કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓની માહિતી કેટલી આપી શકાય છે, તે મહત્ત્વનું બની રહે છે.

વિદર્ભમાં ભાજપનો દબદબો હતો, પરંતુ લોકસભામાં આમ ન થયું ત્યારે હવે વિધાનસભામાં પોતાનો ગઢ ફરી મેળવવા ભાજપ કોશિશ કરશે. ઉપમુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ ખુદ આ પ્રાંતનું પ્રતિનિધિત્વ કરે છે. જોકે લોકસભાની જેમ આ ચૂંટણીમાં પણ ખેડૂતોની નારાજગીનો સામનો ભાજપે કરવો પડશે. આ સાથે અહીંના દલિત, મુસ્લિમ અને કુનબી સમાજનું સમર્થન એમવીએને વધારે મજબૂત બનાવી રહ્યું છે.

ભાજપ શહેરી વિસ્તારોમાં મજબૂત રહ્યું છે, પરંતુ મુંબઈ,પુણે, નાગપુર જેવાં શહેરોની જરૂરિયાતો ન સંતોષાતી હોવાથી અહીં પણ લોકો નારાજ છે. કૉંગ્રેસ-એનસીપી ગ્રામીણ વિસ્તારોમાં પહેલેથી સારું સમર્થન ધરાવે છે. વિધાનસભામાં ૫,૦૦૦થી ૨૦,૦૦૦ મતનો તફાવત ચિત્ર બદલી શકતું હોય છે ત્યારે આ બેઠકો પર બન્ને ટીમનો ઘણોખરો મદાર રહેલો છે.

### ગણેશ નાઈકના પુત્ર

વિસ્તારમાં દબદબો ધરાવનારા સંદીપના પિતા અને ભૂતપૂર્વ પ્રધાન ગણેશ નાઈકને ઐરોલી વિધાનસભા બેઠક પર ભાજપએ ફરી ઉમેદવારી આપી છે.

એનસીપી - એસપીના રાજ્ય એકમના પ્રમુખ જયંત પાટીલે સંદીપ નાઈકનું સ્વાગત કર્યું હતું. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ભાજપ તરફથી ઉમેદવારી ન મળવાના કારણે સંદીપ નાઈક નારાજ હતા. ઘણા કાર્યકરો અને નેતાઓ (અન્ય પક્ષોના) એનસીપી (એસપી) માં જોડાવા ઉત્સુક હોવાનો દાવો પાટીલે કર્યો હતો.

નાઈક પરિવાર અને ભાજપનાં વિધાનસભ્ય મંદા મ્હાત્રે વચ્ચે રહેલા જૂના વિખવાદને કારણે બેલાપુર મતવિસ્તાર વિભાજિત થાય છે. અહીં કૃષિ - કોળી સમુદાયની નોંધપાત્ર વસ્તી છે.

૨૦૧૪ની ચૂંટણીમાં મ્હાત્રેએ ગણેશ નાઈને હરાવ્યા હતા. એ સમયે નાઈક અવિભાજિત એનસીપી સાથે હતા. ત્યારબાદ તેઓ ભાજપમાં જોડાયા હતા. (પીટીઆઈ)

### મહાયુતિમાં

પુત્રએ મહાયુતિના જ એક પક્ષ શિવસેના (શિંદે)માં પ્રવેશ કરવાની જાહેરાત કરી છે.

ભાજપના સાંસદ નારાયણ રાણેના પુત્ર અને પૂર્વ સાંસદ નિલેશ રાણેએ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેનામાં જોડાવવાનો નિર્ણય કર્યો છે.

રાણેએ પત્રકાર પરિષદ યોજીને પોતાનો નિર્ણય જાહેર કર્યો હતો. સીટ ફાળવણીમાં કુડાલ વિધાનસભાની સીટ શિવસેનાને મળી છે અને નિલેશ રાણે ત્યાંથી ચૂંટણી લડવા માગે છે, તેથી તેણે આમ કર્યું હોવાનું સમજી શકાય છે.

જોકે નિલેશ રાણેનો આ ચોથો પક્ષપલટો છે. ૧૯ વર્ષ પહેલા શિવસેના જ્યારે એક હતી અને બાળ ઠાકરે તેનું સંચાલન કરતા હતા ત્યારે તેણે પોતાની રાજકીય કારકિર્દી શરૂ કરી હતી.

શિવસેના છોડ્યા બાદ તેઓ કૉંગ્રેસમાં જોડાયા હતા. ત્યાંથી સાંસદ પણ બન્યા. ત્યાર બાદ પિતા નારાયણ રાણે દ્વારા રચિત મહારાષ્ટ્ર સ્વાભિમાન પાર્ટીમાં જોડાયો. બાદમાં રાણેએ આ પાર્ટીને ભાજપમાં ભેળવી દીધી. જેથી નિલેશ પણ ભાજપમાં જોડાઈ ગયો. હવે તેઓ શિવસેનામાં પાછા ફરી રહ્યા છે.

બીજી બાજુ નિલેશનો ભાઈ નિતેશ ભાજપનો વિધાનસભ્ય છે અને પિતા નારાયણ રાણે ભાજપના સાંસદ છે ત્યારે હવે એક પરિવારમાં બે પક્ષના સભ્યો રહેશે, તેવો ઘાટ ઘડાયો છે.

રાણેએ પત્રકાર પરિષદમાં કહ્યું કે હું કાર્યકરો સાથે ભાજપમાં જોડાયો અહીં મને પ્રેમ અને માન મળ્યું અને શિસ્ત શિખવા મળ્યું.

જોકે તેણે એમ પણ કહ્યું કે યુતિ હોય ત્યારે અમુક નિયમો પાળવા પડે, આથી હવે હું શિવસેના (શિંદે)માં આવ્યો છું અને વિધાનસભાની ચૂંટણી લડીશ અને જીતી બતાવીશ.

### મુંબઈગરા પીવાનું પાણી

ભાતસા જળાશયના કેચમેન્ટ એરિયામાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી સતત વરસાદ પડી રહ્યો છે, તેને કારણે ૨૧ ઑક્ટોબર, ૨૦૨૪થી નદીના પટમાં મોટા પ્રમાણમાં પાણીની સાથે કાદવ અને માટી જમા થઈ રહ્યો છે.

મુંબઈ મહાનગરમાં પૂર્વ ઉપનગર અને શહેર વિભાગમાં અમુક વિસ્તારમાં ગંદુ અને ડહોળું પાણી પુરવઠો થઈ રહ્યો હોવાની ફરિયાદ આવી રહી છે. તેથી પાલિકાના વોટર ફિલ્ટરેશન પ્લાન્ટમાં ઉપાયયોજના અમલમાં મૂકવામાં આવી છે. છતાં નાગરિકોને તકેદારીના પગલારૂપે પાણી ઉકાળીને અને ગાળીને પીવાની સલાહ આપવામાં આવી છે.

મુંબઈના નાગરિકોને પ્રતિદિન સાત જળાશયોમાંથી ૩,૮૫૦ મિલિયન લિટર પર ડે જેટલો પાણી પુરવઠો કરવામાં આવે છે, જેમાં ૫૦ ટકાથી પણ વધુ પાણીપુરવઠો ભાતસા જળાશયમાંથી કરવામાં આવે છે. ભાતસા જળાશયના કેચમેન્ટ એરિયામાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી મુશળધાર વરસાદ પડી રહ્યો છે, તેને પરિણામે નદીના પટમાં આવતા પાણીમાં કાદવ-કીચડનું પ્રમાણ ૨૧ ઑક્ટોબરથી વધી ગયું હોવાનું જણાઈ આવ્યું છે.

સુધરાઈના પાણીપુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ છેલ્લા બે-ત્રણ દિવસથી ઉપનગર તથા શહેરના અમુક વિસ્તારોમાં ઘરમાં ડહોળું પાણી મળી રહ્યું હોવાની ફરિયાદો આવી રહી છે. તેથી પાણીમાં રહેલી ગંદકી દૂર કરવા માટે ફિલ્ટરેશન પ્લાન્ટમાં યોગ્ય પગલા લેવામાં આવી રહ્યા છે. પાણીને ચોખ્ખુ કરવા માટે જંતુનાશક તરીકે ક્લોરીનનો પૂરતો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેથી આગામી દિવસ નાગરિકોને ડહોળું પાણી મળી શકે છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# લેબગ્રોન ડાયમંડ

## કૃત્રિમ હીરાની ચમકમાં ઝાંખપ કેમ ?!



કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

લગ્નસરાની મોસમ નજીક આવી રહી છે અને સોનાના ભાવ નવા નવા શિખરો સર કરી રહ્યાં છે ત્યારે ડાયમંડ માર્કેટમાં પણ કરંટ આવ્યો છે. અલબત્ત શેરબજાર અને બુલિયન બજારની જેમ ડાયમંડ બજારમાં ઝડપી વધઘટ જોવા નથી મળતી. આ બાબતને ધ્યાનમાં રાખીને આપણે આજે લેબગ્રોન (એલજીડી) સામેના પડકારોની વાત કરીએ. આ સેગમેન્ટની તકો અને સંભાવનાઓ વિશે આગામી લેખમાં વાત કરીશું.

વાત એમ છે કે હાલમાં આ સેગમેન્ટનું ગુલાબી ચિત્ર ઊપસી રહ્યું છે પરંતુ હજુ મહિના અગાઉ સુધી કૃત્રિમ હીરાની ચમક ઝાંખી પડી રહી હોવાના અહેવાલો હતા. ઉદ્યોગ અગ્રણીઓના મતે ભાવમાં ઘટાડો, ગ્રાહકોના વિશ્વાસમાં ઘટાડો, લેબગ્રોન ડાયમન્ડ ઉદ્યોગ માટે આયાત મુખ્ય પડકારો છે.

આ બધામાં આયાત સાથેની સ્પર્ધા એ સ્થાનિક લેબગ્રોન ડાયમન્ડ ઉદ્યોગ સામેનો મુખ્ય પડકાર છે. થિંક ટેન્ક જીટીઆરઆઈના અહેવાલ અનુસાર ભારત એક તરફ એલજીડીને મામલે વધુ પડતા ઉત્પાદનને કારણે સર્જાયેલી પરિસ્થિતિનો સામનો કરી રહ્યું છે, ત્યારે બીજી તરફ એલજીડીની મોટા પ્રમાણમાં આયાત ચાલુ રહેવાથી માહોલ વધુ બગડ્યો છે.

ઉદ્યોગના અગ્રણીઓ એવા સૂચનો કરી રહ્યાં છે કે, આ પડકારોનો સામનો કરવા માટે સરકારે ગુણવત્તા, પ્રમાણપત્ર અને બજારની વિધિ-પ્રક્રિયા માટે એક નિયત ધારાધોરણ સ્થાપિત કરવા માટે સ્પષ્ટ અને સુસંગત નિયમો સેટ કરવા જેવા ચોક્કસ પગલાં લેવાની જરૂર છે.

એ જ સાથે એવી અપીલ પણ કરી રહ્યાં છે કે, સરકારે આયાતની ગુણવત્તા ચકાસવા માટે ગુણવત્તા નિયંત્રણ આદેશ જારી કરવો જોઇએ અને આ ક્ષેત્રે ઝંપલાવનાર કંપનીઓએ ઉત્પાદન પ્રક્રિયાઓને સુધારવા, ખર્ચ ઘટાડવા અને ગુણવત્તા સુધારવા માટે સંશોધન અને વિકાસમાં રોકાણ કરવું જોઇએ.

ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઇનિશિયેટિવ (જીટીઆરઆઈ)એ જણાવ્યું હતું કે ભારતની લેબગ્રોન ડાયમંડ ઇન્ડસ્ટ્રી એક મોટા પડકારનો સામનો કરી રહી છે, જેમાં સ્થાનિક ઓવરપ્રોડક્શન અને વિદેશથી વધુ પડતા સપ્લાયને કારણે પાછલા વર્ષના રૂ. ૬૦,૦૦૦ પ્રતિ કેરેટ સામે ૬૫ ટકાના તોતિંગ કડાકા સાથે રૂ. ૨૦,૦૦૦ સુધી નીચી સપાટીએ પહોંચી ગયા હતા.

આ તીવ્ર ઘટાડો વધુ પડતા ઉત્પાદન, આયાતના અતિરેક અને નિયમનના અભાવ જેવી સમસ્યાઓ તરફ અંગુલીનિર્દેશ કરે છે, જે કન્ઝ્યુમર કોન્ફિડેન્સને નુકસાન પહોંચાડે છે. આ ઉચ્ચ વૃદ્ધિ ધરાવતા ઉદ્યોગને પાટા પર લાવવા માટે તાત્કાલિક સુધારાત્મક પગલાંની જરૂર છે.

દરમિયાન, કુદરતી હીરાની કિંમત કેરેટ દીઠ આશરે રૂ. ૩.૫ લાખ છે અને આ ભાવમાં ઘટાડો ઉત્પાદકો માટે લેબગ્રોન ડાયમંડ બનાવવાનાં મશીનો ખરીદવા માટે લીધેલી લોનની ચુકવણી કરવી મુશ્કેલ બનાવે છે, જેનાથી તેઓ નાણાકીય તાણ હેઠળ આવી રહ્યાં હોવાના અહેવાલો છે.

નોંધવું રહ્યું કે, પ્રયોગશાળામાં તૈયાર કરવામાં આવેલા, લેબગ્રોન હીરા, જેમ કે નામ સૂચવે છે, તે પ્રાકૃતિક ઉચ્ચ દબાણ, ઉચ્ચ તાપમાનની કૃત્રિમ સ્થિતિનું સર્જન કરીને પ્રયોગશાળામાં તૈયાર કરવામાં આવે છે, જેમાં પૃથ્વીના આવરણમાં હીરાની રચના થાય છે. આ હીરા રાસાયણિક, ભૌતિક અને ઓપ્ટિકલી કુદરતી હીરા જેવા જ હોય છે.

કુદરતી હીરા વિવિધ આકારોમાં આવે છે, જ્યારે પ્રયોગશાળામાં તૈયાર કરવામાં આવેલા હીરા સામાન્ય રીતે ચોરસ અથવા લંબચોરસ હોય છે. લેબગ્રોન ડાયમંડ્સ રફ સ્વરૂપમાં બનાવવામાં આવે છે અને કુદરતી હીરાની જેમ જ તેને કાપી અને પોલિશ કરવાની જરૂર પડે છે.

લેબગ્રોન ડાયમંડ ઇન્ડસ્ટ્રીને ભાવમાં ઘટાડો, સ્થાનિક અને આયાત બંને તરફથી તીવ્ર સ્પર્ધા અને સ્પષ્ટ નિયમનકારી માળખાના અભાવ સહિત અનેક પડકારોનો સામનો કરવો પડે છે. આ મુદ્દાઓ ભારતના લેબગ્રોન હીરા ક્ષેત્રની સતત વૃદ્ધિ અને નફાકારકતા માટે સંભવિત જોખમો ઊભાં કરે છે.

એક માહિતી અનુસાર ભારતમાં પ્રયોગશાળામાં તૈયાર કરવામાં આવતા હીરાનું ઉત્પાદન કરનારા એકમોની સંખ્યા વધીને ૧૦,૦૦૦ સુધી પહોંચી ગઈ છે, જેના કારણે માગ કરતા પુરવઠો વધુ પડતો થઇ ગયો છે, જે સખત સ્પર્ધા ઊભી કરે છે.

આ પરિસ્થિતિમાં નેટરલ ડાયમંડને નામે લેબગ્રોન ડાયમંડ પધરાવવાની પ્રવૃત્તિ વધી જાય તો પણ નવાઇ નહીં. આનું કારણ એ છે કે, નરી આંખે આ કૃત્રિમ હીરા પરખાઇ શકાતાં નથી. એકમાત્ર, આશરે રૂ. ૧૫ લાખની કિંમતનું મોંઘુંદાટ મશીન જ તેને પારખી છે.

આ અત્યંત ચિંતાજનક પરિસ્થિતિ છે, જ્યાં લોકોને આશંકા થાય છે કે ક્યાંક તેમણે ખરીદેલા હીરાનો હાર પ્રયોગશાળામાં તૈયાર કરવામાં આવેલા હીરાનો બનેલો તો નથી? અલબત્ત વ્યક્તિગત સર્ટિફિકેશન જેવી બાબતો હોય છે, પરંતુ એક કાયદેસર માળખું પણ હોવું આવશ્યક છે.

ઉદ્યોગમાં આવી પ્રથાઓને તપાસવા માટે સ્પષ્ટ નિયમોનો અભાવ છે, જેના કારણે ગુણવત્તાની ખાતરી કરવી મુશ્કેલ બને છે. યોગ્ય સર્ટિફિકેશનનો અભાવ અને ઓછા ભરોસાથી બજારની કામગીરી ઉદ્યોગની વૃદ્ધિને ધીમી કરી શકે છે.

ભારતમાં લેબગ્રોન હીરાની ૯૮ ટકા આયાત હોંગકોંગ અને યુએઈમાંથી થાય છે. છેલ્લા તાજા ડેટા અનુસાર આયાતી રફ હીરામાંથી લગભગ ૨૦ ટકા નિકાસ માટે કાપીને પોલિશ્ડ કરવામાં આવતા હતા, જ્યારે બાકીનો સ્થાનિક બજારમાં ઉપયોગ થતો હતો.

ગ્રાહક બાબતોના મંત્રાલયે જ્વેલરીમાં લેબગ્રોન હીરાને સ્પષ્ટપણે લેબલ કરવા અને પ્રમાણિત કરવા માટે માર્ગદર્શિકા બનાવવી જોઈએ અને વેચાણના ઈન્વોઈસમાં સ્પષ્ટપણે જણાવવું જોઈએ કે તેઓ જે જ્વેલરી વેચે છે તેમાં લેબગ્રોન હીરાનો સમાવેશ થાય છે કે નહીં.

પ્રયોગશાળામાં તૈયાર કરવામાં આવેલા હીરાના મુખ્ય ઉત્પાદકોમાં ચીન, યુએસએ અને ભારતનો સમાવેશ થાય છે. વૈશ્વિક સ્તરે, ખાસ કરીને યુએસએ, યુરોપ અને એશિયામાં, પ્રયોગશાળામાં તૈયાર કરવામાં આવેલા હીરાનું બજાર વિસ્તરી રહ્યું છે.

નિષ્ણાતો માને છે કે, ભારતીય પ્રયોગશાળા દ્વારા તૈયાર કરવામાં આવેલા હીરા, આંતરરાષ્ટ્રીય બજારમાં ટોચનું સ્થાન મેળવી શકે છે અને ભારત એલજીડીનું હબ બનવાની સંભાવના સાથે નોંધપાત્ર વૃદ્ધિ માટે તૈયાર છે. જો કે, હાલ તો ઉત્પાદનના અતિરેક, આયાતમાં ઘટાડો, ભાવની અસ્થિરતા, નાણાકીય તાણ અને નિયમનકારી અસ્પષ્ટતાના પડકારોની સમસ્યા ઉકેલવી ઉદ્યોગ માટે નિર્ણાયક છે.

લોકો પ્રાકૃતિક હીરાને બદલે પ્રયોગશાળામાં બનાવેલા હીરાની ખરીદી કરવા લાગ્યા છે, કારણ કે પ્રયોગશાળામાં તૈયાર કરવામાં આવેલા હીરા ચમકમાં અને દેખાવે કુદરતી હીરા જેવા જ દેખાય છે, ઉપરાંત તે કિંમતમાં ઘણાં સસ્તા પણ હોય છે, ઘણી વખત તો તેની કિંમત કુદરતી હીરા સામે દસગણી ઓછી હોય છે. આ નોંધપાત્ર કિંમત તફાવત લેબગ્રોન હીરાને ગ્રાહકો માટે વધુ પોસાય તેવો વિકલ્પ પૂરો પાડે છે. ■

સાયબર સાવધાની
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# ભૂલથી ગયેલા પાંચ હજાર મેળવવામાં છ લાખનો ફટકો

ઓનલાઈન પર ભૂલથી કે અજાણતા કોઈ રકમ ગુમાવી હોય અને ઓનલાઈન થકી જ એ સમસ્યાનો ઉકેલ મેળવવામાં અગણિત જોખમો છે. ઓનલાઈન પર ધુતારા જાળ પાથરીને ડાઘિયા કૂતરાની જેમ રાહ જોઈને જ બેઠા હોય છે. જેનો શિકાર સંપર્ક કરે એટલે તરત બાટલામાં ઉતારી જ દે.


થોડા સમય અગાઉ મુંબઈની એક યુવતીને આવો જ આઘાતજનક અનુભવ થયો. આ બહેને પોતાની બૅંકની મોબાઈલ એપ દ્વારા કાર્ડલેસ ચુકવણીની શરૂઆત કરી હતી. અજાણતા કે ભૂલમાં એમનાથી રૂપિયા પાંચ હજારની રકમ ટ્રાન્સફર થઈ ગઈ. એસ.એમ.એસ. આવતા આ બાબતની જાણ થઈ. તેમના પાંચ હજાર રૂપિયા યુ.પી.આઈ. દ્વારા કેરળ પહોંચી ગયા હતા. એ પણ કેરળના મુખ્ય પ્રધાનના કોવિડ સંબંધી આપત્તિ રાહત ફંડમાં.

ખૂબ વિચારીને આ બહેને નક્કી કર્યું કે યુ.પી.આઈ.ની માલિકી ધરાવતી કંપની નેશનલ પેમેન્ટસ કોર્પોરેશન ઑફ ઈન્ડિયાનો સંપર્ક કરવો. એમને વિનંતી કરવી કે આ રકમ અજાણતા ટ્રાન્સફર થઈ ગઈ છે, તો રિફંડ મેળવી આપો. પોતાના બૅંક એકાઉન્ટમાં પાંચ હજાર રિવર્સ એન્ટ્રીથી પાછા શા માટે ન આવી શકે? તેમણે એન.પી.સી.આઈ.નો સંપર્ક સાધવાની વિગતો માટે ગૂગલ પર શોધખોળ આદરી. કોર્પોરેશનની ટોલ-ફ્રી હેલ્પલાઈનનો નંબર મળતા ઝાઝીવાર ન લાગી.



એકદમ ખુશ થઈને તેમણે એ ટોલ-ફ્રી હેલ્પલાઈન નંબર ડાયલ કર્યો. સામેથી કોર્પોરેશનની બાંદ્રા બ્રાન્ચના કર્મચારીએ ફોન ઉપાડ્યો. તેણે પોતાની ઓળખાણ સુરેશ શર્મા તરીકે આપી. સુરેશે બહેનની પૂરી વાત એકદમ શાંતિથી સાંભળી. પછી ખાતરી આપી કે આપની વિગતો નોંધી લેવાઈ છે. આ કામકાજ સંભાળતો મારો સાથીદાર આપનો અવશ્ય સંપર્ક કરશે, આમ જરાય ફિકર કરતા નહીં.

બહેને આશા સાથે ફોન કટ કર્યો. સામેથી ફોન આવવા માટે તેમણે ઝાઝી રાહ ન જોવી પડી. અમિત યાદવ નામના ઈસમે ફોન કરીને સમજાવ્યું કે આપ એક એપ ડાઉનલોડ કરી લો. આ ઉપરાંત ઝડપથી કામ પતાવવા સહાય મળે એ માટે આપના મોબાઈલ ફોનની સ્ક્રીનનો એક્સેસ પણ આપવો પડશે. સાથોસાથ બૅંકના પાનાની વિગતો, પાસવર્ડ, યુ.પી.આઈ.ની વિગતોય સમજાવી-પટાવીને લઈ લીધી અને પોતાના હકના પૈસા પાછા મેળવવા માટે તેમણે સૂચનાનું અક્ષરશઃ પાલન કર્યું. પોતાના બૅંક એકાઉન્ટમાં પાંચ હજાર રૂપિયા જમા શૂન્ય થઈ ગયાના મેસેજની રાહ જોવા માંડ્યા, પરંતુ થોડીવારમાં જ આંચકો લાગ્યો. એમના ખાતામાંથી ૯૩ હજાર રૂપિયા ઓછા થઈ ગયા. મેસેજ વાંચતા ખબર પડી કે આ રકમ કોઈ વિરેન્દ્ર રાયકવારના ખાતામાં ગઈ હતી. આ અંગે ફરી અમિત યાદવનો સંપર્ક કર્યો તો માહિતી મળી કે આપની રકમ પાછી આપવા માટે નવું ખાતું બનાવાયું છે. આપને ૨૪ કલાકમાં આ નાણાં પાછા મળી જશે, પરંતુ એવું ન થયું. ટોલ-ફ્રી નંબર પર સંપર્ક કર્યો તો કુમાર નામની વ્યક્તિ સાથે વાત કરાવાઈ. તેણે ફરીથી બધેબધી વિગતો માગી લીધી. એના પછી ફરી બહેનના એકાઉન્ટમાં બેલેન્સ ઘટી ગયું.




આ પ્રક્રિયામાં ચાર દિવસ વીતી ગયા અને એ દરમિયાન એમના ખાતામાંથી કુલ છ લાખ રૂપિયાને પગ આવી ગયા હતા. એણે ઓનલાઈન ચિટિંગની ફરિયાદ લખાવી. ■

મગજ મંથન_વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# માત્ર વસ્તુઓ નહીં, મોહ ને અહંકારનો પણ ત્યાગ જરૂરી..





*'ત્યાગ ન ટકે રે વૈરાગ વિના કરીએ કોટી ઉપાય જી,*
*વેશ લીધો વૈરાગનો દેશ રહી ગયો દૂરજી....'*
*- સ્વામી નિષ્કુળાનંદજી*

ત્યાગ શબ્દનો અર્થ છે પોતાની ઈચ્છાઓ, સુખ - સગવડ, સંપત્તિ અથવા તમામ પ્રકારના સ્વાર્થનો ત્યાગ કરીને અન્ય માટે ઉપયોગી થવું. ત્યાગની ક્રિયાને અને ભાવને અનેક સંદર્ભમાં અને પરિસ્થિતિઓમાં સમજવામાં આવે છે. તેમાંથી કેટલાક આ રીતે સમજાવી શકાય છે:

## માનસિક ત્યાગ

આનો અર્થ વ્યક્તિ પોતાના અહંકાર,ગુસ્સા, આકાંક્ષાઓ અને મોહનો ત્યાગ કરે છે. તે પોતાની ભીતરની શાંતિ અને સંસ્કાર માટે આની જરૂરિયાત સમજે છે. ધ્યાન અને આત્મવિશ્લેષણના માધ્યમથી મનુષ્ય પોતાના માનસિક અવરોધોને ત્યાગીને આધ્યાત્મિક મૂલ્યને વધારી શકે છે.

## ભૌતિક ત્યાગ

આ એવો ત્યાગ છે જેમાં વ્યક્તિ પોતાની સંપત્તિ, સુખ - સગવડ અથવા અનુકૂળતા પણ છોડી દે છે. આમાં દાન - સેવા અથવા અન્ય લોકોની મદદ માટે પોતાની વ્યવહારિક વસ્તુઓનો ત્યાગ સામેલ થાય છે.

## સામાજિક ત્યાગ

જ્યારે કોઈ વ્યક્તિ સમાજના હિત માટે પોતાનું જીવન સમર્પિત કરે છે ત્યારે તે સામાજિક ત્યાગ છે. એ કોઈ રાષ્ટ્રસેવા, લોકસેવા અથવા સમાજના કોઈ અભાવગ્રસ્ત વર્ગ માટે કાર્ય કરતા હોય છે.એવું મનાય છે કે આ પ્રકારના ત્યાગમાં વ્યક્તિ સામાજિક જવાબદારીઓ માટે પોતાની જાતને સમાજ માટે અર્પણ કરે છે.

## ધાર્મિક - આધ્યાત્મિક ત્યાગ

ઘણા ધર્મમાં ત્યાગનું મહત્ત્વ છે. જ્યાં એક ઊંચા હેતુ માટે પોતાનું સુખ અને લાલસા છોડી દેવાની વાત થાય છે. હિન્દુ ધર્મમાં ત્યાગનો માર્ગ સંન્યાસ તરીકે ઓળખાય છે. જેમાં વ્યક્તિ દુન્યવી મોહ - માયાનો ત્યાગ કરીને આધ્યાત્મિક મુક્તિ (મોક્ષ) માટે પ્રયત્ન કરે છે. બૌદ્ધ ધર્મમાં ત્યાગ અને નિર્વાણના માર્ગને બહુ મૂલ્ય માનવામાં આવે છે.

## ત્યાગનો આધ્યાત્મિક મંત્ર

ત્યાગ એટલો સરળ નથી. તેના માટે અનુકૂળ અભ્યાસ અને આધ્યાત્મિક સમજણની જરૂર પડે છે. માત્ર વસ્તુઓનો ત્યાગ નથી, પરંતુ તે મનના મોહ અને અહંકારનો ત્યાગ છે. ધર્મગ્રંથો અને મહાપુરુષો કહે છે કે, ત્યાગથી શાંતિ મળે છે અને ઊંચી વિચારધારા તેમજ સમજણ પ્રાપ્ત થાય છે.

## ત્યાગના ફાયદા

મોહ અને લાલસાના ત્યાગથી વ્યક્તિ અંતરમાં શાંતિ અને સંતોષ અનુભવે છે. વ્યક્તિ સ્વાર્થ મુક્ત બને છે અને ઊંચા લક્ષ્ય તરફ પોતાની જાતને દોરી જાય છે. ત્યાગની ભાવનાથી સમાજમાં સમાનતા અને સહકાર વધે છે.વ્યક્તિગત વિકાસ માટે અને સમાજમાં સારું કાર્ય કરવા માટે ત્યાગ મહત્ત્વપૂર્ણ છે.

*'ત્યાગ ન ટકે રે વૈરાગ વિના કરીએ કોટી ઉપાય જી,*
*વેશ લીધો વૈરાગનો દેશ રહી ગયો દૂરજી....'*

સ્વામી નિષ્કુળાનંદજીના આ પદમાં ત્યાગ બાબતમાં ખૂબ ગહન વાત કરવામાં આવી છે.

આ પંક્તિમાં જીવાતા જીવનનો સારાંશ છે. આપણને છોડતા વાર નથી લાગતી, પરંતુ જે છોડ્યું છે એનો પણ મદ હોય છે. વૈરાગ એટલે માત્ર કપડાં બદલવાથી સાધુ થઈ જવાથી મળે છે,એ નહીં. તમે સંસારનાં વસ્ત્રમાં હોવ છતાંય તમારા માટે સંસારનો હ્રાસ થતો જાય. ધીરે ધીરે તમે જે છોડ્યું છે,એ અનાયાસે છૂટી ગયું છે એનો આનંદ ઉજવાય ત્યારે સાચો વૈરાગ ગણાય. વૈરાગ્યનો વેશ લઈએ તો પછી દ્વેષ દૂર થઈ જવો જોઈએ. આપણી તકલીફ એ છે કે ઉપરનો વેશ ઓછો થાય છે,પરંતુ અંદરનો ગણવેશ સંસારીનો જ રહે છે. જ્યાં સુધી કામ,ક્રોધ લોભ,મોહનું મૂળ નહીં જાય ત્યાં સુધી ભોગ ઉપર વિજય નહીં મેળવાય. જેમ દૂધ બગડે અને પછી બીજી અલગ વાનગીઓ બને એમ જે જોગ - ભોગથી ભ્રષ્ટ થયો એ પણ આત્માથી અશુદ્ધ થયો. પળમાં જોગીને પળમાં ભોગી,પળમાં ગૃહસ્થ અને પળમાં ત્યાગી - એ તો વણસમજ્યા વૈરાગીનાં લક્ષણો છે.આપણું મન ડામચિયા જેવું છે.આપણે મનના ડામચિયામાં નકામી બાબતોનો સંગ્રહ કર્યા જ કરીએ છીએ અને ડામચિયા ખાલી કરવાની જગ્યાએ ડામચિયાઓ વધાર્યે જઈએ છીએ.

બાબા ફરીદ નામે એક સૂફી સંત થઈ ગયા.એ રહસ્યવાદી શાયર હતા. ફરીદ પોતાના શિષ્ય સાથે એક નગરના પાદરમાંથી પસાર થઈ રહ્યા હતા અને એક માણસ ગાયના ગળામાં દોરડું બાંધીને તેને ઢસડી રહ્યો હતો. ગુલામી કોને ગમે ? ફરીદે તે માણસને રોક્યો અને પોતાના શિષ્યોને પાસે બોલાવી પ્રશ્ન પૂછ્યો, 'આ માણસે ગાયને બાંધી છે કે ગાયે તેને બાંધી રાખ્યો છે ?' ગાય લઈ જતા માણસને પણ પ્રશ્નમાં રસ પડ્યો. એને પણ જવાબ જાણવાની ઈચ્છા થતા ધ્યાનથી સાંભળવા ઊભો રહ્યો, કેમકે એની દૃષ્ટિએ આ પ્રશ્ન અજીબ હતો અને પ્રશ્ન કરનાર વળી ફરીદ જેવો મહા જ્ઞાની હતો.

શિષ્યએ કહ્યું, 'દીવા જેવી વાત છે કે, માણસે દોરડાં વડે ગાય બાંધી છે, કેમ કે દોરડું તેના હાથમાં છે.'

ફરીદે બીજો પ્રશ્ન પૂછયો, 'જો આપણે આ દોરડાંને વચ્ચેથી કાપી નાખીએ તો આ માણસ ગાયની પાછળ દોડશે કે ગાય માણસની પાછળ ભાગશે ?'

શિષ્યો હવે મૂંઝાયા, કેમકે જો દોરડું કાપી નાખવામાં આવે તો એક વાત નક્કી છે કે ગાય ભાગી જશે અને માણસ ગાયની પાછળ ભાગશે, કેમકે ગાય તો કોઈ પણ સંજોગોમાં માણસની પાછળ જશે નહીં.

ફરીદે પ્રશ્નોનો જવાબ જાતે જ આપતા કહ્યું, 'બહારથી જોઈ શકાય છે કે દોરડું બંધાયેલું છે ગાયના ગળામાં, પરંતુ સૂક્ષ્મ રીતે સમજો તો દોરડું વાસ્તવમાં માણસના ગળામાં બંધાયેલું છે.જેના આપણે માલિક છીએ બાદમાં એ જ વસ્તુ આપણી માલિક બની જાય છે. તમે ધનના કારણે ધનિક નથી બનતા,ધનના કારણે ધન તમારું માલિક બની જાય છે અને તમે ગુલામ.યાદ રહે ધનના કારણે આજ દિન સુધી કોઈ વિરલો ધનિક બની શક્યો નથી.ધનના કારણે તો લોકો ગુલામ બની જાય છે.એમની આખી જિંદગી ધનને એકઠું કરવામાં અને તિજોરીનું રક્ષણ કરવામાં પસાર થઈ જાય છે, જાણે કે એમણે એ જ હેતુ માટે જન્મ લીધો હોય ! તિજોરીમાં ધનના ઢગલાં કરીને છેવટે સ્વધામ પહોંચી જશે અને તિજોરી અહીં જ પડી રહેશે. ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## ટોઈલેટઃ એક ટાઈમ કથા



સ્વિટ્ઝરલેન્ડ પ્રાકૃતિક સૌંદર્ય, ચોકલેટ્સ ઉપરાંત વોલ ક્લોક અને રીસ્ટ વોચ માટે પણ પ્રખ્યાત છે. 'ટાઈમ ઈઝ મની' એવી વ્યાખ્યા પણ આ દેશ માટે કરવામાં આવે છે. જોકે, એની ગંભીરતાનો ખ્યાલ તાજેતરના અદાલતના આદેશથી આવ્યો છે.

સ્વિત્ઝર્લેન્ડની એક જાણીતી વોચ કંપની 'ટોયલેટ બ્રેક માટે કર્મચારી જે સમય લે એ માટે કંપની કર્મચારીઓને વેતન ચૂકવવા જવાબદાર નથી' એવું કોર્ટે જણાવ્યું છે. મતલબ કે રોજના છ કલાકની નોકરી માટે જે પગાર નક્કી થયો હોય એમાં જો ૧૦-૧૫ મિનિટનો સમય ટોયલેટમાં ગયો હોય તો એટલા સમયનો પગાર કંપની કાપી શકે છે. કર્મચારીઓને ટોયલેટના બ્રેકનો ગેર ઉપયોગ કરતા અટકાવવા આવો વિચિત્ર નિયમ અમલમાં આવ્યો હશે. જોકે, શ્રમ કાનૂનમાં છીંડાં હોવાનું જણાવી અદાલતે સ્પષ્ટતા કરી છે કે ટોયલેટ જવું એ શારીરિક જરૂરિયાત હોવા છતાં સ્વિસ કાયદા એને કર્મચારીનો હક નથી ગણતા. અગાઉ કેટલીક વોચ કંપનીઓએ આ નિયમ રદ કર્યો હતો અને કોર્ટે આ વિચિત્ર કાયદામાં ફેરફાર કરવા અન્ય કંપનીઓને જણાવી રહી છે. લઘુશંકા પર શંકા કરવાની આ પ્રથા વિચિત્ર જ નહીં, અમાનવીય પણ છે.


## રજાનો દિવસ ભર્યો તો તિજોરી ભરાઈ ગઈ

'વીક ઓફ' તરીકે ઓળખાતી સાપ્તાહિક છુટ્ટીને દિવસે કામ પર બોલાવવામાં આવે તો અનેક ચહેરા પર ગુસ્સો કે ગ્લાનિ નજરે પડે છે. જોકે, યુએસએના મિઝૂરી સ્ટેટના રહેવાસીને વીક ઓફના દિવસે ડ્યૂટી પર હાજર રહેવા કહેણ આવ્યું ત્યારે નીકળતી વખતે એનું મોઢું કટાણું થયું, પણ જોબ પર પહોંચ્યો ત્યારે સાતમા આસમાનમાં વિહરવા લાગ્યો અને રજાનો દિવસ ભરવાનું કહેવા માટે ઉપરીનો મનોમન આભાર માનવા લાગ્યો.



બન્યું એવું કે ભાઈ સાહેબ કાર લઈ ઊપડ્યા ઓફિસ પહોંચવા, પણ રસ્તામાં પેટ્રોલ પુરાવા થોભવું પડ્યું અને ત્યારે ગમ્મત ખાતર લોટરીની ટિકિટ ખરીદી. દિવસ આથમતા લોટરી ટિકિટ સ્ક્રેચ કરતા ખબર પડી કે એક મિલિયન ડૉલરનું ઈનામ લાગ્યું છે. બે ઘડી તો વિશ્વાસ ન બેઠો પણ દિવસ ભરાઈ ગયા પછી સીધો પહોંચ્યો લોટરી ઓફિસે અને ઈનામ ખરેખર લાગ્યું છે એની ખાતરી કરી. ટૂંકમાં નસીબ આડેનું પાંદડું ખસી જાય એ માટે રજાના દિવસે પણ ઉદ્યમ કરવો જોઈએ, હેં હેં હેં....

## ભગવાન સંભાળજો, મારા બાપુથી!




સ્વજન ગુમાવી દેવાથી થતી વ્યથાનું વર્ણન કરવા શબ્દોનો પનો ટૂંકો પડે, પણ ૭૪ વર્ષના અમેરિકન નાગરિક રોબર્ટ બોહેમના અવસાન પછી એમના પુત્ર ચાર્લ્સે જ શ્રદ્ધાંજલિ આપી છે એ વાંચી પૃથ્વી પરના લોકોને તો હસવું આવ્યું છે પણ 'ગોડ કદાચ ગભરાઈ ગયા' હોય તો નવાઈ નહીં. ચાર્લ્સના શબ્દો છે : 'પિતાશ્રીનો જન્મ ૧૯૫૦માં થયો, પણ પછી ભગવાને એમના જેવા માનવી બનાવવાનું કદાચ માંડી વાળ્યું હશે. વિયેતનામ વોરમાં સૈનિક તરીકે સામેલ ન થવું પડે એ માટે મિલિટરીમાં ટ્રક ડ્રાઈવરની નોકરી કરતા મારા પિતાશ્રીએ ૧૯૬૭ - ૧૯૭૨ દરમિયાન મારા ત્રણ મોટા ભાઈને જન્મ આપ્યો. ત્યારબાદ ગ્રેનાડા વોરમાં જવું પડશે એવી શંકા ડેડીને હતી અને એટલે ૧૯૮૩માં મને એટલે કે ચાર્લ્સને પેદા કર્યો.' સરહદે જવાથી બચવા પત્નીને સગર્ભા બનાવનારા પિતાશ્રીના અળવીતરા સ્વભાવના બીજા કિસ્સા ટાંકી ચાર્લ્સે આગળ લખ્યું છે કે અડધી રાત્રે પોતાના પાળેલા શ્વાનને ભસવા ઉશ્કેરી પાડોશીઓને થતા ત્રાસનો આનંદ લેતા. આ વર્ષે ફેબ્રુઆરીમાં જ ભગવાને કૃપા કરી અને મારાં માતુશ્રીનું અવસાન થયું. મમ્મી હવે સાંસારિક જીવનના ઘોંઘાટમાંથી મુક્તિ મેળવી શાંતિ અનુભવી રહ્યાં હશે. અમે તો ડેડીનો વિચિત્ર સ્વભાવ એન્જોય કર્યો છે અને સહન પણ કર્યો છે. પણ હે ગોડ, હવે એ તમારા મહેમાન છે. એમને સહન કરવાની શક્તિ તમારે જ તમને આપવાની છે.

## પરીક્ષામાં દિમાગ ન દોડ્યું તો ઘોડો દોડાવ્યો

ઈતિહાસનો વિષય અનેક વિદ્યાર્થીઓને બોરિંગ લાગતો હોય છે અને એમાંય સમાજ શાસ્ત્ર (ઈતિહાસ - ભૂગોળ - નાગરિક શાસ્ત્ર)ની પરીક્ષા બહુ આકરી લાગતી હોય છે. જોકે, સોશિયલ મીડિયા પર વાઇરલ થયેલા આન્સર પેપરમાં વિદ્યાર્થીનો જવાબ જોયા પછી એને ઈતિહાસ નહીં, ઉપહાસ ગણવો જોઈએ એવી તમારી માન્યતા બંધાઈ જાય તો તમે સાચા છો. ઈ.સ. પૂર્વે ૩૨૬માં સિકંદર અને પોરસ વચ્ચે લડાઈ અંગે સંગમ યુનિવર્સિટીના બી.એ.ના સેકન્ડ યરના ઈતિહાસના પેપરમાં 'ઝેલમ યુદ્ધનું વર્ણન ૩૦૦ શબ્દોમાં કરો' સવાલ પૂછવામાં આવ્યો હતો. એક વિદ્યાર્થીએ જવાબ લખ્યો કે પ્રાચીન ભારતમાં ઝેલમના મહત્ત્વપૂર્ણ યુદ્ધમાં સિકંદરે પોરસ પાછળ ઘોડા દોડાવ્યા હતા તબડક, તબડક, તબડક તબડક... જેના જવાબમાં પોરસે સિકંદર સામે તીર ચલાવ્યા ધાય, ધાય ધાય ધાય ધાય... પછી આગળ વિદ્યાર્થીએ લખ્યું છે કે 'સોરી, માફ કરજો... સાય - સાય, સાય - સાય... હારીને જીતી જનાર જ સિકંદર કહેવાય છે.'

આ પેપર ચેક કરતી વખતે હસી હસીને ટીચર બેવડ વળી ગયા હશે કે ગુસ્સાથી માથું ફાટ ફાટ થયું હશે એ ખબર નથી, પણ સોશિયલ મીડિયા પર આ પોસ્ટ જોઈ લોકોને એવી ગમ્મત થઈ છે કે આ માણસ ભવિષ્યમાં રાજકીય નેતા બનશે અને આ માણસ જીવનમાં બહુ આગળ વધશે એ પ્રકારની પ્રતિક્રિયા આવી છે. પરીક્ષા વખતે દિમાગ ન દોડે તો ઘોડો દોડાવી શકાય, હેં ને!




## લ્યો કરો વાત!

*મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી જાહેર થઈ છે ત્યારે કેટલાક વર્ષ પહેલા થયેલા અપક્ષ ઉમેદવારના એક મજેદાર કિસ્સાનું સ્મરણ થયું. આ ઉમેદવાર ચૂંટણી લડ્યો તો ખરો, પણ પરિણામ આવ્યું ત્યારે જાણ થઈ કે એને ગણીને માત્ર ત્રણ મત મળ્યા હતા. એક એનો પોતાનો અને બીજા બે હતા પત્ની અને પુત્રીનો. પરિણામથી જરાય વિચલિત થયા વિના એણે 'ઝેડ પ્લસ' સિક્યોરિટીની માંગણી કરી. જિલ્લાના ઇન્સ્પેક્ટર જનરલે એ ઉમેદવારને કહ્યું કે 'તમને તો ફક્ત ત્રણ મત મળ્યા છે તો તમારે આવી સિક્યોરિટીની જરૂર શું છે?' જવાબમાં અપક્ષ ઉમેદવારે કહ્યું કે 'જે શહેરમાં મારો વિરોધ કરનારા લોકો આટલી મોટી સંખ્યામાં છે એ શહેરમાં મને સુરક્ષા મળવી જ જોઈએ....!'* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમુજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**શેર બજારમાં તેજીના પ્રતીક માટે આખલો કેમ છે?**
* રોકાણકાર આખલાની જેમ કૂદી પડે છે.. પછી ક્યારેક ગધેડાની જેમ પટકાય છે.
**અવનવી રીતે છેતરપિંડી કેમ થતી હશે?**
* છેતરપિંડીમાં ય ટકી રહેવા માટે નવા આઈડિયા જરૂરી હોય છે.
**રાજ્ય કે દેશમાં માથાદીઠ દેવું વધે તો શું કરવાનું?**
* તમારા હિસ્સાનું ચોખ્ખું ઘી પીવાનું..
**દરેક સંકલ્પ સાકાર થાય ખરાં?**
* એ માટે પણ સંકલ્પ કરવા પડે.
**સૂત્રધાર શેની ધાર કાઢે?.**
* શબ્દોની....વાણીની....અને લાગે આવે તો પ્રેક્ષકોની.
**ચોર પકડાય ત્યારે લોકો એને કેમ મારે છે?**
* આપણે ત્યાં ચોર પૂજાનો રિવાજ નથી.
**ઉપર ગગન વિશાળ હોય ધરતી કેવી હોય?**
* - ધરતી -લીલુડી ને રણ અફાટ.
**સ્માર્ટ ક્લાસ ને સ્માર્ટ સ્કૂલથી બાળકો સ્માર્ટ થશે?**
* પહેલાં વાલીએ સ્માર્ટ થવું પડશે...
**સ્ત્રીની સુંદરતાના વખાણ પુરુષે જ કેમ કરવા પડે છે?**
* આયનો મૌન વ્રતધારી હોય છે એટલે...
**ફિલ્મ, કળા, વેપાર અને રાજકારણની જેમ હવે ધર્મમાં પણ પરિવારવાદ હોય એ કેટલું યોગ્ય ?**
* આને ઘેટાશાહી ધર્મ કહેવાય ...
**ખટમીઠાંમાં ખારાશ અને મીઠાશનું પ્રમાણ કેટલું હશે?**
* લગભગ સેવ મમરા જેટલું....
**રાજકારણમાં ઘણી અનીતિ થતી હોવા છતાંય રાજનીતિ કેમ કહેવાય છે?**
* આ પણ એક કુટિલ નીતિ છે....
**દેવ-દેવીના પ્રાર્થના, ભજન, સ્તુતિ હોય તો ભક્ત માટે શું?**
* ભગવાનના નામે હૂંડી ઈશ્યુ કરવાની પરવાનગી...
**ગુજરાતમાં હમણાંથી ગુનાખોરી કેમ વધી છે?.**
* નેતા-પોલીસ ને જનતાને પૂછો....
**નીચું નિશાન હોય તો માફ કેમ નહીં કરવાનું?**
* સજા ના કરવી પડે એટલે...
**આજકાલ માફી માંગવાનો ટ્રેન્ડ કેમ વધી ગયો છે?**
* તમે માફી ન આપીને એમાં અપવાદ બની શકો...ખુશ?
**રાજા માટે રાજ એક્સપ્રેસ અને રાણી માટે ક્વિન એક્સપ્રેસ તો ગરીબ માટે શું?**
* બસ, છકડો, રિક્ષા અને ગરીબ રથ એક્સપ્રેસ ટ્રેન...
**મારી ગર્લ ફ્રેન્ડને હું પૂજાના ફૂલ કહું છું....તો એની મમ્મીને શું કહું ?**
* ઓફકોર્સ, પૂજારણ...
**ખમણમાં મણ છે.?**
* એમ તો જમણમાં પણ મણ છે...
**સરકારી યોજનાના નામ રૂપાળા કેમ હોય છે?**
* પ્રજાને ભોળવવા માટે...
**લાંચનો પણ વિકાસ થાય તો ?**
તો એ લાંચનો વિકાસપથ બની જાય (જાય શું? એ તો ક્યારનો બની ગયો !)
**છાપામાં મારો ફોટો ક્યારે આવશે?**
* બેન્કમાં મોટી ધાડ પાડો પોલીસ સામેથી તમારા ફોટા છપાવશે...
**ભાગીને લગ્ન કર્યા પછી સાસરે જવાનો ચાન્સ મળે ખરો?**
* કોના સાસરે તમારા કે તમારી પત્નીના?
**યુવતી સારો જીવનસાથી મેળવવા - પત્ની એના પતિના દીર્ઘાયુ માટે વ્રત કરે છે તો પતિ માટે કેમ કોઈ વ્રત નથી?**
* એવા કોઈ વ્રતમાં ન પડો.. એ ફળશે તો પાછળથી 'ફસાઈ ગયા'નો પસ્તાવો થશે.

## લક્ષ્મીનું યુગોથી સ્વરૂપ અનેક પણ હેતુ એક... સુખ !


ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

વિશ્વમાં વૈભવ અને દેખાડાનું મહત્ત્વ વધવા લાગ્યું ત્યારથી પૈસાની પ્રતિષ્ઠા વધવા લાગી છે. જે ભગવાન પૈસો આપે છે એ ભગવાનનું મહત્ત્વ વધે એ સ્વાભાવિક છે પણ પૈસાને ભગવાન સાથે જોડતાં આપણે ખચકાટ અનુભવતા નથી. ભગવાનને ભેટ ધરાવતા લોકો માનવા લાગ્યા છે કે ડબલ રિટર્ન મળે છે. ધનના દેવતા માનવામાં આવતા કુબેરનું એકપણ પૌરાણિક મંદિર શોધવું મુશ્કેલ છે. આપણા વડવાઓએ કુબેરની કલ્પના કદરૂપો, ત્રણ પગ વાળો અને વિચિત્ર દેખાવવાળા તરીકે કરી હતી. વેદકાલીન યુગનો અભ્યાસ કરીએ તો જોવા મળે છે કે પ્રજાને નૃત્ય, સાહિત્ય, કથાઓ, સંગીત અને આનંદમાં રુચિ હતી એ રુચિ ધન પરત્વે ન હતી.

જો ધન જ લક્ષ્મીનું સ્વરૂપ હોત તો અલક્ષ્મી જેવો શબ્દ ભારતીય પરંપરામાં ક્યારેય જોવા મળ્યો હોત નહિ. એક કથામાં લક્ષ્મી અને અલક્ષ્મીનો સંવાદ લખવામાં આવ્યો છે. લક્ષ્મી એ કથામાં અલક્ષ્મીને કહે છે કે મારો વસવાટ વિદ્વાનો, ઋષિજનો, સાત્વિક અને સજ્જન લોકો વચ્ચે છે જ્યારે અલક્ષ્મીનો વસવાટ પાપી, દુરાચારી, કપટી અને લોભીઓ વચ્ચે હોય છે. એક વાર દિલથી વિચારો કે આપણે ક્યાં લક્ષ્મીનું પૂજન કરી રહ્યા છીએ. અલક્ષ્મીને સાચી લક્ષ્મી માનવા લાગ્યા છીએ. પૌરાણિક કથા મુજબ સમુદ્રમંથનમાં લક્ષ્મી પ્રગટ થયા હતાં, જેનો અર્થ એ થાય કે શ્રમથી લક્ષ્મી પ્રાપ્ત થાય છે. લક્ષ્મીજીને કથામાં વિષ્ણુ પાસે મોકલવામાં આવ્યાં હતાં. ભારતીય પરંપરામાં શક્તિ અને લક્ષ્મી એકલા હોતા નથી. શક્તિ સાથે શિવ હોય છે અને લક્ષ્મી સાથે વિષ્ણુને રાખવામાં આવ્યા છે. ફક્ત બ્રહ્માજીના પત્ની સરસ્વતી જ સ્વતંત્ર હોય છે. એનો અર્થ એ થયો કે સરસ્વતીના સ્વતંત્ર મંદિર હોય, પણ લક્ષ્મી અને શક્તિના સ્વતંત્ર મંદિર હોતા નથી.

વેદકાલીન યુગમાં લક્ષ્મી એ આનંદ ઉલ્લાસ અને પ્રકૃતિનું ઉત્સવ સ્વરૂપ હતું.

આજે જમાનો બદલાવા લાગ્યો છે અને લક્ષ્મીના ભૌતિક મહત્ત્વમાં ફેરફાર થયો છે. શ્રીલક્ષ્મીને દેવી સ્વરૂપે પૂજવાના ટ્રેન્ડમાં બદલાવ આવ્યો અને ધન કે પ્રતિષ્ઠાના સ્વરૂપે પૂજન થવા લાગ્યું છે. લક્ષ્મીને કરન્સી માનતી પેઢીને ખબર હશે કે કરન્સી નોટ પર બેકટેરિયા મનમર્જીથી મસ્ત જિંદગી ગુજારે છે, કહેવાનો અર્થ કે રોગનું દ્વાર કરન્સીથી શરૂ થાય છે. કરન્સીની વાત નીકળી છે તો બ્રિટિશ પાઉન્ડ સૌથી જૂની કરન્સી છે. હવે ઓનલાઈન પેમેન્ટના યુગમાં કરન્સીનો વપરાશ ઘટતો જાય છે. ક્રેડિટ કાર્ડ તો એક સદી પહેલા મર્યાદિત ક્ષેત્ર માટે અમેરિકામાં શરૂ થયા હતા અને આપણા નરસિંહ મહેતાની હૂંડી તો સાતસો વર્ષ પહેલા સ્વીકારવામાં આવી હતી. આધુનિક યુગમાં ડિજિટલ મની નામની નવી ભાષા ચાલે છે.



પૈસાનું પ્લાનિંગ કરવા માટે વીસ બાવીશ વર્ષના યુવક યુવતીઓ સલાહકારોને પૂછીને આયોજન કરવા લાગ્યા છે. કોવિડ જેવા અનુભવ પરથી યુવા પેઢીને ખબર પડી છે કે પૈસો એ સર્વસ્વ નથી, પણ સંકટ સમયનો ઓક્સિજન છે. સોશ્યિલ મીડિયામાં આર્થિક સમૃદ્ધિ અને આયોજન શીખવાડતા વીડિઓ સૌથી વધુ જોવામાં આવે છે. શેરબજારમાં યુવાવર્ગની સાથે ગૃહિણીઓ લટાર મારવા નીકળે છે અને રોજના પાંચસો હજારની કમાણી કરી લે છે.. રાજકારણની ચર્ચા સાથે દરેક મહોલ્લા પર શેરબજાર અને રોકાણની વાતો થવા લાગી છે.

આધુનિક યુગમાં કમાણી કરતાં વધારે મહત્વ આયોજનનું છે. શ્રી લક્ષ્મીનું આ આધુનિક સ્વરૂપ છે. એક વાત યાદ રાખવી જો કે શ્રી લક્ષ્મીનું વાહન ઘુવડ છે, સત્યનો પ્રકાશ કુંઠિત થાય ત્યારે જે દર્શન કરે છે એ ઘુવડ છે. મૂળ આનંદસ્વરૂપ લક્ષ્મીજીને છોડીને ફક્ત નાણાં અને કરન્સીને લક્ષ્મી માનતા વર્ગે શીખવાની જરૂર છે કે એ ઘુવડ દર્શન કરી રહ્યા છે. હકીકતમાં બે હાથી વચ્ચે કમલ પર બિરાજતા લક્ષ્મીની પૌરાણિક તસ્વીર યાદ છે? એ તેમનું સાચું સ્વરૂપ છે.

એક જમાનામાં બચત એટલે બેન્કમાં એફડી કરવામાં આવતી હતી, પણ નવા યુગમાં વ્યાખ્યા બદલાવા લાગી છે અને અલગ અલગ પદ્ધતિથી ઈન્વેસ્ટ કરવામાં આવે છે. બચતની પરિભાષામાં ફેર થઈને રોકાણ શબ્દ પર ભાર મુકવામાં આવ્યો છે. નવા નવા નોકરી ધંધા પર લાગ્યા હોય એ યુવાજગત ફાઇનાન્સ પ્રોફેશનલ પાસે પંદર વીસ વર્ષમાં પૂરતું આર્થિક આયોજન કરીને નિવૃત્ત થવાનું વિચારવા લાગે છે. ઉંમરના ચાલીસ પિસ્તાલીસ વર્ષ પછી પરિવાર સાથે દુનિયા રખડવાના સ્વપ્નનું આયોજન કરવા લાગે છે. એક જમાનામાં ઘડપણમાં મૂડીની જરૂર પડશે એ ખ્યાલ જ બદલાઈ ગયો છે.

આર્થિક આયોજન માટે સૌથી પહેલી અને એકમાત્ર શરત છે આવક હોવી જોઈએ.

નવા જમાનાનું ઇકોનોમિક્સ એક્ટિવ આવક અને પેસિવ આવક જેવી ટર્મ્સ પર કામ કરવા લાગ્યું છે. તમે જે સમય અને શક્તિ આપીને ધન મેળવો છો એ એક્ટિવ આવક છે. તમે ધંધો કરો છો કે નોકરી કે મજૂરી એ માટે સમય, શક્તિ અને પરિવારનો ભોગ આપો છો. તમે લખો છો, વક્તવ્ય આપો છો કે પછી સ્વતંત્ર રીતે સીએ કે વકીલાત કરતા હોવ એ તમારી એક્ટિવ ઈન્કમ ગણાય. તમે કોઈ જમીન મિલકત પર ઇન્વેસ્ટ કર્યું છે અને બેઠા બેઠા આવક મળે છે એ પેસિવ આવક છે. તમે પ્રોપર્ટી ભાડે આપો અથવા કોઈ કંપનીમાં સ્લીપિંગ પાર્ટનર બન્યા હોય અને આવક મળે એ પેસિવ આવક છે. પેસિવ આવક હોય એને ભવિષ્યની ખાસ ચિંતા હોતી નથી. પેસિવ ઈન્કમથી ધનપતિ થવું મુશ્કેલ છે, પણ તમે જે સ્થિતિમાં છો એ સ્ટેટસ જાળવી રાખે છે. એ અલગ વાત છે કે તમે લીધેલી જમીનની કિંમત વધી જાય અને અઢળક પૈસો મળે. આમ તો આયોજનનો ત્રીજો પ્રકાર એ પેસિવ ઈન્કમનો કઝિન જ કહી શકાય.

આધુનિક યુગમાં ત્રીજો પ્રકાર છે, મજબૂત પોર્ટફોલિયો બનાવવો. શેરબજાર, વ્યાજ કે રોયલ્ટી થકી લાંબા સમય સુધી નિશ્ચિત આવક બનાવીને પોર્ટફોલિયો મજબૂત કરી શકાય. સરવાળે એક્ટિવ ઈન્કમમાંથી પેસિવ ઈન્કમ અથવા મજબૂત પોર્ટફોલિયો બનાવવા પ્રયત્ન થતો હોય છે. વ્યક્તિ જેટલો જલ્દી પાવરફુલ પોર્ટફોલિયો બનાવે એટલો જલદી રિટાયર્ડ થવાની સંભાવના વધે છે. લક્ષ્મી પ્રત્યેક ઉંમરમાં ખુશી અને ઉલ્લાસનું પ્રતીક હતાં પણ આધુનિક યુગમાં રિટાયર્ડ લાઈફને સંતોષજનક જીવવાનો માર્ગ બની ગયા છે. ■

### ધ એન્ડ :

*જે માણસ પાસે ભવિષ્યની યોજના નથી હોતી એ મુસીબતોને આમંત્રણ આપે છે.*
(અજ્ઞાત)

કચ્છી ચોવક ___ કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

## ભાગ્ય પ્રમાણે ભોગવે જ છૂટકો!

એક વિધાતા જ એવી હોય છે કે, જે કોઈને કાંઈ એક સરખું આપતી નથી. એક વ્યક્તિએ તેના લખેલા લેખ મુજબ જ ભોગવવાનું હોય છે, તેવા સંદર્ભમાં જ એક કચ્છી ચોવક પણ પ્રચલિત છેઃ **'લાંણ સૈં લપણ'** અહીં જે પ્રથમ શબ્દ 'લાંણ' પ્રયોજવામાં આવ્યો છે તેનો અર્થ થાય છેઃ લહાણી. બીજો શબ્દ છે 'સૈં' એટલે સરખું કે સમાન અને 'લપણ'નો અર્થ થાય છેઃ થપ્પડ! શબ્દાર્થ જોવા જઈએ તો તેનો અર્થ એવો થાય છે કેઃ લહાણીમાં જો બધાને થપ્પડ પણ મળતી હોય તો, સમાન છે અને તેને સન્માનથી સ્વીકારી લેવી જોઈએ. થપ્પડ તો થપ્પડ પણ તેનો માર સહન કરી લેવો જોઈએ! પણ ભાવાર્થ એવો થાય છે કેઃ ભાગ્ય પ્રમાણે દરેકે ભોગવવું પડતું હોય છે!

કોઈને કોઈ કામ સોંપ્યું હોય અને તેણે બરાબર ન કર્યું હોય તો ગુજરાતીમાં કહેવત છે કે, 'પગે કમાડ વાસવાં' પણ એજ અર્થમાં ચોવકનો પ્રયોગ આ રીતે થાય છેઃ **'લાલી લૂગડા, ધૂતેં તેડા ન ધૂતેં'**. અહીં ચોવકમાં જે 'લાલી' શબ્દ પ્રયોજાયો છે તે પ્રતીકાત્મક છે. ઘણીવાર ઘરમાં દીકરી કે બહેનને પણ વ્હાલથી 'લાલી' શબ્દથી બોલાવતા હોઈએ છીએ. હા, એ જ આ લાલી! 'લૂગડા' એટલે કપડાં અને 'ધૂતેં'નો અર્થ થાય છેઃ ધોયાં. 'તેડા' એટલે તેવાં અને 'ન ધૂતેં' એ બે શબ્દોના સમૂહનો અર્થ થાય છેઃ ન ધોયાં. વપરાયેલા શબ્દો મુજબ તેનો અર્થ થાય છેઃ લાલીએ કપડાં ધોયાં તેવાં ન ધોયાં! મતલબ કે કપડાં ધોવા બરાબર ન ધોયાં! નામ લાલીનું લઈને ચોવક એમ કહેવા માગે છે કે, 'કોઈને સોંપેલું કાર્ય ન થવા બરાબર થયું! એટલે કે જેવું થવું જોઈએ તેવું ન થયું!'

સોંપેલાં કાર્ય તો તરત જ અને ચીવટપૂર્વક થવાં જોઈએ. તેના માટે પણ ચોવક છેઃ **'લાગી ને ધાગી'**. અહીં જે 'ધાગી' શબ્દ પ્રયોજાયો છે તેનો મૂળ શબ્દ 'ધાગણ' છે, જેનો અર્થ થાય છે દાગવું તે! બંદૂકની ગોળી દાગવી કે તોપનો ગોળો દાગવો! 'લાગી'નો કચ્છીમાં મૂળ શબ્દ 'લાગ' હોય તેવું જણાય છે. શબ્દાર્થ એવો થાય કે, કામ તો જેવું સોંપવામાં આવે એટલે બનતી ત્વરાએ તે શરૂ કરી દેવું જોઇએ. જેમ તોપને દાગવાથી ગોળો છૂટે તેવી ઝડપથી! શબ્દાર્થ અને ભાવાર્થમાં ભેદ ન હોવાનું સમજાય છે. તરત કામ શરૂ કરી દેવું એ જ ભાવાર્થ જળવાઈ રહે છે.

આપણે કોઈ કામ કરતાં હોઈએ અને તેમાં કોઈ વિક્ષેપ કરે તો ચોવક કહે છેઃ **'લંભ મૈં ટાંઢો'** બહુ નાની અને સુંદર ચોવક છે, મિત્રો! 'લંભ' એટલે સૂકું ઘાસ, 'મેં' એટલે માં અને 'ટાંઢો' એટલે તણખો! મતલબ કે, સૂકા ઘાસમાં આગનો તણખો પડવો! એટલે કે, કામમાં વિક્ષેપ નાખવો.

એક બીજી પણ અર્થ સમજવાની મજા આવે તેવી ચોવક છેઃ **'લડ કાં છડ'**. 'લડ' એટલે અહીંથી જા અને 'છડ' એટલે છેડો મૂક! કોઈ બાબતે વિવાદ જ્યારે પરાકાષ્ઠા પર પહોંચ્યો હોય ત્યારે કોઈ ડાહી વ્યક્તિ વિવાદ વધારનારને એવી સલાહ આપે છે કે, કાં તો તું દલીલો છોડ અને કાં તો તું હવે અહીંથી 'લડ' એટલે કે જા... કારણ કે નિર્ણય પર આવવું જરૂરી છે... બસ ચોવક એજ વાત કહેવા માગે છેઃ નિર્ણય પર આવવું!


એક ચોવક છેઃ **'લગો ત તીર નિકાં તુકો'** ગુજરાતીમાં પણ આપણે કહેતા હોઈએ છીએં કે, 'લાગ્યું તો તીર નહીં તો તુક્કો', 'લગો' એટલે લાગ્યું (નિશાન પર) 'ત' એટલે તો, 'નિકાં' એટલે નહીંતર કે નહીં તો... મતલબ કે, કોઈ પ્રાપ્તિ માટે કે સફળતા મેળવવા માટે કેવા પ્રયાસો કરવા તેની સમજ ન પડતી હોય ત્યારે 'અંધારામાં તીર છોડવા' જેવા પ્રયાસ કરવા તરફનો નિર્દેશ ચોવક કરે છે. ■



પ્રકરણ ૯૪

# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા




બધાની સામે એક નજર ફેરવીને કબીરે વાત આગળ વધારી :

'........મને ખબર નથી તમારામાંથી કોણે જગમોહનનું કાટલું કાઢવાનું કા વતરું કર્યું છે. જગ્ગેનું વસિયતનામું હું જોઈ ચૂકયો છું. દરેકના ભાગે કંઈક ને કંઈક તો આવે જ છે. છેલ્લે છેલ્લે ગાયત્રીના નામનો પણ ઉમેરો થયો છે...'

દરેકના કાન સરવા થઈ ગયા.

'હા, એક વ્યક્તિના નામનો ઉલ્લેખ નથી... અને બની શકે કે એ વ્યક્તિને વેર વાળવા...' કબીરે વાક્ય અધૂરું મૂકીને ઈરાદાપૂર્વક જતીનકુમાર સામે જોયું.

'મરી ગયા. બંને વાત મારા માટે આઘાતજનક છે. તમે મને ખૂની ઠેરવો એ અને મારા નામનો ઉલ્લેખ વસિયતનામામાં ન હોય એ...' જતીનકુમારનો ચહેરો રડમસ થઈ ગયો.

'એટલે જ કહું છું કે તમે દાઝમાં સસરાનું ખૂન કરવાની કોશિશ શા માટે ન કરી હોય...' કબીર બોલ્યો.

'હવે કબીરભાઈ... હા... હા.. હું તમને કબીરભાઈ જ કહીશ. કેમ કે તમને એ સંબોધન નથી ગમતું એટલે... હવે સાંભળો, તમે લગ્ન નથી કર્યાં એટલે તમને નહીં ખબર હોય કે બૈરીનો દલ્લો પણ તમારો જ ગણાય.' જતીનકુમારે વળતો પ્રહાર કર્યો.

'વાહ, જતીનકુમાર, એટલે તમને ખબર હતી કે તમારું નામ વિલમાં નથી પણ તમારી પત્ની માટે તમારા સસરાએ વ્યવસ્થા કરી છે.' કબીરે ધારદાર નજરે જતીનકુમાર સામે જોયું.

જતીનકુમારનો ચહેરો વિલાઈ ગયો.

'ભઈસાબ, ભૂલ થઈ ગઈ. હું સાચું કહું છું કે મને વિલ બાબત કંઈ જ ખબર નહોતી. અરે, ખબર હોત તો હું સસરા સાથે બાઝ્યો હોત...?!' જતીનકુમાર ગળગળા થઈ ગયા હતા.

'એની વે... હું એમ કહેતો હતો કે વસિયતનામામાં એવું કંઈ નહોતું કે કોઈને વાંધાજનક લાગે, પણ કોણ જાણે કેમ તમે બધાં એક યા બીજા કારણસર જગમોહનના દુશ્મન થઈ બેઠાં. બધાંને એની સાથે વાંધો પડ્યો. એટલી હદ સુધી કે બધાં એક યા બીજા કારણસર જગમોહનને મારવાની ધમકી આપી બેઠાં...'

'વાહ... તમારી ઇન્ફોર્મેશન સોળ આના સાચી... હવે તમે રાઇટ લાઇન પર આવ્યા...' જતીનકુમારનો શ્વાસ જાણે હેઠો બેઠો.

'વિક્રમ, કરણ અને પ્રભા... તમે ત્રણેય જાહેરમાં જગમોહન સાથે ઝઘડ્યાં છો...'

'એનો અર્થ એ નથી કે અમે એનું ખૂન કરી નાખીએ.' પ્રભા બોલી ઊઠી.

'પૂજા, તમે તમારા સસુર સાથે જાહેરમાં ઝઘડો નથી કર્યો પણ તમને એ બહુ ગમતા નથી ખરુંને... ?'

પ્રભાની વાત અવગણીને કબીરે સીધો પૂજાને પ્રશ્ન કર્યો.

'હા, તમારી વાત સાચી છે, પણ મને એમની સાથે દુશ્મનાવટ પણ નહોતી. મને હંમેશાં મારા સસરા જિદ્દી લાગ્યા છે અને વાતવાતમાં એ બધાંને ઉતારી પાડતા...' પૂજાએ કબૂલાત કરી લીધી.

'અને જતીનકુમાર, તમને પણ સસરા તરફ કંઈ બહુ પ્રેમ જેવું નહીં, રાઈટ?' જતીનકુમાર પર કબીરે નિશાન તાક્યું.

'જરા પણ નહીં. આખું ગામ જાણે છે અમારા બંને વચ્ચે બારમો ચંદ્રમા હતો. હિન્દી ફિલ્મમાં છત્રીસનો આંકડો' કહે છે બિલકુલ એ જ. મને એ નહોતા ગમતા... પણ એમ તો તમે પણ મને નથી ગમતા, તો શું મેં તમને મારવાની કોશિશ કરી?' જતીનકુમાર ફરી લડાયક મિજાજમાં આવી ગયા.

'જતીનકુમાર, એમ ઘાંઘા ન થાઓ... એક-બે દિવસમાં જ અસલી ખૂનીનો પત્તો લાગી જશે. જો તમે જ હત્યારા હશો તો મારી નજરમાંથી છટકી નહીં શકો એની ખાતરી આપું છું.' કબીરે ઠંડે કલેજે સંભળાવી દીધું. જતીનકુમાર મૌન રહ્યા.

'હં, તો આપણે પહેલેથી બધી વિગતો તપાસી લઈએ. જગમોહનના બેડરૂમમાં સૌ પ્રથમ કુમાર ઘૂસ્યો, પછી ગાયત્રી, એની પાછળ પૂજા, પછી વિક્રમ... રાઈટ?

કોઈ કંઈ બોલ્યું નહીં.

'તમે બધાં ચૂપ છો એનો અર્થ એ કે હું સાચો છું. વિક્રમની પાછળ જતીનકુમાર ઘૂસ્યા અને એની પાછળ પાછળ દોડતી રેવતી આવી.'

કોઈએ વિરોધ ન કર્યો.

'ત્યાર બાદ પ્રભાએ પ્રવેશ કર્યો. પ્રભાની પાછળ જ કરણ આવ્યો અને છેલ્લે વિક્રમનો સાળો જય... બધાનો પ્રવેશ એટલી ઝડપથી થયો કે ગાયત્રીના દાખલ થયા બાદ એક મિનિટની અંદર બધાં જગમોહનના રૂમમાં દાખલ થઈ ચૂક્યાં હતાં... રાઈટ?'

'અંકલ, એ જ દેખાડે છે કે ખૂની અમારામાંથી કોઈ હોઈ જ ન શકે... અમે તો બધાં ફાયર થયા બાદ ઘૂસ્યાં હતાં...' વિક્રમ બોલ્યો.

'મને ખબર છે તમે બધાંએ એવું બયાન આપ્યું છે કે પાંચ વાગ્યાની આસપાસ તમે બધાંએ બે ચીસ સાંભળી, એક જગમોહનની અને બીજી ગાયત્રીની... ત્યાર બાદ તમે બધાં દોડીને આ રૂમમાં આવ્યાં... ખરું ને?' કબીરે બધાંને પ્રશ્ન કર્યો.

'રાઈટ...' વિક્રમે બધાં વતી જવાબ આપ્યો.

'પણ આ બયાન તમારું છે. હું કેવી રીતે માની લઉં કે તમે બધાં સાચું બોલો છો? તમારામાંથી એક જણ જગમોહનના કમરામાં છુપાઈને બેઠું હોઈ શકે અથવા ગાયત્રીની પાછળ દાખલ થઈને જગમોહન પર ગોળી છોડી હોય...' કબીરે અનુમાન લગાવ્યું.

'આ માણસનું મગજ ખરાબ થઈ ગયું લાગે છે. કબીરભાઈ, અમે કંઈ અહીંયાં સંતાકૂકડી નહોતાં રમતાં કે સસરાના રૂમમાં છુપાઈને જઈએ.' જતીનકુમાર બોલ્યા.

'જે પણ હોય, એક વાત ચોક્કસ કે ખૂન કરવાનો પ્રયાસ ગાયત્રીએ નથી કર્યો. એણે જ્યારે જગમોહનને પડતા જોયા કે બિચારી ગભરાઈને ચિલ્લાઈ ઊઠી. એને એમ થયું કે એની ગોળી જગમોહનને વાગી ગઈ છે.' કબીરે ગાયત્રીનો પક્ષ લીધો

'આજે પહેલીવાર મને થાય છે કે હું પુરુષ નહીં, સ્ત્રી થયો હોત તો વધુ લાભમાં રહેત. દુનિયાના બધા પુરુષો મને બચાવવા આગમાં પણ કૂદી પડત.' જતીનકુમાર બબડ્યા.

'અંકલ, કુમાર આટલી સિક્યુરિટી હોવા છતાં મકાનમાં કેવી રીતે પ્રવેશી શક્યો? કરણે કુતૂહલવશ પૂછ્યું.'

'કુમાર બુરખો પહેરીને મકાનમાં દાખલ થયો હતો એટલે કદાચ કોઈને શક ન પડ્યો, પણ આશ્ચર્યની વાત એ છે કે મકાનના મુખ્ય પ્રવેશદ્વાર પર બે સિક્યુરિટીના માણસ બેહોશ મળી આવ્યા હતા. કદાચ, કુમારે અંદર દાખલ થતી વખતે એમને બેશુદ્ધ કરી દીધા હોય...' કબીરે તર્ક રજૂ કર્યો.

'એવું ન બને કે કુમાર બે રિવોલ્વર લઈને આવ્યો હોય...' કરણે પોતાની થિયરી રજૂ કરી.

'ગુડ પોઇન્ટ, પણ કરણ, કુમાર નાણાભીડમાં હતો. એ બે રિવોલ્વર શા માટે રાખે? એ તો રિવોલ્વરને વેચીને રોકડા કરી લે... આપણે ત્યાં તો રિવોલ્વરને ભંગારમાં વેચવાના પ્લાન કરવાવાળા પણ પડ્યા છે.' કબીરે તરત જ જતીનકુમાર સામે વેધક નજરે જોયું. જતીનકુમાર અસ્વસ્થ થઈ ગયા.

'તમારા બધાં પાસે જગમોહનનો ખૂન કરવાનો આશય હતો, મોટિવ હતો. કરણ, તને પચ્ચીસ લાખ જોઈતા હતા જે તને તારા બાપે આપવાની ના પાડી. ભગવાન જાણે તું એવી છોકરી પાછળ કેમ ઘેલો થઈ શકે જે લગ્ન પહેલાં જ રૂપિયાની ડિમાન્ડ કરે? જતીનકુમાર, તમારે પચાસ લાખ જોઈતા હતા જે આપવાની જગમોહને ઘસીને ના પાડી દીધી. વિક્રમ, તારા સાળાને પિસ્તાલીસ લાખની જરૂર હતી. એ ન મળતાં તારી માનહાનિ થઈ હોય એવું તને લાગતું હતું અને પ્રભા, તમે કંઈ માગ્યું નહોતું પણ આટલાં વરસોના દામ્પત્યજીવનમાં જે ન મળ્યું એના કારણે ધિક્કાર અને નફરત ઘૂંટાયા કરી... પૂજા પાસે કોઈ ડાયરેક્ટ મોટિવ નથી, સિવાય કે એણે ઊંઘમાં ચાલતાં ચાલતાં સસરા પર ગોળી છોડી હોય... અને રેવતી નાદાન હોઈ શકે પણ દીકરી બાપની હત્યા ન કરે એ વાત હું પણ માનું છું. એની વે, જે પણ ખૂની હોય, કાનૂનના હાથ બહુ લાંબા હોય છે...' કબીરે વિસ્તારપૂર્વક કહ્યું.

'અહીં તો કાનૂનની જીભ પણ લાંબી છે...' જતીનકુમાર ગણગણ્યા.

પ્રભા ધીમું ધીમું રડતી હતી. વિક્રમનો ચહેરો લેવાઈ ગયો હતો. કરણના ચહેરા પરથી તેજ ઊડી ગયું હતું. કબીર અંકલે આડકતરી રીતે રૂપા બાબત ટકોર કરી એ સાંભળીને એ ઝંખવાઈ ગયો હતો. જતીનકુમાર અંદરખાને થથરી ગયા હતા પણ ચહેરા પર જાણે કંઈ જ ન બન્યું હોય એવા ભાવ જાળવવાની કોશિશ કરતા હતા.

'ભ'ઈસાબ, તમે પોલીસ થવાને બદલે લેખક થયા હોત તો સારું થાત... એક સસ્તી રહસ્યકથા - ખૂની કોણ? - લખી શક્યા હોત...' જતીનકુમારથી મૌન સહન નહોતું થતું.

'હા, હજી લખી શકું છું, પણ પહેલાં ખૂનીનો પત્તો લાગી જાય એ પછી.... પણ જો લેખકની નજરે જોઉં તો શંકાની સોય તમારા તરફ જ વળે છે. તમે તમારા સસરાની રિવોલ્વરની ચોરી કરી હતી, ભલે તમે એને સાચવી ન શક્યા. તમે સતત નાણાકીય ભીંસમાં રહો છો... અને તમે એક જ એવી વ્યક્તિ છો, જેનું નામ જગમોહનના વસિયતનામામાં નથી. આટલાં કારણ પૂરતાં છે તમને પૂછપરછ માટે અટકમાં લેવા માટે...' કબીરના ચહેરા પર હાસ્ય નહોતું ફરકતું.

પોતાના માથા પર પાછળથી ટપલી મારતા જતીનકુમાર નાટકીય ઢબે બોલ્યા:

'લે પાછું મેં શરુ કર્યું. હું શાંતિથી સખણો બેસી જ નથી શકતો. વારંવાર કુહાડી પર પગ મારી આવું છું... તમારે ભ'ઈસાબ, લેખક થવાની જરૂર નથી. પોલીસ ઑફિસર તરીકે જ સારા છો...'

લખુકાકા બધા માટે ચા લઈને આવ્યા.

'લખુકાકા ખૂની ન હોઈ શકે?' જતીનકુમાર ગણગણ્યા પણ પછી કોઈએ સાંભળ્યું નથી એની ખાતરી થયા બાદ ફરી પોતાના માથામાં ટપલી મારી.

'આપણે હવે સવારના મળીશું. સવારના એક વાર હું કોર્ટમાં જઈશ, ગાયત્રીને છોડાવવી પડશે ને... વિક્રમ, તું હોસ્પિટલ ફોન કરી લે. જગ્ગેની તબિયત ઠીક છે ને?' કબીરે ચા પીતાં પીતાં વિક્રમને સૂચના આપી.

વિક્રમે હોસ્પિટલ ફોન કરીને પિતાની તબિયતના ખબર પૂછી લીધા.

'ઓ.કે. ગુડનાઇટ...' સોફામાંથી નીકળેલી બુલેટને ખિસ્સામાં નાખીને કબીરે ઊભા થઈને બધાંની વિદાય લીધી : સી યુ ઓલ ઈન ધ મોર્નિંગ.'

કોઈ કંઈ બોલ્યું નહીં. જાણે દરેકની વાચા હરાઈ ગઈ હતી. કોઈ ઊભા થઈને પોતાના કમરામાં પણ જવા તૈયાર નહોતું, જાણે એકલા રહેતા ડર લાગતો હોય. (ક્રમશઃ)■

---

વિશેષ ___શૈલેન્દ્ર સિંહ

feedback@bombaysamachar.com

# મોડર્ન લાઇફમાં ઇ-ગિફ્ટ્સ અગત્યનો ભાગ બની ગયા



આજની આધુનિક જીવનશૈલીમાં ઇ-ગિફ્ટ્સનું ચલણ ખૂબ વધી ગયું છે. ઇ-ગિફ્ટ્સ એટલે ડિજિટલરૂપે મોકલવામાં આવતા શુભેચ્છા મેસેજિસ. ઇ-મેલ, મોબાઇલ મેસેજિસ અને સોશ્યલ મીડિયાના માધ્યમથી એને મોકલવામાં આવે છે. એમાં વર્ચ્યુઅલ ગિફ્ટ કાર્ડ, ઇ-વાઉચર, ઑનલાઇન સબ્સક્રિપ્શન, ડિજિટલ સેવાઓ અથવા ઑનલાઇન શોપિંગના રૂપમાં ગિફ્ટ તરીકે આપવામાં આવે છે. આ ગિફ્ટ અત્યારે ખૂબ મહત્ત્વ ધરાવે છે. આંખના પલકારામાં એને ક્યાંય પણ મોકલી શકાય છે. આવી રીતે આ આપણી લાઇફને ઝડપ આપે છે.

જે આજની મોડર્ન લાઇફમાં અગત્યનો ભાગ બની ગયા છે.

વર્તમાનમાં ગ્લોબલ વૉર્મિંગના દૂષણ હેઠળ ઇ-ગિફ્ટ્સ પર્યાવરણને કોઈ નુકસાન નથી પહોંચાડતા, કેમ કે એમાં કાગળ, પ્લાસ્ટિક કે પેકેજિંગની જરૂર નથી પડતી. કોવિડના કાળમાં સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરવાનું હોવાથી ઇ-ગિફ્ટ્સનું ચલણ વધ્યું હતું. લોકો પોતાના પ્રિયજનોને ડિજિટલ ભેટ આપીને તેમની સાથે કનેક્ટ થઈ શકતા હતા. એથી તહેવારો, બર્થ-ડે અને ઍનિવર્સરી દરમ્યાન ઇ-ગિફ્ટ્સની બોલબાલા વધી જાય છે.

ભારતમાં ઇ-ગિફ્ટ્સનું ચલણ વર્તમાન સમયમાં ખૂબ વધી ગયું છે. ખાસ કરીને ડિજિટલ પેમેન્ટ અને ઇ-કૉમર્સના પ્રસાર સાથે. યુપીઆઇ, પૅટીએમ અને ગૂગલ પેમેન્ટ જેવા પ્રસિદ્ધ ડિજિટલ વૉલેટ અને પેમેન્ટ ઍપ્સની ઉપયોગિતાનો પણ ખૂબ ઉપયોગ થઈ રહ્યો છે. એને કારણે ગિફ્ટ્સ આપવુ ખૂબ સરળ બની ગયું છે. લોકો ડિજિટલ વાઉચર અને ગિફ્ટ કાર્ડસ મોકલે છે. આપણે દુનિયામાં સૌથી યુવા દેશની ગણતરીમાં આવીએ છીએ. એથી યુવા પેઢી ટૅક્નોલોજી સાથે ખૂબ નજીક જોડાયેલા છે.

કોર્પોરેટ જગતમાં પણ યુવા કર્મચારીઓને અથવા ક્લાએન્ટ્સને ઇ-ગિફ્ટ્સ તરીકે વાઉચર અને ડિજિટલ સબ્સક્રિપ્શન આપવામાં આવે છે, જે વધુ સુવિધાજનક છે. વિશ્વમાં સૌથી વધુ ઇ-ગિફ્ટ્સનો ઉપયોગ અમેરિકામાં કરવામાં આવે છે. ત્યાં ઇ-ગિફ્ટ્સ વધુ પ્રચલિત છે. અમેરિકામાં ક્રિસમસ, થેંકસગિવીંગ અને બ્લેકફ્રાયડે દરમ્યાન ઇ-ગિફ્ટ્સની ડિમાન્ડ વધી જાય છે. એ દરમ્યાન લોકો ઍમૅઝોન, નેટફ્લિક્સ, સ્પોટીફાય જેવી ડિજિટલ સેવાઓની ગિફ્ટ્સ પોતાના પ્રિયજનોને આપે છે. સાથે જ યુરોપના અનેક દેશો જેવા કે યુકે અને જર્મનીમાં પણ એનું ચલણ વધ્યું છે.

ઇ-ગિફ્ટ્સના જેટલા ફાયદા છે તો થોડુંઘણું નુકસાન પણ છે. ઇ-ગિફ્ટ્સમાં વ્યક્તિગત અનુભવ કે પછી ઇમોશનલ ટચ નથી હોતો. એવો આનંદ નથી મળતો જેટલો પર્સનલી ગિફ્ટ આપવામાં મળે છે. ગિફ્ટ ખોલવાની જે ખુશી મળે છે એ આમાં નથી મળતી. સાથે જ ડિજિટલ ગિફ્ટ્સના ઉપયોગ દરમ્યાન ટૅક્નિકલ સમસ્યા પણ આવી શકે છે. આટલું જ નહીં ઇ-ગિફ્ટ્સના મામલામાં છેતરપિંડીની પણ શક્યતા હોય છે. સાયબર ફ્રોડ કાં તો હેકિંગનું જોખમ પણ સતત તોળાય છે. સાથે જ આવી ગિફ્ટ્સનો ઉપયોગ કરવા માટે પણ ચોક્કસ સમયસીમા હોય છે. એ સમય નીકળી જાય તો પછી એ ગિફ્ટ્સ બેકાર બની જાય છે. સાથે જ જે લોકો ટૅક્નોલોજીમાં માહેર નથી તેમને આવી ભેટનો ઉપયોગ કઈ રીતે કરવો એની ચોક્કસ માહિતી નથી હોતી. એને કારણે આવી ગિફ્ટ્સનો કોઈ ઉપયોગ થતો નથી.

એથી એમ કહી શકાય કે ઇ-ગિફ્ટ્સનાં સારાં-નરસાં પાસાં છે. ■

---

તસવીરની આરપાર ___ભાટી એન.


feedback@bombaysamachar.com




# ગોંડલ રેલવે સ્ટેશન ભગવતસિંહજી બાપુની દુરંદેશીનું પ્રતિબિંબ છે



કાઠિયાવાડમાં રાજવીઓનાં રજવાડાં હતાં ત્યારે પ્રજાવત્સલ્ય રાજાઓમાં આર્ષદૃષ્ટિને દૂરંદેશીતા જબરજસ્ત હતી. જેનું જીવન પ્રેરણાદાયી હોય, સમાજમાં રિસ્પેક્ટેબલને આત્મસંતોષી વ્યક્તિત્વને સમષ્ટિગત કાર્યશૈલીની પ્રણાલિકાનું ગૌરવગાન થતું હોયને ભૂરી... ભૂરી... પ્રશંસા જન... જન... કરતો હોય તેવા સૌરાષ્ટ્રના રાજવીઓમાં શિરમોર વ્યક્તિની ગણનામાં એક નામ ભગવતસિંહજી સંગ્રામસિંહજી જાડેજા એ ગોંડલના ઉત્તમોત્તમ રાજવી હતા. જેને (ગોંડલબાપુ)ના હુલામણા નામે ઉદ્બોધન કરતા તેમનો જન્મ ૨૪-૧૦-૧૮૬૫, કારતક સુદ પાંચમ, ધોરાજીમાં થયેલ અને તેમનું અવસાન ૯ માર્ચ ૧૯૪૪ના થયેલ. માતાઃ મોંઘીબા, પિતાઃ સંગ્રામસિંહજી ભાણજી જાડેજા. ભગવતસિંહજી મહારાજાનો રાજ્યાભિષેક ૨૫ ઓગસ્ટ ૧૮૬૯માં પિતા સંગ્રામસિંહજીનું અવસાન થતા ગોંડલ રાજની ગાદી પર બેઠા અને ત્યારબાદ નાની ઉંમરે રાજવી તો બન્યા પણ ઈ.સ. ૧૮૮૪માં ગોંડલની સ્વતંત્ર સત્તા સંભાળી. અભ્યાસ માટે ૧૮૭૫માં રાજકુમાર કોલેજમાં અભ્યાસ માટે દાખલ થયા. ૧૮૮૭ સ્કોટલેન્ડની એડિનબરો યુનિવર્સિટીમાંથી એલ.એલ.ડી. (ડૉક્ટરી અભ્યાસ) કરી ૧૮૯૦માં તે યુનિવર્સિટીમાંથી એમ. બી. સી. એમ. અને એમ. આર. સી.પી. ૧૮૯૫માં એફ.આર.સી.પી. અને એમ.ડી. આયુર્વેદનો અભ્યાસ કરી બુદ્ધિમતાને કામે લગાડી ગોંડલમાં ૧૮૮૭માં સૌપ્રથમ ટેલીફોન લાઈન દરબારગઢથી હજુર બંગલા સુધી શરૂ કરી.



ગોંડલનું રજવાડાની ૧૬૩૪માં સ્થાપના કરવામાં આવી હતી. જ્યારે ઠાકુર કુંભોજી પ્રથમ મેરામનજીએ ગોંડલની ગાદી સંભાળી હતી. તેમના પછીના રાજાઓએ રાજ્યનો વિસ્તાર કર્યો અને ગોંડલને સમૃદ્ધ બનાવ્યું. ગોંડલના નોંધપાત્ર મહારાજાઓમાં અગ્રક્રમે મહારાજા ભગવતસિંહ (૧૮૬૬-૧૯૪૪) તેઓ ગોંડલના સૌથી પ્રજા વત્સલ્ય શાસકોમાંના એક હતા. તેઓ શિક્ષણ, આરોગ્ય, રેલવે, ટેલિફોન સેવા અને સમાજ સુધારણાના હિમાયતી હતી. તેમણે ગોંડલમાં અનેક શાળાઓ, હોસ્પિટલો તેમ જ જાહેર સુવિધાઓ પૂરી પાડી હતા. તેઓ અક્ષરજ્ઞાનનું વિસ્તૃત ભંડોળ એકત્ર કરી લોકબોલીમાં બોલતા શબ્દોને તારવી તેમણે 'ભગવદો મંડલ' નામનો ગુજરાતી ભાષાનો દળદાર શબ્દકોષ સંપાદિત કર્યો અને પ્રવીણ પ્રકાશને આ ગ્રંથનું પ્રકાશન કરી સમાજ હિતમાં સ્તુત્ય કાર્ય કર્યું છે.

ગોંડલના મહારાજા સર ભગવતસિંહજી સૌરાષ્ટ્રમાં રેલવેના પાયોનિયર ગણાય છે...!? જી, હા. સૌરાષ્ટ્રમાં રેલવે શરૂ કરવાનું બહુમાન સર ભગવતસિંહજીના ફાળે જાય છે. ગોંડલ રેલવે સ્ટેશનની સ્થાપના ઈ.સ. ૧૯૩૨માં કરવામાં આવી હતી. તે પહેલા હાલ નગરપાલિકા કચેરી બેસે છે તે બિલ્ડિંગ રેલવે સ્ટેશન હતું...! ગોંડલના હેરિટેજ રેલવે સ્ટેશન (HERITAGE RAILWAY STATION) જે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ૫૫૪ રેલવે સ્ટેશન-હેરિટેજ રેલવે સ્ટેશનનાં પુનઃવિકાસ તથા ૧૫૦૦ રોડ, ઓવર બ્રિજ અંડર પાસ બનાવ્યા છે, તે અંતર્ગત ૬ કરોડના ખર્ચે ગોંડલ રેલવે સ્ટેશનનું રિનોવેશન કરવામાં આવેલ, જેથી ગોંડલનું રાજવી સમયનું બિલ્ડિંગને કેશરી-ઓફ વ્હાઈટ રંગના અદ્ભુત કોમ્બિનેશનથી રંગરોગાન કરી સુંદરતમ બનાવેલ છે. ગોંડલના રાજવી ભગવતસિંહે આ રેલવે સ્ટેશનની વચ્ચે ગોંડલ સ્ટેટનો લોગો કોતરાવેલ છે જેમાં લખ્યું છે. GONDAL- 'સજ્યં ચ સત્યં'ને વચ્ચે લાલ તલવારને ગોલ્ડન રંગનું મુઠિયુંથી આ રેલવે સ્ટેશનને ચાર ચાંદ લગાવે છે. આ રેલવે સ્ટેશનથી સોમનાથ, જૂનાગઢ, પોરબંદર, રાજકોટથી ટ્રેન સેવા બ્રોડગેજ ને ઈલેક્ટ્રિક સજ્જ ટ્રેનો ચાલે છે. આજે આ ગોંડલ રેલવે સ્ટેશન રાજવી ઠાઠની પ્રતીતિ તંતોતંત કરાવે છે. આપ સોમનાથ જાવ તો ગોંડલ રેલવે સ્ટેશન અચૂક જોજો. ■

# વૈશ્વિક બજારોના નબળા સંકેત અને એફઆઈઆઈની વેચવાલીને કારણે સેન્સેક્સે ૧૦૦૦ પોઈન્ટ સુધીનો કડાકો બોલાવ્યો, નિફ્ટી પણ ૨૪,૫૦૦ની અંદર ઘૂસી ગયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક બજારોના નબળા સંકેત અને વિદેશી ફંડોની એકધારી વેચવાલીને કારણે સેન્સેક્સે મંગળવારે ૧૦૦૦ પોઇન્ટનો કડાકો બોલાવ્યો હતો અને નિફ્ટી પણ ૨૪,૫૦૦ની અંદર ધુસી ગયો છે. ઈંચા વેલ્યુએશન્સ, એફઆઇઆઇની એકધારી વેચવાલી ઉપરાંત અત્યાર સુધીના સૌથી મોટા એવા હ્યુન્ડાઇના આઇપીઓના ધબડકાને કારણે બજારનું માસ ખરડાયું હતું.

મૂડીબજારોમાંથી મોટાપાયે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી અને આંતરરાષ્ટ્રીય ઇક્વિટી બજારોના નરમ હવામાન વચ્ચે ભારતીય ઇક્વિટી બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટી મંગળવારે એક ટકાથી વધુ તૂટ્યા હતા. આ ઉપરાંત, કોર્પોરેટ ક્ષેત્રના નબળા નાણાકીય પરિણામોને કારણે પણ બજારના સેન્ટિમેન્ટને ધક્કો પહોંચ્યો હોવાનું બજારના સાધનોએ જણાવ્યું હતું.

મંગળવારના સત્રમાં સેન્સેક્સ ૯૩૦.૫૫ પોઈન્ટ અથવા ૧.૧૫ ટકાના કડાકા સાથે ૮૦,૨૨૦.૭૨ પોઇન્ટની સપાટી પર સેટલ થયો હતો. દિવસ દરમિયાન તે ૧,૦૦૧.૭૪ પોઈન્ટ અથવા ૧.૨૩ ટકા ઘટીને ૮૦,૧૪૯.૫૩ પોઇન્ટની નીચી સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૩૦૯ પોઈન્ટ અથવા ૧.૨૫ ટકા ઘટીને ૨૪,૪૭૨.૧૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. સેન્સેક્સના ત્રીસ શેરમાંથી મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, પાવર ગ્રીડ, ટાટા સ્ટીલ, ઈન્ડસઈન્ડ બેંક, ટાટા મોટર્સ, લાર્સન એન્ડ ટુબ્રો, એનટીપીસી, બજાજ ફાઈનાન્સ અને રિલાયન્સ સૌથી વધુ ગબડનારા શેરોની યાદીમાં હતાં. તેનાથી વિપરીત, આઈસીઆઈસીઆઈ બેંક, નેસ્લે અને ઈન્ફોસીસ ટોપ ગેઇનર શેરોની યાદીમાં હતા. દક્ષિણ કોરિયાની ઓટોમેકર હ્યુન્ડાઈની ભારતીય શાખા હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા લિમિટેડના શેરે મંગળવારે ૧.૫ ટકાના ડિસ્કાઉન્ટ સાથે બજારમાં લિસ્ટિંગ મેળવ્યું હતું અને અંતે તે રૂ. ૧,૯૬૦ની ઈશ્યૂ કિંમત સામે સાત ટકાથી વધુ નીચા મથાળે સ્થિર થયો હતો. પાવરગ્રીડે રાજસ્થાનમાં બે ટ્રાન્સમિશન ઓર્ડર મેળવ્યાં છે. સોનાટા સોફ્ટવેરે એઆઇ પાવર્ડ મેનેજ્ડ સર્વિસ કોન્ટ્રેક્ટ મેળવ્યા છે. ફાર્મા ક્ષેત્રની હિમાલયા વેલનેસે હૂપર બેન્ડ સોલ્યુશનની ભાગીદારીમાં જરા મુસ્કુરાદે નામે વિડિયો કેમ્પેઇન લોન્ચ કર્યું છે અને કંપની સીએસઆરના ભાગરૂપે તેની પ્રત્યેક લીપ બામના વેચાણ સામે ગ્લોબલ ચેરેટીમાં અમુક હિસ્સો ડોનેટ કરશે. રાજસ્થાન સરકારે યુએઇ સાથે રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે રૂ. ત્રણ લાખ કરોડના કરાર કર્યા છે.

આ સપ્તાહમાં ચાલુ સપ્ટેમ્બર ક્વાર્ટરની કમાણીની સિઝનને કારણે બજાર સતત શેરલક્ષી કામકાજ સાથે કોન્સોલિડેશન મોડમાં રહેવાની ધારણા છે, પરંતુ બેન્કિંગ અને




ફાઇનાન્શિયલ સ્પેસમાંથી ટેકો મળી શકે છે. અમેરિકાની ચૂંટણી પહેલા ભૌગોલિક રાજકીય તણાવ અને સોનાના ભાવમાં હિલચાલ પર પણ નજર રાખવામાં આવશે, એમ નિષ્ણાતોએ જણાવ્યું હતું. બજારનું ફોકસ કૃષિ ક્ષેત્ર, પાવર, ડીજીટલ, ઇન્ફ્રા અને એફએમસીજી જેવા સેકટર પર રહેવાની ધારણાં છે. વિદેશી ફંડોએ ઓક્ટોબરમાં દસ અબજ ડોલરના શેર ઠાલવીને એક નવો વિક્રમી આંકડો સ્થાપ્યો છે. ઑક્ટોબરના તમામ દિવસોમાં વિદેશી સંસ્થાકીય ફંડ (એફઆઇઆઇ) ચોખ્ખા વેચાણકર્તા રહ્યા હતા, જેમણે કેશ સેગમેન્ટમાં રૂ. ૮૧,૦૦૦ કરોડથી વધુના શેરનું વેચાણ કર્યું હતું, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ સમાન ગાળામાં રૂ. ૭૫,૦૦૦ કરોડથી વધુના શેરની ખરીદી કરી હતી.

બજાર માટે મોટાભાગના અસરકર્તા પરિબળો ડિસ્કાઉન્ટ થઇ ગયા છે, પછી તે ઇઝરાયલ અને ઇરાનના અણુ યુદ્ધનો ભય હોય કે વિશ્વના સેન્ટ્રલ બેન્કોના સ્ટાન્સ અને નીતિ નિર્ણયો અથવા ક્રૂડ ઓઇલ સંદર્ભે ઓપેક દેશના નિર્ણયો! અલબત્ત કોઇ નવી અને મોટી ઘટના બનશે તો તેની અસર અવશ્ય વર્તાશે પરંતુ અત્યારે તો સટોડિયાઓએ તમામ સંભાવના સ્વીકારી લીધી હોય એવું લાગે છે. અમેરિકન બજારો નવી વિક્રમી ઉંચી સપાટી બનાવી રહ્યા છે ત્યારે વૈશ્વિક શેરબજારની તેજી અકબંધ જોવા મળી રહી છે. ક્રૂડ ઓઇલમાં સતત ઘટાડો અને યુએસ બોન્ડમાં સ્થિરતા પશ્ચિમ એશિયાઇ દેશોમાં લાંબા સમયથી ચાલી રહેલા યુદ્ધને કારણે તણાવગ્રસ્ત પરિસ્થિતિ હોવા છતાં શેરબજારે સ્થિતિસ્થાપકતા જાળવી છે. કોર્પોરેટ ક્ષેત્રના બીજા ત્રિમાસિક સમયગાળાના પરિણામ ઉપરાંત વિદેશી સંસ્થાકીય રોકાણકારોના વલણ અને વેચવાલી, મેન્યુફેક્ચરર્સ પીએમઆઇના ડેટા સહિતના પરિબળો, ક્રૂડના ભાવની વધઘટ, ફોરેક્સ માર્કેટમાં ડોલર અને રૂપિયાની સ્થિતિ વગેરે બાબતો બજારના માનસ પર સત્ર પૂરતી અસર બતાવશે. ટૂંકમાં કંપની પરિણામો પર નજર સાથે બજારમાં શેરલક્ષી કામકાજ અને કોન્સોલિડેશન જોવા મળશે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ સોમવારે રૂ. ૨,૨૬૧.૮૩ કરોડની ઇક્વિટીઓ ઑફલોડ કરી હતી, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ એક્સચેન્જ ડેટા અનુસાર રૂ. ૩,૨૨૫.૯૧ કરોડની ઇક્વિટી ખરીદી હતી.એશિયન બજારોમાં, સિઓલ અને ટોકિયો નીચા મથાળે સ્થિર થયા, જ્યારે શાંઘાઈ અને હોંગકોંગ પોઝિટિવ ઝોનમાં આગળ વધ્યા હતા. યુરોપિયન બજારો નીચા મથાળે ટ્રેડ થઈ રહ્યા હતા. સોમવારે અમેરિકાની બજારોનો અંત મિશ્રિત ટોન સાથે થયો હતો. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૬૧ ટકા વધીને ૭૪.૭૪ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. સોમવારે બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સ ૭૩.૪૮ પોઈન્ટ અથવા ૦.૦૯ ટકા ઘટીને ૮૧,૧૫૧.૨૭ના સ્તર પર સેટલ થયો હતો. નિફ્ટી ૭૨.૯૫ પોઈન્ટ અથવા ૦.૨૯ ટકા ઘટીને ૨૪,૭૮૧.૧૦ પોઇન્ટની સપાટી પર આવી ગયો હતો. ■

## બીએસઇના બધા સેકટરલ ઈન્ડેક્સ ઘટ્યા, માર્કેટ કેપમાં ₹ ૯.૨ લાખ કરોડનું ધોવાણ

મુંબઇ: મુંબઇ શેરબજારના બધા સેકટરલ ઈન્ડેક્સ નેગેટીવ ઝોનમાં ગબડ્યા હતા અને તમામ લિસ્ટેડ ઇક્વિટીના માર્કેટ કેપિટલમાં રૂ.૯.૨ લાખ કરોડનું ધોવાણ નોંધાયું હતું. મંગળવારે બીએસઈ સેન્સેક્સ ગત સોમવારના ૮૧,૧૫૧.૨૭ના બંધથી ૯૩૦.૫૫ પોઈન્ટ્સ (૧.૧૫ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ.૯.૨ લાખ કરોડ ઘટીને રૂ. ૪૪૪.૪૫ લાખ કરોડ રહ્યું હતું.

સેન્સેક્સ ૮૧,૧૫૫.૦૮ ખૂલીને ઊંચામાં ૮૧,૫૦૪.૨૪ સુધી અને નીચામાં ૮૦,૧૪૯.૫૩ સુધી જઈને અંતે ૮૦,૨૨૦.૭૨ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. બીએસઈ સેન્સેક્સની માત્ર એક સ્ક્રિપ્સ વધી હતી અને ૨૯ સ્ક્રિપ્સ ઘટી હતી.એક્સચેન્જમાં ૪,૦૫૮ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૫૫૭ સ્ટોક્સ વધ્યા હતા, ૩,૪૩૦ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૭૧ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૬૮ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૫૯ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૨.૫૨ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૩.૮૧ ટકા ઘટ્યો હતો. સ્ટ્રટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૩.૫૦ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૪.૪૩ ટકા ઘટ્યો હતો.બધા સેકટરલ ઈન્ડાયસીસ ઘટ્યા હતા, જેમાં બીએસઈ ઈન્ડસ્ટ્રિયલ્સ ૩.૫૧ ટકા, રિયલ્ટી ૩.૨૯ ટકા, મેટલ ૨.૯૯ ટકા, કેપિટલ ગુડ્સ ૨.૯૫ ટકા, કોમોડિટીઝ ૨.૮ ટકા, યુટિલિટીઝ ૨.૬૪ ટકા, પાવર ૨.૬૪ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૨.૬૩ ટકા, કંઝ્યુમર ડિસ્કેશનરી ૨.૫૪ ટકા, એનર્જી ૨.૫૨ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૨.૪૬ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૪૧ ટકા, ઓટો ૨.૨૯ ટકા, સર્વિસીસ ૨.૦૩ ટકા, હેલ્થકેર ૧.૭૯ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૧.૭૨ ટકા, બેન્કેક્સ ૧.૩ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૧.૦૯ ટકા, એફએમસીજી ૦.૮૩ ટકા અને ટેક ૦.૭૭ ટકા ઘટ્યા હતા. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં એકમાત્ર આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૬૭ ટકા વધ્યો હતો, જ્યારે મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૩.૭૯ ટકા, તાતા સ્ટીલ ૨.૯૪ ટકા, પાવર ગ્રીડ ૨.૯૨ ટકા, સ્ટેટ બેન્ક ૨.૯૧ ટકા, તાતા મોટર્સ ૨.૬૪ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૨.૩૫ ટકા, એનટીપીસી ૩.૭૯ ટકા, મારુતિ ૨.૧૪ ટકા, લાર્સન ૨.૧૩ ટકા, બજાજ ફિનસર્વ ૨.૦૨ ટકા, રિલાયન્સ ૧.૮૬ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૫૮ ટકા, તાતા કન્સલ્ટન્સી ૧.૫૩ ટકા, કોટક બેન્ક ૧.૪૬ ટકા, જેએસડબલ્યુ સ્ટીલ ૧.૨૬ ટકા, એશિયન પેઈન્ટ્સ અને એક્સિસ બેન્ક ૧.૨૪ ટકા ઘટ્યા હતા. ■

## બુલિયન બજારમાં આગેકૂચ, ચાંદી ₹ ૯૮,૫૦૦ની નજીકઃ ઊંચા ભાવે ઘરેણાંનું વેચાણ નીચું રહેશે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: બુલિયન બજારમાં આગેકૂચ મંગળવારે પણ જારી રહી હતી, જેમાં સ્ટાન્ડર્ડ સોનું રૂ. ૭૮,૦૦૦ નજીક પહોંચ્યું હતું જ્યારે એક લાખ રૂપિયા તરફ ધસમસતી ચાંદી રૂ. ૯૮,૫૦૦ની નજીક પહોંચી હતી. શેરબજારમાં એફઆઇઆની એકધારી વેચવાલી સાથે અમુક ફંડો દ્વારા સેફ હેવન એસેટ તરફના ડાઇવર્ઝન સહિતના પરિબળોને કારણે કિંમતી ધાતુઓના ભાવ વધી રહ્યાં છે. જોકે, ઊંચા ભાવને કારણે જ્વેલરીની માગમાં ઓટ આવી રહી હોવાના પણ અહેવાલો છે.

દેશના જ્વેલર્સ અને રિટેલર્સ એવી આશંકા વ્યકત કરી રહ્યા છે કે દેશના પાટનગરમાં સોનાના ભાવ રૂ. ૮૦,૦૦૦ની નજીક અને ચાંદી રૂપિયા એક લાખનો ભાવ વટાવી ગઇ હોવાથી આ વખતે દિવાળી અને ધનતેરસમાં ઊંચા ભાવે ઘરાકી રૂંધાશે. કસ્ટમ જકાતમાં ઘટાડો થયો હોવા છતાં વેચાણ વધવાની આશા નથી. જોકે, ચાંદીના ભાવમાં ઝડપી ઉછાળો જોવા મળ્યો છે. દિલ્હી ખાતે ચાંદી એક લાખ રૂપિયા વટાવી ગઇ છે.

ઝવેરી બજારમાં ૯૯૯ ટચના શુદ્ધ સોનાના ભાવ રૂ. ૭૮,૨૧૪ના પાછલા બંધ સામે રૂ. ૭૮,૨૩૨ની સપાટીએ ખૂલીને દસ ગ્રામદીઠ માત્ર એક રૂપિયાના વધારા સાથે રૂ. ૭૮,૨૧૫ની સપાટીએ સ્થિર થયા હતા. જ્યારે ૯૯૫ ટચના સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૭૭,૯૦૧ના પાછલા બંધ સામે રૂ. ૭૭,૯૧૯ની સપાટીએ ખૂલીને દસ ગ્રામે રૂ. ૩૭ના વધારા સાથે રૂ. ૭૭,૯૩૮ની સપાટીએ સ્થિર થયા હતા.

જોકે, ચાંદીના માગમાં વૈશ્વિક સ્તરે સતત વધારો થઇ રહ્યો હોવાથી .૯૯૯ ટચની હાજર ચાંદીના ભાવ રૂ. ૯૭,૨૫૪ના પાછલા બંધ સામે રૂ. ૯૭,૬૩૫ની સપાટીએ ખૂલીને એક કિલોદીઠ રૂ. ૧,૧૧૮ના વધારા સાથે રૂ. ૯૮,૩૭૨ની સપાટીએ સ્થિર થયા હતા. બુલિયન ડીલર્સ અનુસાર અમેરિકાની નાણાકીય નીતિમાં સંભવિત ફેરફારો અને વૈશ્વિક તણાવને કારણે શેરબજાર હચમચી ગયું છે. લોકો શેરબજારમાંથી પૈસા કાઢીને સોનામાં રોકાણ કરી રહ્યા છે. સોનાને હંમેશા સુરક્ષિત રોકાણ માનવામાં આવે છે. માગ વધવાને કારણે ભાવ સતત વધી રહ્યા છે. જોકે, સ્થાનિક સ્તરે ભાવ વધુ પડતા ઊંચા જવાથી જ્વેલરીની ઘરાકી રૂંધાઇ રહી છે. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી ગુરુવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે.
ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| DECENT | નિરાકરણ |
| DESCENT | અસહમતી |
| DISSENT | શિષ્ટ |
| DEFUSE | વિખેરવું |
| DIFFUSE | વંશવેલો |

### ઓળખાણ રાખો



દેખાવમાં રાજસ્થાનની બાટી કે સાઉથ ઈન્ડિયન મેંદુ વડા જેવી દેખાતી પરંપરાગત મીઠાઈની ઓળખાણ પડી? મેંદાના લોટથી તૈયાર કરવામાં આવે છે.

અ) સંદેશ   બ) બાલુશાહી   ક) ઘેવર   ડ) કલાકંદ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ થો | ડી | ૨ વા | ૩ ર | ■ | ૪ પ | ૫ ર | ૬ બા | રુ | ■ |
| ક | ■ | ૭ મ | જૂ | ૮ સ | ■ | ૯ મૂ | ળ | ■ | ૧૦ સ |
| ૧૧ બં | ૧૨ ધ | ■ | ■ | ૧૩ ધિ | ર | જ | ■ | ૧૪ ચો | થ |
| ૧૫ ધ | ર | ■ | ૧૬ કા | યા | ■ | ■ | ૧૭ ફ | ર | વા |
| ■ | ૧૮ પ | ૧૯ ર | વા | રો | ■ | ૨૦ સુ | ■ | ■ | રો |
| ૨૧ સુ | ક | ટ | ■ | ■ | ૨૨ આ | ભ | ર | ણ | ■ |
| ૨૩ ભા | ડ | ■ | ૨૪ અ | ૨૫ પ્ર | ગ | ટ | ■ | ■ | ૨૬ અ |
| ષિ | ■ | ૨૭ કા | લિ | કા | ■ | ■ | ૨૮ ખ | પા | વ |
| ૨૯ ત | ૩૦ પા | સ | ■ | ૩૧ શિ | ૩૨ કા | ય | ત | ■ | ન |
| ■ | ૩૩ સું | દ | ર | ત | મ | ■ | ૩૪ મ | ળ | વા |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | ■ | ૪ | | ૫ |
| | ■ | | ■ | | ■ | ૬ | | ■ | |
| ૭ | ૮ | | ■ | | ■ | ૯ | | ■ | |
| ૧૦ | | ■ | ૧૧ | | | | ■ | ૧૨ | |
| | ■ | ૧૩ | | ■ | ■ | ૧૪ | ૧૫ | ■ | |
| ■ | ૧૬ | | | ■ | ૧૭ | | | ૧૮ | ■ |
| ૧૯ | | ■ | ૨૦ | ૨૧ | ■ | | ■ | ૨૨ | ૨૩ |
| | ■ | ૨૪ | | | | ■ | ૨૫ | ■ | |
| | ■ | | ■ | | ■ | ૨૬ | | ■ | |
| ૨૭ | | | | ■ | ૨૮ | | | | |

**આડી ચાવી**

૧. એકી ટસે, અનિમિષ (૬)
૪. સમૃદ્ધ (૩)
૬. શ્વાસ ઝડપથી ચાલવો (૨)
૭. લચી જાય એવું (૩)
૯. સોળ પાલીનું માપ (૨)
૧૦. --- જન્મમાં એટલે કદી નહીં (૨)
૧૧. સમુદ્રમાં--- ના ટાપુ બને (૪)
૧૨. સારા ઘરની સ્ત્રી, સન્નારી (૨)
૧૩. ખાલી --- પૂરો (૨)
૧૪. મોટું પેટ (૨)
૧૬. જૈન ધર્મ ગ્રંથ (૩)
૧૭. સાફલ્ય, સાર્થકતા (૪)
૧૯. ઉમંગ (૨)
૨૦. નોકર, ચાકર (૨)
૨૨. --- જણાવાનું કે તમે... (૨)
૨૪. વારંવાર આવવું જવું તે (૪)
૨૬. આભાસ (૨)
૨૭. હદ નક્કી કરવી તે (૪)
૨૮. તમામ, સમગ્ર, પૂર્ણત : (૫)

**ઊભી ચાવી**

૧. આમાં ટપાલ નાખો (૫)
૨. રાચ --- એટલે ઘરનો સામાન (૩)
૩. --- નું અથાણું થાય (૪)
૪. વધારે ખાવાથી --- ચડે (૩)
૫. જુનવાણી, બહુ જૂનું અને નકામું (૫)
૬. આકુળવ્યાકુળ, બેબાકળા (૬)
૮. ગાડાવાટ, રિવાજ, રૂઢિ (૨)
૧૧. પગાર મેળવનાર (૫)
૧૩. જીદ, (૨)
૧૫. ટુકડી (૨)
૧૬. આશા (૨)
૧૮. મુકુટ (૨)
૧૯. ચડાઉતરી, (૪)
૨૧. યાત્રા, મુસાફરી (૩)
૨૩. જોરદાર, ખૂબ બધી (૪)
૨૪. દરેક (૩)
૨૫. કલા, કારીગરી (૩)
૨૬. વજન, બોજ (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'યુદ્ધ થાય ત્યારે મોટી ખુવારી થાય' પંક્તિમાં ખુવારી શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) કસોટી   બ) ખુમારી   ક) પાયમાલી   ડ) તોપમારો

### માતૃભાષાની મહેક

ચીર અને ચિરઃ બંને શબ્દોમાં ફરક કેવળ દીર્ઘ ઈ અને હ્રસ્વ ઇનો છે, પણ અર્થમાં તીવ્ર તફાવત છે. ચીરનો અત્યંત પ્રચલિત અર્થ છે સ્ત્રીઓને પહેરવાનું ઝીણું કુમાશવાળું વસ્ત્ર. શ્રી કૃષ્ણએ દ્રૌપદીના ૯૯૯ ચીર પૂર્યા હતા. ચિર એટલે ઘણો સમય કે લાંબો વખત. ચિરંજીવી એટલે લાંબું આયુષ્ય ધરાવનાર. સંતાન માટે આ સંબોધન વપરાય છે.

### સુડોકુ-૭૦૧૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | | | | | ૩ | | |
| | ૩ | ૧ | ૯ | | ૮ | | | ૭ |
| | ૯ | ૫ | ૬ | ૧ | | | | ૪ |
| | | | ૭ | ૬ | | | | ૮ |
| ૮ | | ૭ | | ૪ | | ૧ | | ૫ |
| ૩ | | | | ૮ | ૧ | | | |
| ૫ | | | | ૯ | ૨ | ૭ | ૪ | |
| ૯ | | | ૧ | | ૪ | ૬ | ૫ | |
| | | ૪ | | | | | ૧ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૧૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૪ | ૭ | ૩ | ૨ | ૬ | ૧ | ૫ | ૯ |
| ૨ | ૯ | ૬ | ૧ | ૫ | ૮ | ૭ | ૩ | ૪ |
| ૧ | ૩ | ૫ | ૪ | ૯ | ૭ | ૬ | ૮ | ૨ |
| ૬ | ૭ | ૮ | ૨ | ૧ | ૯ | ૩ | ૪ | ૫ |
| ૯ | ૫ | ૧ | ૬ | ૪ | ૩ | ૨ | ૭ | ૮ |
| ૪ | ૨ | ૩ | ૮ | ૭ | ૫ | ૯ | ૬ | ૧ |
| ૫ | ૮ | ૯ | ૭ | ૩ | ૧ | ૪ | ૨ | ૬ |
| ૭ | ૬ | ૪ | ૯ | ૮ | ૨ | ૫ | ૧ | ૩ |
| ૩ | ૧ | ૨ | ૫ | ૬ | ૪ | ૮ | ૯ | ૭ |

### ગુજરાત મોરી મોરી રે

'જાતે દુઃખ વેઠવાં ને પારકાંને દાન કરવું મૂર્ખતા છે' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

ચાટે   ઉપાધ્યાયને   ઘંટી   છોકરાં   આટો   ઘરનાં   ને

### ઈર્શાદ

મોત વેળાની આ ઐયાશી નથી ગમતી મરીઝ',
હું પથારી પર રહું ને આખું ઘર જાગ્યા કરે.

– મરીઝ

### માઈન્ડ ગેમ

તાપમાનની ગણતરીમાં જો ૧૦૦ સેન્ટીગ્રેડ = ૨૧૨ ફેરનહીટ થાય તો ૬૦ સેન્ટીગ્રેડ = કેટલા ફેરનહીટ થાય એ ગણતરી કરી જણાવો.

અ) ૧૧૮   બ) ૧૨૫
ક) ૧૪૦   ડ) ૧૫૫

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| BAKE | શેકવું |
| BEAK | ચાંચ |
| BEAKER | કટોરો |
| BRAKE | ગતિરોધક |
| BREAK | તોડવું |

ઓળખાણ પડી?
અંજાર

માઈન્ડ ગેમ
૧,૮૦,૯૬૦


ચતુર આપો જવાબ
અર્થ જણાવો
નીકળવું

ગુજરાત મોરી મોરી રે
દાઝ્યા ઉપર ડામ ને પડ્યા ઉપર પાટું

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) ભારતી બુચ (૩) નીતા દેસાઈ (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) શીરીન ઔરંગાબાદવાલા (૬) તાહેર ઔરંગાબાદવાલા (૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૮) ડૉ. પ્રકાશ કટકિયા (૯) ભારતી પ્રકાશ કટકિયા (૧૦) વિભા મહેશ્વરી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) લજિતા ખોના (૧૩) અશોક સંઘવી (૧૪) મુલરાજ કપૂર (૧૫) પુષ્પા પટેલ (૧૬) મીનળ કાપડિયા (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) શ્રદ્ધા આશર (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) નુતન વિપીન (૨૨) સુરેખા દેસાઈ (૨૩) ભાવના કર્વે (૨૪) રજનીકાંત પટવા (૨૫) સુનીતા પટવા (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) મહેન્દ્ર લોઢાવિયા (૨૮) મહેશ દોશી (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) વિણા સંપટ (૩૧) અંજુ ટોલિયા (૩૨) જ્યોત્સના ગાંધી (૩૩) રમેશ દલાલ (૩૪) હિના દલાલ (૩૫) ઈનાક્ષી દલાલ (૩૬) પ્રવીણ વોરા (૩૭) પુષ્પા ખોના (૩૮) મીના ભગત (૩૯) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) મહેન્દ્ર લોઢાવિયા (૪૩) મનીષા શેઠ (૪૪) ફાલ્ગુની શેઠ (૪૫) અરવિંદ કામદાર (૪૬) કિશોર બી. સંઘરાજકા (૪૭) જયવંત પદમશી ચિખલ (૪૮) મહેશ સંઘવી (૪૯) નિતીન બજરિયા

૨૦૩ વર્ષ
સતત સમય અને સત્યના ધબકારા ઝીલતું દૈનિક
મુંબઈ સમાચાર
દીપોત્સવી વિશેષાંક-૨૦૨૪
ટૂંક સમયમાં પ્રગટ !




ઉત્સવભર્યા દિવસોમાં માણો અનુભવસિદ્ધ કલમે સત્ત્વશીલ
લેખ - વિશેષ
સિદ્ધહસ્ત લેખકોની કલમે હૃદયસ્પર્શી
વાર્તા-વિશેષ
જાણીતા લેખકોની મરક મરક કરાવતી
હાસ્યકથા - વિશેષ
અને દિવાળી બોનસરૂપે મેળવો
લઘુ નોવેલ-વિશેષ
આવો-માણો સદાબહાર વાચન વૈભવનો આ આગવો સંગ..!
કિંમત : રૂપિયા ૬૦/-

રેલવેમાં નવું ટાઈમટેબલ સુવિધાને બદલે દુવિધા

# મધ્ય અને પશ્ચિમ રેલવેના પ્રવાસીઓની હાલાકીનો કોઈ અંત નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આ મહિનામાં પશ્ચિમ રેલવે અને મધ્ય રેલવેમાં નવા ટાઈમટેબલ લાગુ થયા બાદ પણ ટ્રેનમાં ટ્રાવેલ કરનારાને સુવિધાને બદલે દુવિધા ઊભી થઈ છે. મધ્ય રેલવેમાં પાંચમી અને પશ્ચિમ રેલવેમાં ૧૨મી ઓક્ટોબરથી નવું ટાઈમટેબલ અમલી કર્યું છે. મધ્ય રેલવેમાં પાંચમી ઓક્ટોબરથી અમલી નવા ટાઈમટેબલમાં ૮૩ લોકલ ટ્રેનના ટાઈમમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. ઉપરાંત, દાદર અને પરેલથી નવી લોકલ ટ્રેનની સર્વિસ શરૂ કરવામાં આવ્યા પછી રોજ અપડાઉન કરનારા પ્રવાસીઓની હાલાકી વધી છે. મધ્ય રેલવેમાં સવારથી લોકલ ટ્રેનો રદ કરવાનું પ્રમાણ વધ્યું છે. સવારથી પંદર કોચની ટ્રેન રદ કરવામાં આવ્યા પછી શોર્ટ કટ રુટની લોકલ ટ્રેનોને રદ કરવામાં આવી હતી. એક પછી એક ટ્રેનો રદ કરવામાં આવી રહી હતી, પરંતુ કોઈ કારણ આપવામાં આવ્યું નથી. ■

## પંદર કોચની ટ્રેનને દાદરથી ઉપાડવાનું ગણિત ખોટું

મધ્ય રેલવેમાં સીએસએમટીથી કલ્યાણની પંદર કોચની ટ્રેનને દાદરથી કલ્યાણ કરવામાં આવી છે. દાદરથી કલ્યાણ અને કલ્યાણથી દાદર ટ્રેન દોડાવવાનું ગણિત કોઈને ખબર પડતી નથી. મોટા ભાગનો પેસેન્જર ટ્રાફિક સીએસએમટી, દાદર, કુર્લા, ઘાટકોપર, મુલુંડનો હોય છે, જ્યારે રિટર્નમાં પણ ડોંબિવલી, થાણે, ઘાટકોપર, કુર્લાથી સૌથી વધુ પ્રવાસી ટ્રાવેલ કરે છે, પરંતુ અચાનક ટ્રેનોને શોર્ટ રુટ પર નાખવાનું શું ગણિત છે એ સમજાતું નથી. ■

## લાસ્ટ લોકલના ટાઈમમાં ફેરફારથી પ્રવાસીઓ હેરાન

મધ્ય રેલવેમાં સીએસએમટીથી લાસ્ટ લોકલ ટ્રેનના સમયમાં ફેરફાર કરવાનો નિર્ણય વાજબી નથી. કસારા માટે રાતના ૧૨.૦૮, કર્જત માટે રાતના ૧૨.૧૨ અને થાણે માટે રાતના ૧૨.૨૪ વાગ્યાની લોકલ ટ્રેનનો ટાઈમ કરવાનું યોગ્ય નથી. પશ્ચિમ રેલવેમાં લાસ્ટ લોકલ ૧૨.૫૦ વાગ્યાની ચર્ચગેટ-વિરાર અને બોરીવલી માટે એક વાગ્યાની લોકલ ટ્રેન છે. ■

## પશ્ચિમ રેલવેમાં પ્લે. નં. પાંચ અને પ્લે. નં. સાત વચ્ચે દોડધામ કરવા બોરીવલીવાસીઓ મજબૂર

પશ્ચિમ રેલવેમાં બોરીવલી ખાતે વિરારથી આવતી ચર્ચગેટની ફાસ્ટ ટ્રેનો પકડવા પ્રવાસીઓને પ્લે. નં. પાંચ-સાત વચ્ચે ભાગદોડ કરવી પડે છે. એવું નથી કે આ કોઇ એક દિવસની વાત હોય, રોજની આ હાલાકી છે. રેલવે ઇન્ડિકેટર પર દાદર ફાસ્ટ લોકલ લગાવ્યા બાદ તે પ્લેટફોર્મ પર ચર્ચગેટની ફાસ્ટ લોકલ આવતી હોય છે અને ચર્ચગેટની ટ્રેનની જગ્યાએ દાદર ટ્રેનો આવતી હોય છે. છેલ્લી ઘડી સુધી પ્રવાસીઓ બ્રિજ પર જ ઊભા રહેતા હોય છે જેથી છેલ્લા ઘડીએ હેરાનગતિ ન થાય. તેમ છતાં ટ્રેનોના ધાંધિયા હવે રોજના થઇ ગયા છે. રેલવે તરફથી યોગ્ય અનાઉન્સમેન્ટ પણ કરવામાં આવતી ન હોવાને કારણે પ્રવાસીઓ હેરાન થઇ રહ્યા છે. ■

# મુંબઈગરાઓ પીવાનું પાણી ઉકાળીને અને ગાળીને વાપરજો

## ભાતસા કેચમેન્ટ એરિયામાં પડેલા વરસાદને કારણે નદીના પટમાં ડહોળું પાણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈગરાને આગામી થોડા દિવસ ઉકાળેલું અને ગરમ કરીને પાણીનો વપરાશ કરવાની સલાહ મુંબઈ મહાનગરપાલિકાના પાણીપુરવઠા વિભાગે આપી છે.

રાજ્યમાં હાલ અનેક જિલ્લામાં મુશળધાર વરસાદ પડી રહ્યો છે. ભારે વરસાદને પગલે નદીઓમાં પાણીની આવક થઈ છે, પરંતુ તેની સાથે મુસીબત ઊભી થઈ ગઈ છે, જેમાં મુખ્યત્વે મુંબઈને ૫૦ ટકાથી પણ વધુ પાણી પૂરું પાડનારા

(જુઓ પાનું ૪) ▶▶

# હવે ધોરણ ૧૦ની પરીક્ષામાં ગણિત, વિજ્ઞાનમાં ૨૦ માર્કસ મેળવો તો પણ ૧૧માં પ્રવેશ મળશે

મુંબઇ: અભ્યાસમાં ઘણા વિદ્યાર્થીઓને ગણિત અને વિજ્ઞાન વિષયની એલર્જી હોય છે. ખાસ કરીને વિદ્યાર્થીઓને ગણિતનો ફોબિયા હોય છે. અટપટા સમીકરણો અને ફોર્મ્યુલા તેમની સમજની બહાર હોય છે. બીજા બધા વિષયો આવડતા હોવા છતાં પણ ગણિતને કારણે તેઓ ઘણી વાર નાપાસ પણ થઇ જાય છે. આવા ગણિત ફોબિયા ધરાવતા વિદ્યાર્થીઓને હવે રાજ્ય સરકારે રાહત આપી છે. હવે વિદ્યાર્થીઓને ૧૦માં બોર્ડની પરીક્ષા (એસએસસી પરીક્ષા)માં ગણિત અને વિજ્ઞાન વિષયમાં ૩૫થી ઓછા અને ૨૦થી વધુ માર્કસ આવશે તો પણ તેમને ૧૧માં ધોરણમાં પ્રવેશ મળશે. નવા અભ્યાસક્રમમાં આ અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

બોર્ડની પરીક્ષામાં ગણિત અને વિજ્ઞાનમાં ૩૫ કરતા ઓછા અને ૨૦ કરતા વધુ માર્કસ મેળવનાર વિદ્યાર્થી આગળના શિક્ષણ માટે લાયક ગણાશે. પરંતુ તેમના પરિણામો પર ચોક્કસ ટિપ્પણી લખવામાં આવશે. વિદ્યાર્થીઓ પાસે હવે બે વિકલ્પ રહેશે. વિદ્યાર્થી ફરીથી પરીક્ષા આપી શકશે અથવા તો તેઓ ૧૧માં ધોરણમાં પ્રવેશ લઇ શકશે. પરંતુ આ વિકલ્પ એવા વિદ્યાર્થીઓ માટે છે કે જેઓ ગણિત કે વિજ્ઞાનના આધારે ઉચ્ચ શિક્ષણ મેળવવા માંગતા નથી કે કારકિર્દી બનાવવા માંગતા નથી. તેઓને આ વિકલ્પથી ફાયદો

(જુઓ પાનું ૪) ▶▶

ભાજપમાં બળવાનો સિલસિલો યથાવત

# મહાયુતિમાં ભાજપના નેતાનો શિંદે સેનામાં પ્રવેશ

મુંબઈ: મહારાષ્ટ્રમાં રાજકારણની વિચિત્ર રમત જોવા મળી રહી છે. અહીં બે મોટા પ્રાદેશિક પક્ષોના ભાગલા પડ્યા છે અને તેમણે ભાજપ અને કૉંગ્રેસ સાથે યુતિ કરી બે મોટા ગઠબંધન બનાવ્યા છે, જે એકબીજા સામે ચૂંટણીનો જંગ લડશે. હવે આટલું ઓછું હોય તેમ એક ગઠબંધનના બે પક્ષો વચ્ચે પણ ખેંચતાણ ચાલી રહી છે અને તેમાં પણ ટિકિટ ઈચ્છુકો એક પક્ષમાંથી બીજા પક્ષમાં ઠેકડા મારવા લાગ્યા છે.

સોમવારે અજિત પવારની એનસીપી (રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી)ના અમુક નારાજ ટિકિટ ઈચ્છુકોએ સાગર બંગલા ખાતે ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસને ત્યાં રીતસરની ભીડ જમાવી હતી. તો હવે ભાજપના જ એક મોટા નેતાના

(જુઓ પાનું ૪) ▶▶

## ગણેશ નાઈકના પુત્ર સંદીપ નાઈક શરદ પવાર જૂથમાં જોડાયા

મુંબઈ - થાણે: રાજ્ય વિધાનસભાની ચૂંટણી પહેલા નવી મુંબઈમાં ભારતીય જનતા પક્ષને ફટકો પડ્યો છે. ભાજપના નેતા અને માજી વિધાનસભ્ય સંદીપ નાઈક મંગળવારે શરદ પવારના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)માં જોડાઈ ગયા છે. સંદીપ નાઈક બેલાપુર બેઠક પરથી વિધાનસભાની ચૂંટણી લડે તેવી શક્યતા છે. આ બેઠક પર ભાજપે તેના વર્તમાન વિધાનસભ્ય મંદા મ્હાત્રેને ફરી ઉમેદવારી આપી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે વર્ષોથી નવી મુંબઈ

(જુઓ પાનું ૪) ▶▶

## રાજકુમાર બડોલે જોડાયા અજિત પવાર જૂથમાં

મુંબઈ: મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન અને ભાજપના નેતા રાજકુમાર બડોલે મંગળવારે અજિત પવારના નેતૃત્વવાળી એનસીપીમાં સામેલ થઈ ગયા છે. ગોંદિયા જિલ્લાના અર્જુની-મોરગાંવ મતવિસ્તારના પૂર્વ વિધાનસભ્ય બડોલેનું અજિત પવાર અને એનસીપીના વરિષ્ઠ નેતાઓએ પક્ષમાં સ્વાગત કર્યું હતું. બડોલેએ સંવાદદાતાઓને જણાવ્યું હતું કે મહાયુતિ સરકારે મહારાષ્ટ્રમાં સારું કામ કર્યું છે અને આ સરકારે ફરીથી સત્તામાં આવવું જોઈએ એવું જનતા માને છે. બડોલે રાજ્યમાં દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળના મંત્રાલયમાં સામાજિક ન્યાય પ્રધાન તરીકે કામ કરી ચૂક્યા છે. ૨૦૦૯ અને ૨૦૧૪ની ચૂંટણીમાં અર્જુની-મોરગાંવ બેઠક પરથી તેઓ ભાજપના ઉમેદવાર તરીકે ચૂંટાયા હતા. ■

# મહાવિકાસ આઘાડીની જવાબદારી હવે બાળાસાહેબ થોરાતના શિરે

મુંબઈ: મહાવિકાસ આઘાડીમાં કોંગ્રેસ અને શિવસેના (ઉદ્ધવ ઠાકરે) બંને પક્ષમાં છેલ્લા થોડા દિવસથી ખટરાગ ચાલી રહ્યો છે. મહાવિકાસ આઘાડીમાં સમન્વય સાધવાની જવાબદારી હવે વિધાનસભ્ય બાળાસાહેબ થોરાતને સોંપવામાં આવી છે. થોરાતને મળેલી નવી જવાબદારીથી પક્ષ અંતર્ગત તેમનું વજન વધી ગયું હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

બેઠકની વહેંચણીને મુદ્દે સાંસદ સંજય રાઉતે નાના પટોલેને ટાર્ગેટ કર્યા છે. પટોલેએ આ અંગે સામો જવાબ વાળતાં બંને વચ્ચે શાબ્દિક યુદ્ધ થયું હતું. આની સીધી અસર મહાવિકાસ આઘાડી પર પડી રહી છે. ત્યાર બાદ બંને નેતાઓએ માધ્યમો સમક્ષ સારા બનવાનો પ્રયાસ કર્યો હતો. ■

## થોરાત શરદ પવારને મળ્યા

કોંગ્રેસના નેતા બાળા સાહેબ થોરાત મંગળવારે એનસીપી (એસપી)ના અધ્યક્ષ શરદ પવારને મળ્યા હતા અને મહાવિકાસ અઘાડીના ઘટકો, ખાસ કરીને તેમની પાર્ટી અને શિવસેના (યુબીટી) વચ્ચે બેઠકોની ફાળવણી અંગેની મડાગાંઠ ઉકેલવાની કોશિશ કરી હતી. સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં થોરાતે ભારપૂર્વક જણાવ્યું હતું કે એમવીએમાં કોઈ વિવાદ નથી અને બાકીની બેઠકો માટે ચર્ચા ચાલી રહી છે.

અખિલ ભારતીય કોંગ્રેસ કમિટીના મહારાષ્ટ્ર પ્રભારી રમેશ ચેન્નીથલાએ પવાર અને શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેને મળવા કહ્યું હોવાનું જણાવી થોરાતે ઉમેર્યું હતું કે એમવીએના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરવા પર દિવસ દરમિયાન એનસીપી (એસપી) અને શિવસેના (યુબીટી) સાથે પણ ચર્ચા કરવામાં આવશે. ■

# કોઈ માઈનો લાલ લાડકી બહિણ યોજના બંધ નહીં કરાવી શકે : શિંદે

જળગાંવ: શિવસેના (એકનાથ શિંદે)એ જળગાંવ જિલ્લાના મુક્તાઈનગરમાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની હાજરીમાં રેલી યોજી હતી. ચૂંટણીને હવે માત્ર ૨૯ દિવસ જ બાકી રહ્યા છે. દરમિયાન, મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પ્રચાર પર સૌથી વધુ ભાર મૂકી તેમણે ફરી એકવાર લાડકી બહિણ યોજના પર ટિપ્પણી કરી હતી.

મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે 'આજે હું તમને શુભેચ્છા પાઠવું છું. હેલિકોપ્ટરમાંથી ઊતર્યો ત્યારથી જ મને માનવ મહેરામણ દેખાયો. મેં પૂછ્યું કે સભામાં લોકોની હાજરી છે ખરી? અહીં આવીને જોયું તો વિશાળ સંખ્યામાં લોકોની હાજરી જોવા મળી. ગુલાબરાવે કહ્યું કે લાડકી બહેનો એક વાર મનોમન નક્કી કરી લે પછી એ કોઈનું ન સાંભળે. હવે આ બહેનો જ મારા લાડકા ભાઈઓને શું કરવાનું છે એ સમજાવશે.'

મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે ૨૩મીએ પરિણામના દિવસે મહાગઠબંધનની જીતનો ધમાકો આઈટમ બોમ્બ જેવો હશે.છેલ્લાં બે-અઢી વર્ષમાં અમે મુક્તાઈ નગર મતવિસ્તારને પાંચ હજાર કરોડ રૂપિયા ફાળવ્યા છે. હું બે હાથે આપનારો મુખ્ય પ્રધાન છું એ યાદ રાખજો. મારી લાડકી બહિણ યોજના વિપક્ષને ચૂંટણીલક્ષી ઘોષણા લાગી હતી. પૈસા નહીં આવે, યોજના કાગળ પર જ રહેશે એવું તેમણે કહ્યું, પણ એવું ન થયું. હું આનંદ દિઘે અને બાળાસાહેબનો શિવસૈનિક છું. એક વખત હું કમિટમેન્ટ કરી લઉં પછી હું ખુદની પણ પરવા નથી કરતો' એવો સલમાન ખાન સ્ટાઈલનો ડાયલોગ પણ માર્યો હતો.

લાડકી બહિણ યોજના વિશે ફોડ પાડી શિંદેએ ઉમેર્યું હતું કે કોઈ માઈનો લાલ આવશે તો પણ લાડકી બહિણ યોજના બંધ નહીં થાય. તમે જો અમારા હાથ મજબૂત બનાવશો તો બે હજાર, ત્રણ હજાર રૂપિયા આપવામાં આવશે. મારી બહેનો લખપતિ બને એવી મારી ઈચ્છા છે. ■

# એમવીએ અને મહાયુતિમાં સીટ શેરિંગ ફાઈનલ?

મુંબઈ: મહાવિકાસ આઘાડી (એમવીએ) અને મહાયુતી એમ બે ગઠબંધન છે અને બન્ને બેઠકોની વહેંચણીની કડાકૂટમાંથી હજુ બહાર આવ્યા નથી ત્યારે સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર બન્ને વચ્ચે સમાધાન થયું છે અને બેઠકોની વહેંચણી નક્કી થઈ છે. જોકે હજુ સત્તાવાર કોઈ માહિતી નથી, પરંતુ નજીક આવતી ચૂંટણીની તારીખને જોતા એકાદ દિવસમાં યાદી જાહેર થાય તેવી સંભાવના છે.

## મહાયુતિમાં કોને કેટલી બેઠક

ભાજપ અને શિવસેના (એકનાશ શિંદે) અને એનસીપી (અજિત પવાર)ની મહાયુતીની બેઠકોની વહેંચણીની વાત કરીએ તો ભાજપ ૧૪૫-૧૫૦ બેઠક પર ચૂંટણી લડશે જ્યારે શિંદેસેના ૭૦થી ૮૦ અને એનસીપી ૫૦થી ૫૪ બેઠક પર ચૂંટણી લડશે. ભાજપની બેઠકમાંથી આઠવલેની રિપબ્લિકનને અમુક બેઠક મળે તેવી સંભાવના છે. ભાજપમાં જોડાયા ત્યારે શિંદે ૪૦ અને અજિત પવાર ૪૩ વિધાનસભ્ય સાથે જોડાયા હતા, પરંતુ લોકસભામાં એનસીપીના ખૂબ જ ખરાબ પર્ફોર્મન્સ અને અજિત પવારના પત્નીને રાજ્યસભાની બેઠક મળી હોવાથી વિધાનસભામાં અજિત પવારને ભાગે સૌથી ઓછી બેઠક આપી હોવાનુ માનવામાં આવે છે.


જોકે બન્ને પક્ષો આ મામલે સત્તાવાર જાહેરાત કરતા નથી, આથી ખરેખર સ્થિતિ શું છે તે કહેવું મુશ્કેલ છે.

## શું છે એમવીએની ફોર્મ્યુલા

સૂત્રોનું માનીએ કોંગ્રેસ ૧૧૦-૧૧૫ જેટલી બેઠક પર પોતાના ઉમેદવાર ઊભા રાખશે જ્યારે ઉદ્ધવસેના ૯૦થી ૯૫ બેઠક પર ઉમેદવાર ઊભા રાખશે. આશ્ચર્યજનક રીતે શરદ પવારની એનસીપીના હાથમાં ૭૫ આસપાસ બેઠક આવે તેમ કહેવાય છે. ■

# બોલો, ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઇને મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી લડવાની ઓફર

## બિશ્નોઈની સરખામણી ભગત સિંહ સાથે કરી



મુંબઇ: મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીની તારીખોની જાહેરાત થઇ ગઇ છે. તમામ રાજકીય પક્ષો ચૂંટણીની તૈયારી કરી રહ્યા છે. એવામાં એક પક્ષનું વિચિત્ર નિવેદન સામે આવ્યું છે. તેમણે જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈને મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી લડવાની ઓફર કરી છે. માનવામાં ના આવે પણ આ સાચી વાત છે. ઉત્તર ભારતીય વિકાસ સેના (યુબીવીએસ) નામના રાજકીય પક્ષે બિશ્નોઈને પત્ર લખીને મહારાષ્ટ્રમાં ચૂંટણી લડવા વિનંતી કરી છે. આટલું જાણે કે ઓછું હોય તેમ આ પાર્ટીએ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈની સરખામણી શહીદ-એ-આઝમ સરદાર ભગતસિંહ સાથે કરી છે. યુબીવીએસએ ભારતના ચૂંટણી પંચ અને મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચમાં નોંધાયેલ છે.

યુબીવીએસના રાષ્ટ્રીય અધ્યક્ષ સુનીલ શુક્લાએ તેમના નિવેદનમાં જણાવ્યું હતું કે મુંબઈમાં ચૂંટણી લડવા માટે ઉત્તર ભારતીય વિકાસ સેનાના ચાર ઉમેદવારોના નામ ફાઈનલ કરવામાં આવ્યા છે અને જો લોરેન્સ બિશ્નોઈ મંજૂરી આપશે તો ૫૦ ઉમેદવારોની યાદી ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. એનસીપી નેતા બાબા સિદ્દીકીની હત્યામાં ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનું નામ સામે આવ્યું છે. બાબા સિદ્દીકીની હત્યાની જવાબદારી લોરેન્સ બિશ્નોઈની ગેંગે લીધી છે. દરમિયાન મુંબઈ પોલીસ પણ આ મામલે તપાસ કરી રહી છે. બોલીવૂડ સુપરસ્ટાર સલમાન ખાનને મારવાની ધમકી આપતી લોરેન્સ બિશ્નોઇ ગેંગ ઘણા સમયથી સમાચારોમાં છે. ■

# મુંબઇ સહિત કોંકણ-વિદર્ભની બેઠકો નક્કી કરશે રાજ્યનો કેપ્ટન

મુંબઇ: સામાન્ય રીતે મુંબઈગરાઓ મતદાન માટે જોઈએ તેવો ઉત્સાહ બતાવતા નથી, પરંતુ તમને ખબર નથી તમારી ૩૬ બેઠક મેળવવા માટે ઉમેદવારો અને રાજકીય પક્ષોએ કેટલી કમર કસવી પડે છે. મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર) અને કોંકણ તેમ જ વિદર્ભની બેઠકો પરની હારજીત આખા રાજ્યની બાજી પલટાવી નાખે છે. એમએમઆર- કોંકણ અને વિદર્ભની અનુક્રમે ૭૫ ને ૬૨ બેઠક માટે બન્ને ટીમ પીચ તૈયાર કરી રહી છે કારણ કે અહીં વધારે રન ફટકારનાર રાજ્યનો કેપ્ટન બનશે.

હવે હાલનું ચિત્ર જોઈએ તો મહાયુતિ સત્તામાં છે અને એમવીએ વિરોધપક્ષમાં છે. લોકસભામાં ૪૮ બેઠકમાંથી ૩૦ પર એમવીએનો વિજય થયો હતો અને ૧૭ પર મહાયુતિને જીત મળી હતી, પરંતુ આ આંકડાઓ વચ્ચેનો તફાવત એમવીએ માટે વધારે ઉત્સાહમાં રહેવા જેવો નથી કારણ કે બન્નેના વોટશેરમાં માત્ર એક ટકાનો તફાવત છે. એમવીએને ૪૩.૭૧ ટકા જ્યારે મહાયુતિને ૪૩.૫૫ ટકા મત મળ્યા છે. વિદર્ભની વાત કરીએ

(જુઓ પાનું ૪) ▶▶

# પુણેમાં કારમાંથી ₹ પાંચ કરોડ જપ્ત

## સત્તાધારી પક્ષ દ્વારા નાણાંની હેરફેર ચાલુ થઇ હોવાનો વિપક્ષનો આક્ષેપ

પુણે: મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીની જાહેરાત બાદ નાણાંની હેરાફેરી પણ શરૂ થઈ ગઈ છે. ચૂંટણી પંચના આદેશ પર શંકાસ્પદ વાહનોની તપાસ કરવામાં આવી રહી છે. પુણે ગ્રામીણ પોલીસે સોમવારે ખેડ શિવપુર ટોલ નાકા પર નાકાબંધી દરમિયાન કારમાંથી કુલ રૂ. પાંચ કરોડની રોકડ જપ્ત કરી હતી. આ કેસમાં પોલીસે કાર ચાલક સહિત ચાર લોકોની પૂછપરછ માટે અટકાયત કરી હતી. વધુ તપાસ માટે આ રકમ આવકવેરા અધિકારીઓને સોંપવામાં આવી હતી. મળતી માહિતી મુજબ સોમવારે

(જુઓ પાનું ૪) ▶▶

# દક્ષિણ મુંબઈમાં ₹ 30 લાખની ઇ-સિગારેટ પકડાઇ

મુંબઈ: મંગળદાસ માર્કેટ અને આગ્રીપાડા વિસ્તારમાંથી ક્રાઇમ બ્રાન્ચની ટીમે રૂ. ૩૦ લાખની કિંમતની ઇ-સિગારેટ પકડી પાડી હતી. આ પ્રકરણે ફૈઝલ જમાલ મોતીવાલા નામના શખસ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. અધિકારીઓને માહિતી મળી હતી કે ફૈઝલ મોતીવાલાએ મંગળદાસ માર્કેટ ખાતેની દુકાનમાં પ્રતિબંધિત ઇ-સિગારેટનો જથ્થો રાખ્યો છે. ઉપરોક્ત સ્થળે તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે મોતીવાલાએ આગ્રીપાડા ખાતેના પોતાના ઘરમાં ઇ-સિગારેટનો જથ્થો રાખ્યો હોઇ તે માગણી પ્રમાણે પોતાની ઇમિટેશન જ્વેલરીની દુકાનમાં ઇ-સિગારેટ લાવીને ગ્રાહકોને વેચે છે. ■

# ક્રિકેટ, હૉકી, બૅડમિન્ટન, રેસલિંગ, શૂટિંગ, તીરંદાજી, ટેબલ ટેનિસ, સ્ક્વૉશ, ટ્રાયથ્લોન

## કૉમનવેલ્થ ગેમ્સમાંથી આ રમતોની બાદબાકીથી ભારતની મેડલની આશાને ઝટકો

લંડનઃ ૨૦૨૬ની સાલમાં સ્કૉટલૅન્ડના ગ્લાસગો શહેરમાં યોજાનારી કૉમનવેલ્થ ગેમ્સમાંથી એવી રમતોની બાદબાકી કરવામાં આવી છે, જેમાં ભારતને અનેક મેડલ જીતવાની પાકી આશા હતી. ક્રિકેટ, બૅડમિન્ટન, રેસલિંગ, શૂટિંગ, તીરંદાજી, ટેબલ ટેનિસ, સ્ક્વૉશ અને ટ્રાયથ્યલોનમાં ભારતને ચંદ્રક જીતવાની ઘણી અપેક્ષા હતી, પણ હવે બાકીની માત્ર ૧૦ રમતોમાં ભારતીય ઍથ્લીટ્સે દેશને મેડલ અપાવવા પડશે. ટૂર્નામેન્ટને લગતા બજેટ (ખર્ચ)ને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે.

૨૦૨૨ની કૉમનવેલ્થમાં ભારતીય મહિલા ટી-૨૦ ટીમ રનર-અપ રહી હતી અને ઑસ્ટ્રેલિયા ચૅમ્પિયન બન્યું હતું. ભારત એ ટૂર્નામેન્ટમાં બાવીસ ગોલ્ડ, ૧૬ સિલ્વર, ૨૩ બ્રૉન્ઝ સહિત કુલ ૬૧ મેડલ સાથે ચોથા નંબરે રહ્યું હતું.

૨૦૨૬ની કૉમનવેલ્થમાં જે રમતો સામેલ છે એના નામ આ મુજબ છેઃ ઍથ્લેટિક્સ, સ્વિમિંગ, આર્ટિસ્ટિક જિમ્નૅસ્ટિક્સ, ટ્રૅક સાઇક્લિંગ, નેટબૉલ, વેઇટલિફ્ટિંગ, બૉક્સિંગ, જૂડો, બૉલ્સ તથા બાસ્કેટબૉલ. ■

# ગિલની વાપસી નક્કીઃ સરફરાઝ ઇલેવન માટે ફેવરિટ છે એટલે રાહુલ આઉટ થઈ શકે

પુણેઃ ન્યૂ ઝીલૅન્ડ સામેની બીજી ટેસ્ટ ગુરુવાર, ૨૪મી ઑક્ટોબરે પુણેમાં શરૂ થશે અને એ માટેની પ્લેઇંગ-ઇલેવનમાં શુભમન ગિલ કમબૅક કરી શકે એમ છે. ગરદનના દુખાવાને લીધે તે બેન્ગલૂરુની પ્રથમ ટેસ્ટમાં નહોતો રમ્યો અને તેના સ્થાને સરફરાઝ ખાનને રમવાનો મોકો મળ્યો જેનો તેણે પૂરો ફાયદો ઉઠાવ્યો અને બીજા દાવમાં ૧૫૦ રન ખડકી દીધા હતા.

ભારત પ્રથમ ટેસ્ટ જીતી ન શક્યું એ વાત અલગ છે, પરંતુ બેન્ગલૂરુમાં દમદાર પર્ફોર્મ કરનાર સરફરાઝનું સ્થાન ઇલેવનમાં લગભગ નક્કી છે.

જો ગિલનો અગિયાર ખેલાડીઓમાં સમાવેશ થશે તો કેએલ રાહુલનું પત્તું કપાઈ શકે એમ છે.

મંગળવારના બર્થ-ડે બૉય સરફરાઝે બીજા દાવમાં ૯૯ રન પર આઉટ થનાર રિષભ પંત સાથે ચોથી વિકેટ માટે ૧૭૭ રનની ભાગીદારી કરી હતી. જોકે રાહુલ સદંતર ફ્લૉપ રહ્યો હતો. ૪૬ રનના ટીમ-સ્કોરવાળી ઇનિંગ્સમાં જે પાંચ બૅટર ઝીરોમાં આઉટ થયા હતા એમાંનો એક રાહુલ પણ હતો. બીજા દાવમાં તે ફક્ત ૧૨ રન બનાવીને એ દાવમાં પણ પેસ બોલર વિલિયમ ઑ'રુર્કેના બૉલમાં વિકેટકીપર ટૉમ બ્લન્ડેલને કૅચ આપી બેઠો હતો.

ભારતીય ટીમના સહાયક કોચ રાયન ટેન ડૉચેટે પુણેમાં મંગળવારે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું, 'રાહુલના બૅટિંગ-ફૉર્મ વિશે અમને કોઈ પ્રકારની ચિંતા નથી. ગૌતમ ગંભીર જ્યારથી હેડ-કોચ બન્યા છે ત્યારથી તેમણે રાહુલના ફૉર્મ પર વિશ્વાસ જાળવી રાખ્યો છે. જોકે ટીમમાં સ્થાન મેળવવા માટે હરીફાઈ પણ વધી ગઈ છે. સરફરાઝ ખાને ઇરાની કપની ફાઇનલમાં મૅચ-વિનિંગ અણનમ ૨૨૨ રન બનાવ્યા ત્યાર બાદ બેન્ગલૂરુની ટેસ્ટમાં ૧૫૦ રન કર્યા. ટીમ માટે શું બેસ્ટ કહેવાય એ જ નિર્ણય લેવાશે.'

ડૉચેટે ભારપૂર્વક કહ્યું હતું કે 'ખરી હરીફાઈ રાહુલ અને સરફરાઝ વચ્ચે છે. ટીમ માટે જે સૌથી ઠીક હશે એ જ નિર્ણય લેવાશે.' ■



સરફરાઝ ખાન મંગળવારે ૨૭ વર્ષનો થયો હતો. (બીસીસીઆઇ)

# પિતાની 'ધાર્મિક પ્રવૃત્તિ' બદલ ભારતની સ્ટાર ક્રિકેટર જેમાઈમાની ક્લબની મેમ્બરશિપ રદ?

મુંબઈઃ મુંબઈની સૌથી જૂની ક્લબોમાંની એક ખાર જિમખાના ક્લબે ભારતીય મહિલા ક્રિકેટર જેમાઇમા રૉડ્રિગ્સની મેમ્બરશિપ રદ કરી નાખી છે. શહેરની આ જૂની ને જાણીતી ક્લબે જેમાઇમાના પિતાની 'ધાર્મિક પ્રવૃત્તિ'ના કારણસર જેમાઇમાનું સભ્યપદ રદ કર્યું છે. જેમાઇમાની મેમ્બરશિપ રદ કરવાનો નિર્ણય રવિવારે વાર્ષિક સામાન્ય સભામાં લેવામાં આવ્યો હતો.

એક જાણીતી ન્યૂઝ વેબસાઇટના અહેવાલ અનુસાર ખાર જિમખાનાના અધિકારીઓના જણાવ્યા મુજબ આ નિર્ણય ત્યારે લેવામાં આવ્યો જ્યારે કેટલાક મેમ્બરોએ જેમાઇમાના પિતા ઇવાન રૉડ્રિગ્સ દ્વારા ક્લબના પરિસરનો ઉપયોગ 'ધાર્મિક પ્રવૃત્તિ' માટે કર્યો એ સામે વિરોધ નોંધાવ્યો હતો. તેમણે આરોપ મૂક્યો કે 'નબળા લોકોનું ધર્મ પરિવર્તન કરવા માટે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.'



જેમાઇમા ત્રણ વર્ષથી આ ક્લબની મેમ્બર હતી અને તેની મેમ્બરશિપ હવે રદ કરાઈ છે. સૂત્રોના જણાવ્યા મુજબ જેમાઇમાના પિતા બ્રધર મૅન્યૂઅલ મિનિસ્ટ્રીઝ નામના એક સંગઠન સાથે જોડાયેલા છે. જેમાઇમાના નામ પર ઇવાને લગભગ દોઢ વર્ષ માટે પ્રેસિડેન્શિયલ હૉલ બુક કર્યો હતો અને ૩૫ કાર્યક્રમો આયોજિત કર્યા હતા. કહેવાય છે કે ઇવાન રૉડ્રિગ્સ પર ધર્મ પરિવર્તનનો આરોપ મૂકવામાં આવ્યો છે.

વેબસાઇટના અહેવાલ મુજબ ખાર જિમખાનાની એક કમિટીના મેમ્બર શિવ મલ્હોત્રાએ આ વિષયમાં કહ્યું, 'આખા દેશમાં ઘણી જગ્યાએ ધર્મ પરિવર્તનના કાર્યક્રમો થતા હોવાનું આપણે સાંભળતા હોઈએ છીએ, પરંતુ આ તો આપણા નાક નીચે જ થઈ રહ્યું છે. ખાર જિમખાનાના બંધારણના નિયમ ૪-એ અનુસાર આ ક્લબ કોઈ પણ ધાર્મિક પ્રવૃત્તિની પરવાનગી નથી આપતી.'

જેમાઇમા રૉડ્રિગ્સ ૨૪ વર્ષની છે. ભારતીય ક્રિકેટ ટીમની નવી કૅપ્ટન તરીકે તાજેતરમાં જ હરમનપ્રીત કૌરના સ્થાને તેનું નામ બોલાતું હતું.

જેમાઇમાએ ૨૦૧૮માં ઑસ્ટ્રેલિયા સામેની વડોદરાની મૅચથી ભારત વતી રમવાની શરૂઆત કરી હતી. તેણે અત્યાર સુધીમાં ત્રણ ટેસ્ટ, ૩૦ વન-ડે અને ૧૦૪ ટી-૨૦ સહિત કુલ ૧૩૭ આંતરરાષ્ટ્રીય મૅચમાં ૩,૦૦૦થી પણ વધુ રન બનાવ્યા છે જેમાં ૧૯ હાફ સેન્ચુરી સામેલ છે. તેણે કુલ ૩૪ સિક્સર અને ૩૧૮ ફોર ફટકારી છે. ■

# પૃથ્વી શૉને ડ્રૉપ કર્યો એટલે એ ભાઈ તો રિસાઈ ગયા!

## જાણો, કેમ મુંબઈની આગામી રણજી મૅચ માટેની ટીમમાંથી તેની બાદબાકી કરાઈ?

મુંબઈઃ અજિંક્ય રહાણેના સુકાનમાં રણજી ટ્રોફીમાં મુંબઈએ મહારાષ્ટ્રને નવ વિકેટે હરાવી દીધું ત્યાર બાદ હવે મુંબઈની આગામી મૅચ શનિવારથી ત્રિપુરા સામે રમાવાની છે અને એ માટેની ટીમમાંથી પોતાની બાદબાકી થઈ એ ઓપનિંગ બૅટર પૃથ્વી શૉને નથી ગમ્યું લાગતું એવું એક અહેવાલ પરથી જાણવા મળ્યું છે.

પૃથ્વી શૉ આગામી નવમી નવેમ્બરે પચીસ વર્ષનો થશે. ભારત વતી પાંચ ટેસ્ટ, છ વન-ડે અને એક ટી-૨૦ રમી ચૂકેલો પૃથ્વી રણજી ટ્રોફીની નવી સીઝનની પહેલી બે મૅચના ચાર દાવમાંથી ત્રણ દાવમાં ફ્લૉપ ગયો હતો. એ બે મૅચમાં તેના રન આ મુજબ હતાઃ ૭, ૧૨, ૧ અને અણનમ ૩૯.

ત્રિપુરા સામેની મૅચ માટેની ટીમમાં પૃથ્વીનું નામ કેમ નથી એનું કારણ સત્તાવાર રીતે જાણવા નથી મળ્યું, પરંતુ એક વેબસાઇટના અહેવાલ મુજબ પૃથ્વીને શિસ્ત સંબંધિત બે કારણસર નવી મૅચમાં રમવાનો મોકો નથી મળવાનો.

પૃથ્વી નેટ પ્રૅક્ટિસના સેશનને ગંભીરતાથી નથી લેતો અને તેના શરીરનું વજન પણ ઘણું વધી ગયું છે. આ બે કારણસર પૃથ્વીને ત્રિપુરા સામેની મૅચમાં નહીં રમાડવામાં આવે એવું અહેવાલમાં જણાવાયું હતું.

પૃથ્વીએ આ બાદબાકી જાણે પોતાને ન ગમી હોય એવા સંકેત સાથે ઇન્સ્ટાગ્રામ હૅન્ડલ પરની પોસ્ટમાં ચાર શબ્દમાં પ્રતિક્રિયા વ્યક્ત કરી છે. તેણે સ્માઇલિંગ ઇમોજી સાથે લખ્યું છે, 'બ્રેકની જરૂર છે, આભાર.'

જોકે કેટલાક અહેવાલો મુજબ પૃથ્વીને પડતો મૂકવામાં આવ્યો હોવાના સૌથી પહેલા અહેવાલો જાહેર કરાયા એ પહેલાં જ પૃથ્વીની પોસ્ટ જાહેર થઈ હતી.

કહેવાય છે કે પૃથ્વીને વજન ઘટાડવાનું કહેવાયું છે અને એ માટે તેને મુંબઈ ક્રિકેટ ઍસોસિયેશન (એમસીએ)ના ટ્રેઇનર્સ દ્વારા તૈયાર કરવામાં આવેલા બે અઠવાડિયાના ફિટનેસ પ્રોગ્રામને અનુસરવાનું કહેવામાં આવ્યું છે. ટીમ મૅનેજમેન્ટે એમસીએને જણાવ્યું છે કે પૃથ્વીના શરીરમાં ૩૫ ટકા ચરબી છે.

### મુંબઈની ટીમઃ

રહાણે (કૅપ્ટન), આયુષ મ્હાત્રે, રઘુવંશી, હર્વાડકર, શ્રેયસ, સિદ્ધેશ લાડ, સૂર્યાંશ શેડગે, હાર્દિક તમોરે (વિકેટકીપર), સિદ્ધાંત અદ્ધતરાવ (વિકેટકીપર), મુલાની, કર્ષ કોઠારી, હિમાંશુ સિંહ, શાર્દુલ, અવસ્થી, જુનેદ ખાન અને રૉયસ્ટન ડાયસ.

ટીમ મૅનેજમેન્ટમાં કૅપ્ટન અજિંક્ય રહાણે અને હેડ-કોચ ઓમકાર સાળવીનો સમાવેશ છે. તેઓ તેમ જ સિલેક્ટરોનું કહેવું છે કે પૃથ્વી નેટ પ્રૅક્ટિસ સેશનને સિરિયસલી નથી લેતો.

શાનદાર આંતરરાષ્ટ્રીય કારકિર્દી ધરાવતો મુંબઈનો કૅપ્ટન રહાણે તેમ જ બીજા બે સિનિયર પ્લેયરો શ્રેયસ ઐયર તથા શાર્દુલ ઠાકુર સતતપણે નેટમાં પ્રૅક્ટિસ કરતા હોય છે, પરંતુ પૃથ્વીએ કેટલાક સેશનમાં હાજરી ન આપી હોવાનું મનાય છે અને જ્યારે સેશનમાં આવતો હોય છે ત્યારે એને હળવાશથી લેતો હોય છે તેમ જ બહુ જલદી આઉટ થઈ જતો હોય છે.

પૃથ્વી શૉ અને સચિન તેન્ડુલકર માત્ર એવા બે બૅટર છે જેમણે રણજી ટ્રોફી તથા દુલીપ ટ્રોફીના ડેબ્યૂમાં સદી ફટકારી હતી. સૌથી યુવાન વયે ટેસ્ટના ડેબ્યૂમાં સદી ફટકારવાનો રેકૉર્ડ પણ તેના નામે છે. પૃથ્વીની ટૅલન્ટ બાબતમાં કોઈ જ શક નથી, પરંતુ તેને ઈજાઓ નડી છે તેમ જ તેના કેટલાક ઑફ-ધ-ફીલ્ડ કિસ્સા ચર્ચાસ્પદ બન્યા છે. ઑક્ટોબર, ૨૦૧૮ પછી તે ટેસ્ટ નથી રમ્યો. આઇપીએલમાં તે દિલ્હી કૅપિટલ્સ વતી રમે છે, પણ ૨૦૨૪ની સીઝનમાં તેને કેટલીક મૅચોમાંથી પડતો મૂકવામાં આવ્યો હતો. એવું મનાય છે કે ૨૦૨૫ની સીઝન માટે પૃથ્વીને રીટેન નહીં કરવામાં આવે. ■

# જુઓ તો ખરા, પાકિસ્તાનમાં ફેક્ટરીના પંખા ગોઠવી દેવાયા પિચ પર...

## ટીમ મૅનેજમેન્ટ ત્રીજી ટેસ્ટની પિચને સ્પિનર-ફ્રેન્ડ્લી બનાવવા માગે છે

રાવલપિંડીઃ પાકિસ્તાન મુલતાનમાં ઇંગ્લેન્ડ સામે સીરિઝની બીજી ટેસ્ટ માત્ર બે સ્પિનરના તરખાટથી (૧૫૨ રનના તોતિંગ તફાવતથી) જીતી ગયું એટલે એ વિજયથી પ્રેરાઈને પાકિસ્તાને ગુરુવાર, ૨૪મી ઓક્ટોબરે શરૂ થનારી નિર્ણાયક ટેસ્ટ માટે વિચિત્ર અખતરો અજમાવ્યો છે.

રાવલપિંડીની પિચ પણ સ્પિનર્સને માફક આવે એ હેતુથી એને બને એટલી સૂકી કરવા ઔદ્યોગિક સ્થળે વપરાતા મોટા પંખા પિચ પર ગોઠવી દેવાયા છે.



ઇંગ્લેન્ડે પ્રથમ ટેસ્ટ એક ઇનિંગ્સથી જીતી લીધી હતી. જોકે, પાકિસ્તાને બીજી ટેસ્ટ જીતીને સિરીઝ ૧-૧ની બરાબરીમાં લાવી દીધી હતી અને એ વિજય બે સ્પિનર (નોમાન અલી તથા સાજિદ ખાન)એ અપાવ્યો હતો. એ બીજી મેચમાં બ્રિટિશ ટીમની તમામ ૨૦ વિકેટ આ બન્ને સ્પિનરે લીધી હતી.

બેટર્સને સૌથી માફક આવતી વિશ્વની સૌથી ફલેટ પિચોમાં રાવલપિંડીની પિચનું નામ અચૂક લેવાય છે. આ પિચ પર પુષ્કળ રન તો સંભવ છે જ, એના પર સ્પિનરને બહુ મદદ નથી મળતી.

એ જોતાં પિચને ખૂબ ડ્રાય બનાવવા સત્તાધીશો એના પર તોતિંગ પંખા તેમ જ હીટરનો ઉપયોગ કરી રહ્યા છે કે જેથી પાકિસ્તાનના બેઉ સ્પિનર ફરી ઇંગ્લેન્ડને ભારે પડે.

રવિવારે મેદાનના માળીઓએ ત્રણ હીટર અને પિચના બન્ને છેડે એક-એક ઇન્ડસ્ટ્રિયલ ફેન ગોઠવી દીધા હતા અને એની મદદથી (ગરમાટાથી તેમ જ હવાથી) પિચને સૂકી કરવાની શરૂઆત કરી દીધી હતી.

અહીં ખાસ ઉલ્લેખનીય છે કે આ સિરીઝમાં સૌથી વધુ ૧૪ વિકેટ ઇંગ્લેન્ડના સ્પિનર જેક લીચના નામે છે. સૌથી વધુ ૩૪૨ રન ઇંગ્લેન્ડના હેરી બ્રુકે બનાવ્યા છે. ■

# ગાવસકરે આઈપીએલને ગણાવી જવાબદાર, એશિયન સ્પર્ધા પ્રત્યે પણ અણગમો બતાવ્યો

મુંબઈઃ એક તરફ ભારતીય ખેલાડીઓ ન્યૂ ઝીલૅન્ડ સામેની ટેસ્ટ-સિરીઝમાં વ્યસ્ત છે ત્યાં બીજી બાજુ ડોમેસ્ટિક ક્રિકેટની પ્રતિષ્ઠિત રણજી ટ્રોફી ટૂર્નામેન્ટ ચાલી રહી છે. ભારતના મોટા ભાગના ખેલાડીઓ ટેસ્ટ-સિરીઝમાં બિઝી છે, પરંતુ અમુક ખેલાડીઓ રણજી ટ્રોફીને બદલે ઓમાનમાં ચાલી રહેલા ઇમર્જિંગ એશિયા કપમાં ભાગ લઈ રહ્યા છે. મહાન ક્રિકેટર સુનીલ ગાવસકર આ બાબતથી ખફા છે. તેમણે એક રીતે આઇપીએલને કારણરૂપ ગણાવી છે.

સનીનું માનવું છે કે ખેલાડીઓ જો પોતાની સ્ટેટ ટીમને બદલે અન્ય જ કોઈ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા માંડે તો રણજી ટ્રોફી જેવી ઘરઆંગણાની ડોમેસ્ટિક સ્પર્ધાનું મહત્ત્વ ઘટી જાય.

રણજી ટ્રોફીની નવી સીઝન ૧૧મી ઑક્ટોબરે શરૂ થઈ ચૂકી છે અને બે રાઉન્ડ થઈ ગયા છે. અમુક ખેલાડીઓ આ સ્પર્ધા છોડીને ઇમર્જિંગ એશિયા કપમાં ઇન્ડિયા-એ વતી રમે છે. ગાવસકરે કહ્યું છે, 'રણજી ટ્રોફીની સીઝન શરૂ થઈ ગઈ છે, પણ જો ખેલાડીઓ એમાં રમવાને બદલે બીજી જ કોઈ ટૂર્નામેન્ટમાં રમવા માંડે તો રાષ્ટ્રીય સ્પર્ધાનું મહત્ત્વ ઘટી જાય.'

ગાવસકરે એક કૉલમમાં એવું પણ લખ્યું છે કે 'આવતા મહિને ઑસ્ટ્રેલિયામાં ભારતની પાંચ ટેસ્ટ રમાવાની છે. એ પહેલાં, સાઉથ આફ્રિકામાં ચાર ટી-૨૦ મૅચ રમાશે. ઑસ્ટ્રેલિયામાં ઇન્ડિયા-એ ટીમની પણ ટૂર્નામેન્ટ રમાશે. પરિણામે, આ સમયગાળા દરમ્યાન ૫૦થી ૬૦ ખેલાડીઓ રણજી ટ્રોફીમાં પોતાની સ્ટેટ ટીમ વતી ઉપલબ્ધ નહીં રહે. એ જોતાં એમાંના ખેલાડીઓએ શક્ય હોય તો હાલમાં રણજી મૅચોમાં રમવું જોઈએ.'

ગાવસકરે એવું પણ જણાવ્યું છે કે 'જ્યારથી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) શરૂ થઈ છે ત્યારથી રણજી ટ્રોફીને જોઈએ એવું મહત્ત્વ નથી મળતું. કોઈ પણ દેશ પોતાની રાષ્ટ્રીય સ્પર્ધા પ્રત્યે ભારતની જેમ લાપરવાહીનો અભિગમ ન રાખે. શું તમે ક્યારેય ઑસ્ટ્રેલિયા તથા ઇંગ્લૅન્ડને પોતાની ડોમેસ્ટિક સ્પર્ધા દરમ્યાન 'એ' સ્તરની ટૂર આયોજિત કરતા કે એના ખેલાડીઓને અર્થ વગરની ટૂર્નામેન્ટમાં



ભાગ લેતા જોયા છે? જોકે જ્યારથી આઇપીએલ શરૂ થઈ છે ત્યારથી રણજી ટ્રોફીનું મહત્ત્વ ઓસરી ગયેલું જોવા મળ્યું છે.' ■

# આવતી કાલથી બીજી ટેસ્ટ, ભારે રસાકસીની પૂરી સંભાવના

પૂણેઃ મંગળવારે પુણેમાં મહારાષ્ટ્ર ક્રિકેટ ઍસોસિયેશનના મેદાન પર ભારત અને ન્યૂ ઝીલૅન્ડના ખેલાડીઓએ પ્રૅક્ટિસ કરી હતી. ગુરુવારે (આવતી કાલે) સવારે ૯.૩૦ વાગ્યે બીજી ટેસ્ટની શરૂઆત થશે. કિવીઓની ટીમ બેન્ગલૂરુની બહુચર્ચિત ટેસ્ટ જીતી ગયા છે અને ૧-૦થી આગળ છે. ત્રીજી અને છેલ્લી ટેસ્ટ પહેલી નવેમ્બરથી મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાશે.

પહેલી ટેસ્ટના પ્રથમ દાવમાં ભારત ૪૬ રનમાં ઑલઆઉટ થઈ ગયું હતું અને કિવીઓ પછીથી મૅચ જીતી ગયા હતા. ન્યૂ ઝીલૅન્ડની ટીમ ભારતમાં ટેસ્ટ જીતી હોય એવું (૧૯૮૮ બાદ) ૩૬ વર્ષે બન્યું છે. તેમને ભારતમાં કુલ ૧૯ ટેસ્ટ બાદ ફરી જીતવા મળ્યું છે. (પીટીઆઇ) ■





# નેમાર ૩૬૯ દિવસે પાછો મેદાન પર, અલ-હિલાલ ટીમને જિતાડી

અલ એઇનઃ બ્રાઝિલનો નેમાર ઈજામુક્ત થઈને લગભગ એક વર્ષે પાછો રમવા આવ્યો છે અને આવતાવેંત તેણે એશિયન ચૅમ્પિયન્સ લીગમાં અલ-હિલાલ ટીમને વિજય અપાવ્યો હતો.

૩૬૯ દિવસ બાદ ફરી મેદાન પર ઊતરનાર નેમારે યુએઇની અલ એઇન ક્લબની ટીમ સામેની સોમવારની મૅચમાં એકેય ગોલ નહોતો કર્યો, પરંતુ ટીમના કેટલાક ખેલાડીઓને ગોલ કરવામાં તેણે ઘણી મદદ કરી હતી.

અલ-હિલાલ વતી સાલેમ અલ્દાવસરીએ ત્રણ તથા સર્ગેઇ મિલિન્કોવિચે બે ગોલ કર્યા હતા, જ્યારે એક-એક ગોલ રેનાન લૉદી અને અલી અઇબુલાહીએ કર્યો હતો.

નેમારે સાઉદી અરેબિયાની અલ-હિલાલ ટીમ સાથે ઑગસ્ટ, ૨૦૨૩માં કૉન્ટ્રૅક્ટ કર્યો હતો, પણ પગની ઈજા પહેલાં ફક્ત પાંચ મૅચ રમ્યો હતો. ચાર વાર એશિયન ચૅમ્પિયન બની ચૂકેલી અલ-હિલાલ ટીમની સોમવારની મૅચમાં ૧૩ મિનિટ બાકી હતી ત્યારે તેને રમવાનો મોકો મળ્યો હતો અને તેણે પોતાની અસર બતાવી હતી.



મંગળવારની અલ-નાસર ટીમની ઇરાની ટીમ એસ્ટગલાલ સામેની મૅચ અસલામતીના કારણસર તેહરાનમાંથી રદ કરીને દુબઈમાં રાખવામાં આવી હતી. ઇરાનની ઇઝરાયલ સાથેની યુદ્ધ જેવી સ્થિતિને નજર સમક્ષ રાખીને અને ખેલાડીઓની સલામતીને ધ્યાનમાં લઈને આ પગલું ભરવામાં આવ્યું હતું. ■



રાજકોટમાં હેલ્મેટ ડ્રાઈવના બીજા દિવસે હેલ્મેટ ના પહેર્યું હોય તે વાહનચાલકો સામે પોલીસે કડક હાથે કાર્યવાહી કરી હતી, અનેક લોકો દંડાયા હતા. (તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ.)

# મુંદરાના ચકચારી કસ્ટોડિયલ ડેથ કેસમાં ગ્રામરક્ષક દળના જવાનને હાઈ કોર્ટે જામીન આપ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: રાષ્ટ્રીય સ્તરે ચર્ચાસ્પદ બનેલા કચ્છના બંદરીય મથક એવા મુંદરાના પોલીસમથકના જાન્યુઆરી ૨૦૨૧ના કસ્ટોડિયલ ડેથના ગુનામાં ગુજરાત હાઈ કોર્ટે હવે ગ્રામરક્ષક દળના જવાનને જામીન પર મુક્ત કરવા હુકમ કર્યો હતો.

ઘરફોડ ચોરીના કથિત બનાવ અંતર્ગત મુંદરા પોલીસના ડી સ્ટાફે ત્રણ ગઢવી યુવકોને વારાફરતી ઉપાડીને તેમના પર કસ્ટડીમાં અમાનુષી ત્રાસ ગુજારતાં બે યુવકોનાં મૃત્યુ નીપજ્યાં હતાં.

આ ચકચારી ગુનામાં મુંદરાના પાંચ પોલીસ કોન્સ્ટેબલ, જી.આર.ડી. જવાન, પી.આઈ, સમાઘોઘા ગામના સરપંચ જયવીરસિંહ, સ્થાનિક આગેવાન નરવીરસિંહ સરવૈયાની વારાફરતી ધરપકડ કરવામાં આવી હતી.

કસ્ટોડિયલ ડેથ પ્રકરણમાં ૨૫મી જાન્યુઆરી,૨૦૨૧થી જેલમાં બંધ ગ્રામરક્ષક દળના જવાન વિરલ ઉર્ફે મારાજ જીતેન્દ્ર જોશીએ હાઈ કોર્ટમાં દાખલ કરેલી જામીન અરજીને ગ્રાહ્ય રાખીને જસ્ટિસ હસમુખ સુથારે તેને મુક્ત કરવા હુકમ કર્યો હતો.

નોંધનીય છે કે, આ અગાઉ ગત ૧૫મી ઓક્ટોબરે કેસના સહઆરોપી શંભુ દેવરાજ જરુને પણ સુપ્રીમ કોર્ટમાં કરેલી અરજીને ગ્રાહ્ય રાખીને તેને જામીન પર મુક્ત કર્યો તેની અરજીને આધાર બનાવીને વિરલ જોશીના વકીલોએ કોર્ટમાં દલીલ કરી હતી કે ગુનામાં શંભુ કરતાં વિરલ જોશીની ભૂમિકા ઓછી ગંભીર છે. કેસની તપાસ પૂરી થઈ ગઈ છે.

કોર્ટે પણ બંને પક્ષની દલીલો અને રેકર્ડ જોઈને જણાવ્યું કે ૧૯૭ સાક્ષીઓમાંથી મોટાભાગનાની જુબાની લેવાઈ ગઈ છે, આરોપીનો કોઈ ગુનાહિત ભૂતકાળ નથી. પેરીટીના આધાર પર જામીન મેળવવા હક્કદાર છે.

કોર્ટે વ્યક્તિગત સ્વતંત્રના બંધારણીય અધિકારને આધાર બનાવી 'જામીન એ નિયમ છે અને જેલ એ અપવાદ છે'ની ઉક્તિ ટાંકીને જામીન પર છોડવા હુકમ કર્યો હતો.

કોર્ટની મુદત અને દર મહિને મુંદરા પોલીસ સ્ટેશનમાં એક વખત હાજરી પૂરાવવા સિવાય ભુજ અને મુંદરામાં નહીં પ્રવેશવાની કોર્ટે શરત પણ રાખવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. ■

# ૨૦ દિવસથી લાપતા બનેલા ૧૩ વર્ષના બાળકને પોલીસે એક ઈન્સ્ટા. રીલના આધારે ખોળી કાઢ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગાગોદર પોલીસે ઈન્સ્ટાગ્રામ રીલના આધારે ૨૦ દિવસથી ભેદી સંજોગોમાં લાપતા બનેલા ૧૩ વર્ષના કિશોરવયના બાળકને શોધી કાઢીને તેના વાલીને સુપ્રત કર્યો હતો.

ગાગોદર પોલીસના જણાવ્યા અનુસાર, રાયમલ વાંઢમાં રહેનારા ઈશ્વર કોલીએ ગત ૧૭ ઓક્ટોબરે પોલીસ મથકે આવીને ફરિયાદ નોંધાવી હતી કે તેમનો ૧૩ વર્ષનો પુત્ર અને તેમના ગામનો ૧૮ વર્ષનો તુલસી નામનો યુવાન ૧લી ઓક્ટોબરથી લાપતા બન્યા હતા. તેમના બીમાર પુત્રની સરકારી દવાખાને દવા લઈ ઘરે પરત ફરતી વખતે રસ્તા પર આવેલી મિત્રની ચાની હોટેલમાં પુત્રને બેસાડીને પોતે ખેતરે મજૂરી કરવા ગયો હતો. ત્યારબાદ આ ચાની હોટેલ પર આવેલો તુલસી કોલી તેમના પુત્રને હોટેલથી લઈ નીકળી ગયો ત્યારથી તેઓ ગુમ હોવાનું ફરિયાદમાં તેમણે ઉમેર્યું હતું.

બનાવને ગંભીરતાથી લઇ, તપાસમાં જોતરાયેલી પોલીસને બંને જણ ગાંધીધામ તરફ હોવાનો ઇનપુટ મળ્યો હતો. ગુમશુદા કિશોર ઈન્સ્ટાગ્રામ પર અવારનવાર રીલ્સ બનાવીને અપલોડ કરતો હોવાનું જાણવા મળ્યા બાદ પોલીસને એક ઈન્સ્ટા. આઈડીમાં જોવા મળેલી રીલમાં તે ત્રણ માળની કોઈ ઈમારતની ઉપર હોવાનું અને નીચે 'મુકેશ ગેસ્ટહાઉસ' લખેલું પાટિયું હોવાનું જોવા મળ્યું હતું.

તુલસી અગાઉ ગાંધીધામની ઈલાઈટ હોટેલમાં નોકરી કરતો હતો અને આ રીલ હોટેલના ત્રીજા માળેથી જ રેકોર્ડ કરવામાં આવી હતી. પોલીસે ઈલાઈટ હોટેલમાં જઈ તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે ૧લી ઓક્ટોબરના રોજ તુલસી ૧૩ વર્ષના કિશોરને લઈને એ હોટેલમાં નોકરી કરવા આવ્યો હતો પરંતુ કિશોરની વય નાની હોઈ તેને નોકરીએ રાખવાની હોટલ મેનેજમેન્ટ દ્વારા ના પાડી દેવામાં આવી હતી. બે દિવસ નોકરી કરીને તુલસી કિશોરને લઈ ટ્રેનમાં બેસી અમદાવાદ નરોડા પાટિયા લઈ ગયો હતો. અહીં એક હોટેલમાં અગાઉ તુલસીએ કામ કર્યું હતું જો કે, અહીંથી પણ નિરાશા સાંપડતા બંને જણ થાકી-હારીને ફરી ગાંધીધામ આવ્યાં હતાં.

બંનેની હિલચાલને સતત ટ્રેક કરી રહેલી પોલીસે બંનેને ગાંધીધામ બસ સ્ટેશનથી દબોચી લઈ પરત તેમના વાલીઓને સુપરત કરી દીધાં હોવાનું અને તુલસી નામનો યુવક ૧૩ વર્ષના કિશોરને નોકરી અપાવવાની લાલચે પોતાની સાથે લઇ ગયો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હોવાનું ગાગોદર પોલીસ મથકના પી.આઈ. વી.એ. શેંગલે જણાવ્યું હતું. ■



રાજકોટ માર્કેટયાર્ડમાં તારીખ ૨૨.૧૦.૨૦૨૪ ના રોજ મગફળી આવક ૫૫૦૦૦ ગુણી તથા કપાસની આવક ૧૪૦૦૦ ભારી અને અન્ય જણસીઓ ભરેલા વાહનોને માર્કેટયાર્ડમાં ક્રમવાર પ્રવેશ આપી ઉતરાઈ કરાવવામાં આવી હતી. રાજકોટ માર્કેટયાર્ડના વહીવટકર્તાઓ દ્વારા આ ઉતરાઈની વ્યવસ્થા કરવામાં આવી હતી. (તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ.)



રાજકોટના વોર્ડ નંબર ૧૨ ના કોર્પોરેટર મગનભાઈ સોરઠિયાએ હેલ્મેટ નહોતું પહેર્યું જેથી ટ્રાફિક પોલીસે તેમને રૂ. ૫૦૦નો દંડ કર્યો હતો. (તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ.)

# વીજ તસ્કરોની દિવાળી બગડી: પૂર્વ કચ્છમાંથી ૨.૩૨ કરોડની વીજચોરી પકડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સૌરાષ્ટ્ર અને કચ્છમાં ફાવી ગયેલા વીજતસ્કરો પર તવાઈ બોલાવવા માટે શરૂ કરવામાં આવેલી ખાસ કાર્યવાહી અંતર્ગત પોલીસ કાફલાને સાથે રાખી પશ્ચિમ ગુજરાત વીજ કંપનીની ૨૭ જેટલી ટુકડીઓ દ્વારા પૂર્વ કચ્છના તમામ ચાર તાલુકાઓમાં હાથ ધરેલા સઘન ચેકિંગમાં ૨૨૨ જેટલા વીજ જોડાણોમાં ગેરરીતિ સામે આવી હતી.

આ અંગે પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના જનસંપર્ક અધિકારીના જણાવ્યા મુજબ, પૂર્વ કચ્છ જિલ્લાની અંજાર, ગાંધીધામ અને ભચાઉ વિભાગીય કચેરી હેઠળની પેટાવિભાગીય કચેરીઓ હેઠળના વિવિધ વિસ્તારોમાં એસ.આર.પી. સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત હેઠળ ઈજનેરોની કુલ ૨૭ જેટલી વીજચેકિંગ ટીમો દ્વારા રહેણાક, વાણિજ્યિક, ખેતીવાડી વગેરે મળીને કુલ ૧૫૪૧ જેટલાં વીજજોડાણો ચકાસવામાં આવ્યાં હતાં, જે પૈકી ૨૨૨ વીજજોડાણમાં જુદા-જુદા પ્રકારની ગેરરીતિ માલૂમ પડી હતી. આ કાર્યવાહી દરમ્યાન અંદાજિત રૂ.૨.૩૨ કરોડની દંડનીય આકારણીનાં બિલ ફટકારવામાં આવ્યાં હતાં, જેમાં અંજાર અને ભચાઉ શહેરના વિવિધ વિસ્તારોમાં તેમજ ચાંદરાણી, ખંભરા, ખારા પસવારિયા, વિડી, સંઘડ, તુણા,કિડાણા, મીઠીરોહર, લાકડિયા અને કુડા ગામોમાં સૌથી વધુ વીજચોરી પકડવામાં આવતાં વીજતસ્કરોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. આગામી સમયમાં આ પ્રકારની કાર્યવાહી વધુ વેગવાન કરવામાં આવશે તેમ તેમણે ઉમેર્યું હતું. ■

# રાજકોટમાં ૩૭ લાખમાંથી માત્ર ૫ લાખ રેશનકાર્ડ ધારકોએ ઇ-કેવાયસીની પ્રક્રિયા પૂર્ણ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્ર સરકાર દ્વારા તમામ રાજ્યોમાં રેશનકાર્ડ ધારકો માટે ઇ-કેવાયસી ફરજિયાત કરવામાં આવી છે.નિયમ પ્રમાણે જો રેશનકાર્ડ ધારકો ઇ-કેવાયસી ૩૧ ડિસેમ્બર પહેલા પૂર્ણ નહીં કરે તો તેમને ચોખા અને ખાંડ મળવાનું બંધ થઈ જશે. હાલમાં રાજકોટના ૩૭ લાખ રેશનકાર્ડ ધારકોમાંથી માત્ર પાંચ લાખ જેટલા જ લોકો દ્વારા ઇ-કેવાયસીની પ્રક્રિયા પૂર્ણ કરાઈ હતી.

રાજકોટમાં રાજકોટની જૂની કલેકટર કચેરી અને અન્ય વિવિધ પુરવઠા કચેરી ખાતે ઇ-કેવાયસી માટે આવેલા લોકોની વહેલી સવારથી જ લાંબી લાઈનો લાગી હતી. ઓનલાઇન સર્વર ડાઉન હોવાના કારણે લોકોને કચેરી ખાતે ધક્કા ખાવાનો વારો આવ્યો હતો.

કચેરી ખાતે પણ સર્વર ડાઉન હોવાના કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જેથી લોકોમાં પણ માગ ઊઠી હતી કે, સરળતાથી કામ પૂરું થાય માટે ઇ-કેવાયસીના વધારાના ટેબલો ફાળવવામાં આવે.

પુરવઠા વિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે અનુસાર, રાજકોટ શહેર અને જિલ્લામાં ૧૦ લાખ રેશનકાર્ડ ધારકો છે. જેમાં હાલ ૫ લાખ જેટલા લોકોની ઇ-કેવાયસીની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. હાલ રાજ્ય સરકારમાંથી સૌથી પહેલા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ માટેની ઇ- કેવાયસીની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી છે. ■

# વિદ્યાર્થી સ્કૂલે જવા જે બસમાં અપડાઉન કરતો એ જ બસનું આબેહૂબ મોડેલ બનાવ્યું



(તસવીર- ઉત્સવ વૈદ્ય)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગુજરાતના સરહદી વિસ્તાર ગણાતા કચ્છના રાપર ખાતે એસટી બસમાં બેસીને દરરોજ શાળાએ જવા મુસાફરી કરનારા એક વિદ્યાર્થીએ એ જ એસ.ટી. બસનું આબેહૂબ 'મિનિએચર' મોડલ બનાવી રાપર ડેપોને ભેટ આપતાં ભાવવિભોર બનેલા એસ.ટી.ના ડેપો મેનેજર અને કર્મચારીઓએ વિદ્યાર્થીનો દિલથી આભાર વ્યક્ત કર્યો હતો.

રાપરથી આણંદ ઉપડતી સવારની એસ.ટી બસમાં દરરોજ અપડાઉન કરનારા અને વાહનોના મિનિએચર મોડેલ બનાવવાનો શોખ ધરાવતા ધો.૧૨ના વિદ્યાર્થી ઈરફાન અનવર મીરે જણાવ્યું હતું કે, પોતે જે બસમાં અપ ડાઉન કરે છે તે બસના તેણે બનાવેલા બે ફૂટ લાંબા આબેહૂબ મોડલમાં ૫૨ સીટો, ડેશબોર્ડ, લોગો, અંદર લાઇટિંગ, કેરિયર સહિત આગળ અને પાછળ વર્કિંગ સાઈડ સિગ્નલ અને હેડલાઇટ, દરવાજો ખૂલે તો ઘંટડીના અવાજ સાથે લાઈટ ચાલુ થાય છે. આ અદભુત મિની બસને બનાવતાં લગભગ ત્રણ મહિનાનો સમય લાગ્યો હતો તેમ આ રીક્ષા ચાલકના પુત્રએ ઉમેર્યું હતું. ■

# રાજકોટમાં ટ્રાફિક પોલીસે ચાલુ વર્ષે ૨ લાખ વાહનચાલકોને પાંચ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ટ્રાફિક નિયંત્રણ અને વાહન અકસ્માત નિવારણ અર્થે રાજકોટ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાના અધ્યક્ષસ્થાને રાજકોટ શહેર રોડ સેફ્ટી કમિટીની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં છેલ્લા એક વર્ષમાં થયેલ અકસ્માત બનાવ અંગે સમીક્ષા કરવામાં હતી. જેમાં વર્ષ ૨૦૨૩માં કુલ ૧૬૯ અકસ્માત મોતની સામે વર્ષ ૨૦૨૪માં ૧૧૫ ફેટલ થયા હોવાનું એટલે કે ૧૪ ટકાનો ઘટાડો નોંધાયો છે. પોલીસે ચાલુ વર્ષે ટ્રાફિક નિયમોનો ભંગ કરનાર ૨ લાખ વાહનચાલકોને ૫ કરોડનો દંડ ફટકાર્યો હતો.

આ બેઠકમાં રાજકોટ શહેર તેમજ શહેરને જોડતા હાઈવે પરના બ્લેક સ્પોટ પર વાહન અકસ્માતનું પ્રમાણ ઘટે તે માટે રોડ એન્જિનિયરિંગ અને ટ્રાફિક મેનેજમેન્ટ અર્થે ત્વરિત કામગીરી કરવા સંલગ્ન વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી.

ટ્રાફિક ડીસીપી પૂજા યાદવે રાજકોટમાં રોડ અકસ્માત અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૩માં કુલ ૧૬૯ ફેટલ અકસ્માત સામે વર્ષ ૨૦૨૪માં ૧૧૫ જેટલા અકસ્માત થયા છે. એટલે કે ૧૪ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે.

જ્યારે ગંભીર અકસ્માતમાં વર્ષ ૨૦૨૩માં ૨૨૪ની સામે ૧૪૯ જેટલા કેસ નોંધતા ૧૫ ટકા જેટલો ઘટાડો થયો છે.

રાજકોટની ટ્રાફિક શાખા દ્વારા વર્ષ ૨૦૨૪ દરમિયાન બ્લેક સ્પોટ પોઈન્ટ ડ્રાઈવનું આયોજન કરી હેલ્મેટ, ઓવરસ્પીડ, સીટ બેલ્ટ, કાળા કાચ વાળા જેવા ગુનાઓ આચરતા વાહનચાલકો વિરુદ્ધ ૨૦૨૪ દમિયાન કુલ ૨૬,૨૬૯ કેસ કરી રૂ. ૧.૪ કરોડનો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. જ્યારે ટ્રાફિક પોલીસ વિભાગ દ્વારા લાઇસન્સ, બ્લેક ફિલ્મ, સીટ બેલ્ટ, મોબાઈલ ફોન પર વાત કરતા સહિતના ૨ લાખથી વધુ કેસ કરી રૂ.૫ કરોડથી વધુની રકમનો દંડ કરવામાં આવ્યો હતો. ■



હેલ્મેટ પહેરવાનો ફરજિયાત કરવાનો પરિપત્ર કરાયા બાદ આજે ભાવનગર શહેરમાં ટ્રાફિક પોલીસ અને આરટીઓ દ્વારા કાળિયાબીડ પાણીની ટાંકી પાસે હેલ્મેટ ડ્રાઈવ કરવામાં આવી હતી અને વાહન ચાલકોને દંડિત કરવામાં આવ્યા હતા. શહેરી વિસ્તારમાં ફરી ફરજિયાત હેલ્મેટના ચેકિંગથી વાહનચાલકોમાં નારાજગી જોવા મળી હતી. પોલીસે હેલ્મેટ પહેરનારાઓનું સન્માન પણ કર્યું હતું. (તસવીર-વિપુલ હિરાણી, ભાવનગર)

# ભાવનગરમાં વિદ્યાર્થીઓ માટે યોજાયેલો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વર્કશોપ સંપન્ન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: વિજ્ઞાનના શિક્ષણને પ્રોત્સાહિત કરવા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના ઉભરતા ક્ષેત્રના જ્ઞાનને શાળાના વિદ્યાર્થીઓમાં ફેલાવવા માટે, આરએસસી ભાવનગર ખાતે ગુજકોસ્ટ ગાંધીનગર દ્વારા નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેક્નોલોજી કોમ્યુનિકેશન, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ભારત સરકાર પ્રેરિત, શાળાના વિદ્યાર્થીઓ માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ પર પાંચ દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.આ વર્કશોપમાં સમગ્ર ગુજરાતના ૧૪ જિલ્લામાંથી ધો.૮ થી ૧૨ના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.



(તસવીર-વિપુલ હિરાણી)

આ વર્કશોપ દરમિયાન ગવર્મેન્ટ એન્જિનિયરિંગ કોલેજ ભાવનગર,ધીરુભાઇ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી ગાંધીનગર, ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી વડોદરા, બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય આણંદ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાંથી નિષ્ણાતોએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો શિક્ષણમાં ઉપયોગ, હેલ્થકેરમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, એઆઈની એપ્લિકેશન, હેન્ડસઓન રોબોટિક્સ વર્કશોપ, પાયથોન પ્રોગ્રામિંગ, સાયબર સિક્યુરિટી વગેરે જેવા વિષયો પર સેશન્સ લીધા હતા. જેમાં બાળકોને ખૂબ નવું જાણવા તથા શીખવા મળ્યું હતું.

વર્કશોપના સમાપન સમારોહમાં નાયબ પોલીસ અધિક્ષક મનીષ ઠાકરે બાળકોને સાયબર સિક્યુરિટી અંગે માહિતી આપી હતી. બાળકોને સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કર્યાં હતાં. રીજીયોનલ સાયન્સ સેન્ટર ભાવનગર ખાતેનો આ વર્કશોપ ખૂબ જ સફળ રહ્યો હતો. વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન રિજિયોનલ સાયન્સ સેન્ટર ભાવનગરના પ્રોજેક્ટ ડાયરેક્ટર ડો. ગિરીશ ગોસ્વામીની દેખરેખ હેઠળ કરવામાં આવ્યું હતું. ■

# ભાવનગરમાં નશો કરવા માટે પૈસા આપવાની ના કહેતા યુવાનને છરીના ઘા ઝીંક્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: સાંઢીયાવાડ વિસ્તારમાં દારૂ પીવા માટે પૈસા આપવાની ના કહેતા ઉશ્કેરાઈ ગયેલા શખ્સે યુવાનને છરીના ઘા ઝીંકી ઇજા પહોંચાડતા ગંગાજળિયા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરના સાંઢીયાવાડ રૂવાપરી રોડ સ્થિત સંચિત નિવાસમાં રહેતા આદિલ પરવેઝભાઈ મુલતાની સોમવારે રાત્રે સાંઢીયાવાડના નાકા ઉપર સ્થિત સુપર સોડાની બાજુમાં ઊભા રહી તેમની પાસે રહેલી રોકડ રકમ ગણતા હતા તે દરમિયાન સાંઢીયાવાડમાં રહેતો અદનાનમિયા જાફરમીયા સૈયદ ત્યાં આવ્યો હતો અને નશો કરવા માટે પૈસા માગ્યા હતા.

આદિલભાઈએ પૈસા આપવાની ના કહેતા ઉશ્કેરાઈ ગયેલા અદનાનમિયાએ તેમને છરીના બે ઘા ઝીંકી દીધા હતા. ઇજાગ્રસ્ત આદિલભાઈને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવતા તેમણે અદનાનમિયા જાફરમીયા સૈયદ વિરુદ્ધ ગંગાજળિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદ લઈ વધુ તપાસ હાથ ધરી છે. ■

# ભાવનગરમાં ડમ્પરનું ટાયર ફરી વળતાં સાઈકલ સવાર આધેડનું મોત

ભાવનગર: શહેરના રૂવાપરી ચોક પાસે ડમ્પરના ચાલકે સાઈકલ સવાર આધેડને અડફેટે લેતા તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે ડમ્પરના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી ઘોઘારોડ પોલીસે તપાસ હાથ ધરી છે. ભાવનગરના કરચલીયાપરા પોપટનગરમાં રહેતા અને છૂટક મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા મંગાભાઈ બારૈયા સાઇકલ લઈને નવા બંદરથી ઘરે જઈ રહ્યા હતા. ત્યારે રૂવાપરી ચોકમાં પૂરપાટ ઝડપે આવી રહેલા ડમ્પર ચાલકે સાઇકલને અડફેટે લેતા મંગાભાઈના ડાબા હાથ તથા પગ ઉપર ડમ્પરનું વ્હિલ ફરી વળતા મંગાભાઈનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે મુકેશભાઈ મંગાભાઈ બારૈયાએ ડમ્પરના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા ઘોઘારોડ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ■